
RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 4, Year: 71, July, 2024, Pages: 52, Price Rs. 7.00



।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઇ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૧૦ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૪) સુધીમાં ૨૫૪૯૯ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ (બાર મહિના) માં ટોટલ ૪૪૯૩ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઇ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

# શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દીપચંદ તુરખીયા

**સુરેન્દ્રનગર નિવાસી - હાલ અંધેરી**

**દ્વારા**

**ઝાલાવાડી સભાની ઓફીસ માટે**

# રૂા. એક કરોડનું અનુદાન








**શ્રી મહેન્દ્રભાઈ દીપચંદ તુરખીયા** **શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા**

સમાજ શ્રેષ્ઠી ઉમદા દાનવીર **શ્રી મહેન્દ્રભાઈ દીપચંદ તુરખીયાએ** સમાજ હિતાર્થે દાનની સરવાણી વહેવાવી ઉમદા યોગદાન આપતા રહયાં છે. તેઓની ઉદારતાએ સમાજમાં સેવાનાં સતકાર્યો સફળતા સાથે પરિપૂર્ણ થતા હોય છે. શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા એક સફળ ચાર્ટડ એકાઉટન્ટ તરીકે સમાજમાં ખુબ જ જાણીતું નામ છે. તેઓનાં **ધર્મ પત્ની શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા** એડવોકેટ છે. આ સમગ્ર પરિવાર એક વેલ એજ્યુકેટેડ પરિવાર રહ્યો છે.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ સ્થિત ઓફીસ માટે શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાએ રૂપિયા એક કરોડનું માતબર રકમનું યોગદાન આપેલ છે.** તેઓની ઉદારતા માટે ઝાલાવાડી સભા તેઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.



**ઝાલાવાડી સભા તેમના બહુમુલ્ય અનુદાનની ભાવભરી અનુમોદના કરે છે.**



Advt.

## BIO - DATA



# Parth Sanghvi

## Personal

| | | |
|---|---|---|
| Date of Birth | : | 19th May 1997 \| 4:25 PM |
| Place of Birth | : | Mumbai |
| Height | : | 5'9" |
| Hobbies & Interests | : | Listening Music \| Travel<br>Arts and Crafts \| Games |
| Cast | : | Zalawadi Visashrimali Sthanakvasi Jain |
| Native Place | : | Dhrangadhra<br>District : Surendranagar |

sanghvi190597@gmail.com    Kandivli (West) - Mumbai

## Academic Background

| | | |
|---|---|---|
| Education | : | Chartered Accountant |
| | : | Bachelor of Commerce (Narsee Monjee College of Commerce & Economics) |
| Profession | : | Assistant Manager at PwC India (Assurance), Mumbai |

## Family Background

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Rasiklal Bhikhalal Sanghvi |
| Grand Mother | : | Late Ranjanben Rasiklal Sanghvi<br>Native Place : Botad |
| Father | : | Bhavesh Rasiklal Sanghvi \| +91 99672 08384 \| +91 96532 66179 |
| Father's Profession | : | Zonal Manager at BVG Industries Pvt. Ltd.<br>Sales & Marketing \| Mumbai - Delhi - Bangalore |
| Mother | : | Jigna Bhavesh Sanghvi \| +91 99307 48804 |
| Mother's Profession | : | Home Maker |
| Younger Sister | : | Ujashee Bhavesh Sanghvi \| B.Com. \| Pursuing C.A. |
| Nana | : | Lalitkumar Ramniklal Shah \| +91 70211 14216<br>Native Place : Limbdi |
| Nani | : | Sunitaben Lalitkumar Shah \| Native Place : Sayla |

## Address

| | | |
|---|---|---|
| Current Address | : | A/202, Paras The Golden Touch CHS Ltd. M.G.Road, Opp. RNA Grande, Kandivli (West), Mumbai – 400 067 \| Rental |
| Other Addresses | : | 503, Delphine CHS Ltd., M.G.Road, Opp. UCO Bank, Kandivli (West), Mumbai – 400 067 \| Under redevelopment |

Advt.



**BIO - DATA**

# Drishti Kumar Shah

Dad: +91 9820663663
Mom: +91 9820373339

17th July, 1995

Vashi, Navi Mumbai

Height: 5 ' 3 "

Birth Time: 9:54 am

Birth Place: Matunga, Mumbai

Zalawadi Visa Shrimali Sthanakwasi Jain

## WORK

**Graphic Designer**

Senior Executive

Company: Foxy Moron

(Zoo Media Pvt Ltd)

## EDUCATION

**Diploma in Applied Arts, Sophia Polytech, Mumbai**

(Equivalent to Degree from JJ School of Arts)

**Avalon Heights International School, Navi Mumbai**

## HOBBIES

- Art
- Driving
- Travelling
- Adventure Trekking
- Dancing
- Watching Movies

## FAMILY DETAILS

**FATHER :** Kumar Pramodbhai Shah
Occupation : Share & Stock Broking

**MOTHER :** Dipti Kumar Shah
Occupation : Artist & Art Teacher

**DADA :** Late Shri Pramod Muljibhai Shah
**DADI:** Late Smt Vimla Pramod Shah
Village : Wadhvan - Surendranagar
**(Nathabhavan Kutumb)**

**NANA :** Chunilal Jethalal Gala
**NANI :** Premila Chunilal Gala
Village : Vadala, Kutch

**FATHER'S KAKA :** Kirtibhai Muljibhai Shah
Location : Vidyavihar, Mumbai
Contact : +91 93231 21180

**FOI :** Bela Ashok Vora
Location : Malad, Mumbai
Village : Chuda, Gujarat

**FOI :** Leena Sameer Koticha
Location : Prabhadevi, Mumbai
Village : Junagadh, Gujarat

**KAKA :** Sandip Pramod Shah
Location : Dublin, California, USA

**MAMA :** Shailesh Chunilal Gala
Location : Matunga, Mumbai
Village : Vadala, Kutch

**MASI :** Rasila Ashok Chheda
Location : Vile Parle East, Mumbai
Village : Kandagra, Kutch

Advt.

## BIO DATA

# VATSAL SHAH



**Personal Details:**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 19th November, 1994<br>at 9:03 PM in Mumbai. |
| Height | : | 5’4” |
| Cast | : | Zalawadi Dasha Sthanakvasi Jain |
| Education | : | Masters in Interaction Design<br>Harbour. Space University, Barcelona.<br>Bachelors in Business Administration<br>NMIMS University, Mumbai. |
| Occupation | : | Business - Venera Paper Company<br>Trading of Kraft Paper<br>Former User Experience Designer<br>Barcelona-based Freelancer (2019 - 2023) |
| Residence | : | Raheja Odyssey, Thakur Village, Kandivali East, Mumbai. |
| Interests & About Me | : | Arts and Design.<br>DJ-ing and Electronic Music. Automotive Enthusiast. Scuba Diver. Adventure Sports and Travel. Cooking. Fashion & Styling. Global languages, cultures, and cuisines.<br>Recently moved back to Mumbai after living in Spain for 4 years. |
| Contact | : | +91 7666896097 |


**Paternal Details:**

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Shri Jitendra Manilal Shah<br>Ex Managing Trustee of Sthanakvasi<br>Jain Upashray, Kandivali East.<br>Ex committee member - Zalawadi Sthanakvasi Sabha. |
| Grandmother | : | Smt. Sarlaben Jitendra Shah |
| Father | : | Tejas Jitendra Shah +91 9930147313<br>Business - Venera Paper Company Trading of Kraft Paper |
| Office Address | : | Gundecha Industrial Complex, Kandivali (E), Mumbai. |
| Mother | : | Sejal Tejas Shah +91 9820590686 Homemaker |
| Younger Sister | : | Disha Tejas Shah (B. Mass Media) Make-up Artist |
| Canine Sibling | : | Mimi (Female Shih Tzu) |
| Uncles & Aunts | : | Tushar Jitendra Shah (Mumbai) +91 9820147371<br>Mittul Jitendra Shah (Mumbai) +91 9820189757<br>Kavita Akshay Deliwala (Vadodara) +91 9925045459 |

**Maternal Details:**

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Shri Udaykant Kanhaiyalal Mehta |
| Grandmother | : | Late Smt. Nalini Udaykant Mehta |
| Uncles & Aunts | : | Sachin Mehta (Mumbai)<br>Ushma Jhaveri (Surat)<br>Darshit Mehta (USA)<br>Amit Mehta (USA) |

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જુલાઈ ૨૦૨૪
વર્ષ : ૭૧ : : અંક : ૪
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# પડી નજર દૂર

પડી નજર દૂર, ઝરે કેમ પાણી લગાતાર,
થયું મનોમન હશે ફુટી કો'ક જળ ક્યારી
ગયો પાસ ને જાણ્યું ત્યારે
આ તો વરસે હેલી વર્ષા કેરી...

ગઈ નજર ગગને જોયું તો રંગીન મિજાજ
થયું મનોમન હશે રંગોત્સવ તહેવાર આજ
લીધી દૂરબીન ને જોયું ધ્યાને,
સમજ્યો ત્યારે, આ તો રચાયું મેઘધનુષ...

ગઈ નજર દૂર જોઈ લીલોતરી ચોપાસ
થયું મનોમન શેનું હશે આ પરિણામ ?
આવ્યો પાસે જોયું જરા ધ્યાનથી
સમજ્યો ત્યારે આ તો ખેતર લીલુછમ...

– સંવેદના –૨

# ગઈ કાલ ને આવતી કાલના ક્રૉસ રોડ પર



સુરેશ દલાલ

માણસ જન્મે છે પછી એને ખબર નથી હોતી કે એના રસ્તામાં સુખ છે કે દુઃખ. અહીં કશું નિર્ભેળ મળતું નથી. બધી ધૂપ-છાંવની લીલા છે. જેવું બાળક જન્મ્યું એટલે દરેકના ઘરમાં જાણે કે નંદ ઘેર આનંદ ભયોની લાગણી થાય. બાળક મોટું થતું જાય, ઉછેરતાં આવડે તો મા-બાપ પણ પરિપક્વ થઈ શકે, પણ મોટા ભાગના માણસોને બાળઉછેરની બારાખડીની ગતાગમ નથી હોતી. બાળકોને એ રમવાનાં રમકડાં માને છે. બાળક માટે પ્રેમ હોય એ સમજી શકાય, પણ કેટલાક માણસો બાળકને વહાલથી શારીરિક રીતે ગૂંગળાવે છે. એને બાથમાં લે ને બકીઓ ભર્યા કરે. બાળકને પોતાને શું ગમે છે તે મહત્ત્વનું છે. કેટલાક લોકો બાળક રડ્યું નથી ને ઘાંઘાં થયા નથી. કેટલાક લોકો બાળકનું એટલું બધું રમણ કરે છે કે બાળકને છીંક આવે એ પહેલાં તો રૂમાલ નાક પર મૂકી દે. બંધિયારપણું એ બાળકને કરાયેલી મોટામાં મોટી સજા છે. એને સ્વતંત્ર રીતે વિકસવા દેવું જોઈએ. દરિયાની માછલીને ઍક્વેરિયમમાં મૂકવાનો અર્થ જ નથી. કેટલાંક માબાપ બાળકને હડહડ કરતાં હોય છે. ધૂંઆપૂંઆ થતાં હોય છે, ઘાંટા પાંડતાં હોય છે. ક્યારેક મેં એવાં પણ યુગલો જોયાં છે કે લગ્ન પછી થોડાક જ સમયમાં બાળક થયું હોય તો તે બાળક ઘણી વાર એમનાં નાના-મોટા આનંદમાં નડતરરૂપ લાગ્યા કરે, રાતના ૯ થી ૧૨ના શૉમાં બાળક સૂઈ ગયું હોય ત્યારે ઘરમાં એને એકલું મૂકીને બહાર તાળું મારીને ચાલ્યાં જાય. જતન અને અતિજતનમાં ફેર છે. તમે એને દિશા ચીંધી શકો પણ બાળકે તમારું ધારેલું જ કરવાનું છે એવા આગ્રહો ન રખાય. આગ્રહ ને દુરાગ્રહમાં ફેર છે. મોટા ભાગનાં સંતાનોને એકીસાથે માબાપનાં વર્તનમાં બરફ અને આગનો આ તો એક પશ્ચાદ્ભૂમિકા તરીકે વાત કરી. મૂળ વાત બે પેઢીઓ વચ્ચેના અંતર અને અંતરાયની છે. દરેક યુગમાં જૂની પેઢીને લાગે છે કે નવી પેઢી બગડી ગઈ. નવી પેઢીને લાગે છે કે મા-બાપ જુનવાણી છે. નાના નાના ઝઘડાઓ કે મતભેદો કુરુક્ષેત્રમાં પલટાતા હોય છે. જેનું બચપણ ખરાબ ગયું હોય એનો બુઢાપો પણ સારો જ જશે એની કોઈ ખાતરી નથી. ખરેખર તો બાવાના બન્ને બગડ્યા એના જેવો ખેલ છે. મોટા ભાગના માણસનો સમય કે જીવન લાકડાં જેવું છે. અને એ પૂર્વજ અને વંશજની કરવતથી વહેરાયા કરે છે. સંતાનોને બાપના વારસામાં જેટલો રસ છે એટલો બીજામાં નથી. મા-બાપને છોકરો ક્યાં ખપ આવશે ને કેમ ખપ આવશે એની જ પડી છે. અત્યંત સૂક્ષ્મ રીતે આ સામસામી સોદાબાજીના સંબંધ છે. ઘણા માણસો છેવટ સુધી વસિયતનામું નથી કરતા. સંતાનોને કશું સોંપતા જ નથી. ભયથી પીડાયા કરે છે. એક જ ચિંતા છે કે કાલે સવારે છોકરો આપણો નહીં રહે તો. જો તમે તમારા બાળકને સાચ્ચો પ્રેમ આપ્યો હોય તો ભય પામવાની કે ભયભીત થવાની કોઈ જરૂર નથી. તમને તમારા બાળકના ઉછેરમાં શ્રદ્ધા અને ભરોસો હોવો જોઈએ.

માણસની મુખ્ય પ્રવૃત્તિ આહાર, નિદ્રા, ભય ને મૈથુનની જ રહી છે. જ્યાં લગ્ન જ તકલાદી અને તકવાદી હોય ત્યાં સંતાનોમાં શું પ્રગટે ? ભલભલા ઉદ્યોગગૃહો કંકાસને લીધે ભાંગી પડતા હોય છે. દરેક સંતાનને પોતાનો બાપ ઓછેવત્તે અંશે અધૂરો ને મૂરખ લાગે છે. તો સામે પક્ષે મા-બાપને પોતાનો દીકરો પરમે ન પરણે ત્યાં તો એ જો ભૂલેચૂકે પોતાની પત્નીનું યોગ્ય રીતે ઉપરાણું લે તો તરત જ એ વહુઘેલો ગણાશે. એને જો એમ લાગશે કે અમુક બાબતમાં મારાં મા-બાપ સાચાં છે ને એમનું ઉપરાણું લેશે તો એ માવડિયો લેખાશે. ગઈ કાલ અને આવતી કાલના ક્રૉસ રોડ પર ઊભેલી માણસ સંબંધોના સમુદ્રથી વીંટળાયેલો હોવો છતાંય અંદરથી સાવ એકલો ને એકાકી ટાપુ જેવો છે.

પ્રેમ એટલે હૃદયની સમજણ. આવી સમજણ હોય તો માણસને વહેરાઈ જવાનો વખત જ ન આવે. એવાં પણ સુખી કુટુંબો જોયાં છે, જ્યાં મા-બાપ અને સંતાનો વચ્ચે અદ્ભુત સંવાદિતા હોય. અરસપરસ પ્રેમ હોય અને આદર હોય. બન્ને પક્ષે સામા માણસને સાંભળવાની, સમજવાની અને સમજેલું સ્વીકારવાની અને સ્વીકારેલું આચરવાની તૈયારી હોય. ક્યાંક ગેરસમજણ થાય તો માણસે સાથે બેસીને, વાત કરીને પ્રશ્નનો ઉકેલ આણવો જોઈએ. મોઢું ચડાવીને, ત્રાગાંઓ કરીને, મેણાંઓ મારીને જીવન જીવવાનો કોઈ અર્થ નથી.

ઘરડાં મા-બાપ એ ખૂણે મૂકવાના મ્યુઝિયમના પીસ નથી. તેમ જ સંતાનો એ ઘડપણમાં કામ આવે એવાં પગલુછણિયાં નથી. એટલું જો બે પેઢીને સમજાય તો સંસાર કદીય સાર વિનાનો નહીં લાગે.

❖❖❖

# હાજરી

ઝવેરચંદ મેઘાણી

રાતના નવેક વાગ્યાના સુમારે ઢોલ પિટાયો. થોડીવારમાં તો સરકારી ચોરાની સામે ટોળાબંધ ગામલોકો આવી ભોંય પર બેસવા લાગ્યાં. એક બાજુ સ્ત્રીઓ બેઠી, બીજી બાજુ મરદો બેઠા.

સરકારી ચોરાના ઓટા ઉપર ફાનસને અજવાળે એક પત્રક અને ખડિયો-કલમ લઈને બેઠેલ માણસને સૌ આવનારાં નમ્રતાથી રામરામ કરતાં હતાં. એ રામરામ ઝીલવાની પરવા કર્યા વગર એ માણસ ચોરાની પરસાળમાં એક ખુરશી પર બેઠેલા પોતાના મહેમાનની સામે વારંવાર જોતો હતો. મહેમાન પર પોતાની સત્તા અને સાહેબીની કેવી છાપ પડે છે તે ઉકેલવામાં એની નજર રોકાઈ ગઈ હતી.

પત્રકવાળો માણસ પત્રકમાંથી નામો પોકારતો ગયો અને સામા 'હાજર', 'હાજર', 'હાજર' એવા જવાબો મળવા લાગ્યા.

''કરશન પૂંજા.''

''હાજર.''

''મોતી દેવા.''

''હાજર.''

''ગુલાબ કાળા.''

''હાજર.''

'હાજર' કહી કહીને એ કહેનાર કાં ઊઠીને ચાલતો થતો, અથવા સ્વેચ્છાથી બેઠો રહેતો. વચ્ચે સ્ત્રીઓનાં નામ પોકારાયાં; સ્ત્રીઓનો 'હાજર' શબ્દ વિવિધ પ્રકારના ઝીણા કંઠે ટહુકતો થયો :

''જીવી શનિયો.''

''હાજર.''

''મણિ ગલાબ.''


''હાજર.''

એ છેલ્લે 'હાજર' શબ્દ એક સ્ત્રીના ગળામાંથી પડતો સાંભળતાં તરત જ આ પત્રક પૂરનાર ગરાસિયા જેવા આદમીએ પત્રકમાંથી માથું ઊંચક્યું, અને સ્ત્રીઓ તરફ જોઈને કહ્યું :

''એ કોણ 'હાજર' બોલી ?''

''હું મણિ.'' સ્ત્રીનો જવાબ આવ્યો.

''જૂઠી કે ? મણિ જ છે કે ? મને છેતરવો છે ? આમ આવ, તારું રઢિયાળું મોં બતાવ જોઉં. મણકી !''



''આ લો, જોવો મોં !'' બાઈએ ઊભી થઈને પોતાનો પડી ગયેલો ચહેરો ફાનસના પ્રકાશમાં આગળ કર્યો.

''વારુ ! જા'' એમ કહીને એ અમલદારે મહેમાન તરફ વળીને સ્પષ્ટતા કરી. ''એકને બદલે બીજીઓ રાંડો હાજરી પુરાવતી જાય છે. મનમાં માને કે, મુખીને મૂરખાને શી ખબર પડવાની હતી ! પણ જાણતી નથી કે એકોએકનો સાદ હું ઓળખું છું, હું કાંઈ નાનું છૈયું નથી !''

એટલી ટીકા સાથે પાછો એ મુખી પત્રકમાંથી પોકારવા લાગ્યો, અને અહીં ખુરશીએ બેઠેલ પરાણાના સ્વચ્છ, સ્વસ્થ મોં ઉપર ગરમ લોહીએ દોડધામ મચાવી દીધી. રોષ, શરમ, હતાશા અને કાળા ભાવિનો ભય એ ચહેરાને ચીતરવા લાગ્યાં. હાજરી પૂરી કરીને મુખીએ પત્રક બંધ કરી ફરી પાછું પોતે મહેમાન તરફ જોઈને ઉદ્ગાર કાઢ્યો, ''અત્યાર પૂરતી તો નિરાંત થઈ, રાતોરાત કોઈ કંઈ ન કરે તો પાડ ! બાકી, આ હાળાં કોળાંનું કંઈ કહેવાય છે ! અહીં હાજરી પૂરાવીને પછી પચીસ ગાઉ જતાં ઘર ફાડે !''

''લગાર આ બધાંને રોકશો ? મારે થોડી વાતો કરવી છે.'' મહેમાને એવે ને એવે ઝીણે, સમતા–ભરપૂર સ્વરે મુખીને પૂછ્યું.

''કેમ નહીં રોકું !....અલ્યા અઈ ! નાસો છો ક્યાં ? બેસો બેસો; આ તમારો બાપ (મહેમાન તરફ હાથ બતાવીને) અહીં આવેલ છે એ જાણતા નથી ? બેસો, ને એની શિખામણનાં બે વેણ સાંભળતાં જાવ !''

બૈરાં તો ચાલ્યાં ગયાં હતાં. પુરુષો ઊઠેલા તે ફરી વાર, સરકસનાં કેળવેલાં પશુઓની પેઠે, ભોંય પર બેસી ગયા.

ખુરશી પર બેઠેલા પણ કંઈક ઊંચક બનેલા મહેમાને એમની સામે અત્યંત વિવેકી અને મિષ્ટ સ્વરે કહ્યું, ''અલ્યા ભૈઓ ! આ તમારી હાજરીઓ રોજ થાય છે ?''

''રોજ બે વાર.'' મુખી જવાબ વાળ્યો. એ તરફ કશું લક્ષ જ આપ્યા વગર મહેમાને લોકોને પૂછ્યું, ''અલ્યા, આ હાજરી તમને ગમે છે ?''

''ગમે કે ના ગમે; શું કરીએ બાપજી !'' થોડી વારની સૌની ચૂકીદી પછી ત્યાં બેઠેલાઓમાંથી એકે ઉત્તર આપ્યો.

મહેમાન કહે, ''બૈરાંની હાજરી પુરાય તે પણ તમને પસંદ છે, અલ્યા !''

''હોવે ! બહુજ ગમે છે.'' એવો એક અવાજ નીકળ્યો અને મહેમાન ચમકી ઊઠ્યા. એણે એ જવાબ વાળનાર એક જુવાન તરફ નજર ઠેરવીને સ્વસ્થતાથી પૂછ્યું, ''શાથી ?''

''શાથી શું ! હાજરી ન'તી તાણે અમે આવી રાંડોને ડોંગાતા, તો રાંડો રીસૈને દોડી જતી એને માવતર ! એને હવે તો પીટી પીટીને કણક જેવી કૂણી કરી નાખીએ, તે છતાં થોડી ઘર છોડી શકે છે રાંડો ! હાજરીમાં મીંડાં મુકાય તો મરી જ રહે ના ! હવે ડોંગાટીને ઢેંઢાં ભાંગી નાખીએ તો પણ ચૂં–ચાં કરી નથી શકતી હાળીઓ ! ઠીક જ થયું છે હાજરીનું''

મહેમાનનો જીવ ઊંડો ઊતરી ગયો. એમણે થોડી વારે લોકોને પૂછ્યું, ''અલ્યા, તમારામાંથી કોઇ મને તમારે ઘેર સૂવા ન લઇ જાવ !''

''અરે વાહ !'' મુખી ચમકીને બોલી ઊઠ્યા, ''આ કોળાંને તાં શા માટે જવું ? અહીં ઢોલિયો ઢળાવ્યો છે, નિરાંતવા સૂઇ રો'ને !''

''ના, ના, અહીં મને ઊંઘ નહીં આવે.'' બસ, ફક્ત એટલું જ બોલીને મહેમાન પોતાનાં બે કપડાંની ઝોળી હતી તે ઊંચકીને એકદમ ઊભા થયા, અને એ લોકો પૈકીના એક જણની સાથે પાટણવાડિયાઓના બિહામણા વાસમાં ચાલતા થયા.

અધરાત થવા આવી હતી, મહેમાન જે ખોરડે રાતવાસો રહેવા ગયા ત્યાં આખા ગામના પાટણવાડિયા એકઠા થઇ ગયા. તેમની સામે ખાટલે બેઠેલ મહેમાનનો હૃદિયો તો ઉપર-તળે થઈ રહ્યો હતો, ''અરે ! આનું નામ હાજરી ! માણસને અધોગતિને છેલ્લે તળિયે પહોંચાડનારી આ હાજરી ! આ કોમનો એકએક માણસ માના પેટમાંથી બહાર નીકળતાં વાર જ ગુનેગાર ઠરી ચૂક્યો ! મરદ તો ઠીક, પણ ઓરત સુદ્ધાં !

ઓરતોની હાજરી પોકારાય અને 'હાજર' કહેનાર સ્ત્રીના સ્વર માત્ર પરથી શંકા જતાં આટલા ટોળા વચ્ચે આ ત્રણ બદામનો સરકારી મુખી એનો ઘૂમટો ઊંચો કરાવી મોં જોઇ સાચજૂઠ નક્કી કરે ! અને એ બધાંની ટોચે, ખુદ પોતાની ઓરતોની હાજરી લેવાય એથી આ મરદોને મલકાવાનું કારણ મળે !

એકઠાં થયેલાં સ્ત્રી-પુરુષો વચ્ચે એને પોતાનાં આત્મજનો મળ્યાં હોય તેવું લાગ્યું. લાંબી વાતો તો એણે કશી કરી નહીં; પણ એણે એટલું જ પૂછ્યું, ''આ હાજરી તમને ગમે છે ?''

''ગમતી નથી, બાપજી ! પણ શું કરીએ ? છેક ખેતરામાં ઘર હોય છે ત્યાંથી બે વાર ગામમાં હાજરીએ આવવું પડે છે, છૈયાં નાનાં હોય એને રડતાં મૂકીને ઘરડા - બુઢ્ઢાને અને માંદાને પણ આવવું પડે છે.''

''ને તમારી બાઇઓનાં આવાં અપમાન !...''

લોકો કશો જવાબ વાળી ન શક્યાં. શરમથી સૌ ભોંયદિશે જોઇ રહ્યાં. મહેમાનને હૈયે આશા ઊગી : આ માણસોમાં હજુ માણસાઇ રહી છે ખરી ! સવારે ઊઠીને એણે ચાલવા માંડ્યું. ગામ પછી ગામ વટાવતા ચાલ્યા. એને થાક, તાપ, ટાઢ, ભૂખ, તરસ- કશાનું ભાન નહોતું; વાહનમાં બેસવાનું તો એને નીમ હતું. પગપાળા એ પહોંચ્યા - સીધા વડોદરે.

વડોદરા પોલીસ-વડા સાથે એમને નહીં જેવી ઓળખાણ હતી. અમલદાર એક સમજદાર આદમી હતા. જઇને સમજાવ્યા કે ''આ લોકોની હાજરી કાઢી નાખો.''

અમલદારે કહ્યું, ''હું તો એક જ હુકમે સૌની હાજરી કાઢી નાખું તેમ છું; પણ તેથી તમને કશો લાભ નહીં થાય.''

''ત્યારે ?''

''એવો માર્ગ ગ્રહણ કરો કે જેથી એ લોકો પણ તમારો ઉપકાર રહે. ફરી તમારું કહ્યું કરે, અને તમે એમની કનેથી વિશેષ સારાં કામ કરાવી શકો.''

''શું કરું તો એમ થાય ?''

''એ લોકોને એમ લાગવું જોઇએ કે તમે જેની હાજરી કઢાવો તેની જ નીકળી શકે છે. તમે એ લોકોમાંથી જેમની ભલામણ કરો તેમની અરજી અમે ધ્યાનમાં લઇએ, એટલે બીજા આપોઆપ તમારી કને આવશે.''

એ સલાહ અને એ વચન લઇને એ બ્રાહ્મણ પાછા વળ્યા : પગપાળા એક પછી એક ગામ વટાવતા; ટાઢ, તડકા અને થાકનું ભાન ભૂલીને.

પ્રથમ તો તેણે સારાં પાંચ ગામ પસંદ કર્યાં, પહેલું ગામ વટાદરા. એણે પાટણવાડિયાને ઢંઢોળ્યા, ''ચાલો પેટલાદ, હું તમારી હાજરીઓ કઢાવી આલું.'' હાજરીના ત્રાસમાં ડૂબંડૂબા માણસોએ પણ આ માણસની વાતને એક કાને સાંભળી બીજા કાનેથી કાઢી નાખી; તમાકુ પીતાપીતા બેઠા રહ્યા. આ હાજરી એટલી તો સ્વાભાવિક જીવનક્રમ જેવી બની ગઇ હતી કે એના ફેરફારની કોઇને પડી નહોતી.

માંડ માંડ કરીને વટાદરામાંથી પાંચ-સાત પાટણવાડિયાઓને પૂંછડાં ઉમેળી ઊભા કરી, સાથે લઇ પેટલાદ-થાણે પહોંચ્યા, અને ફોજદારને એમની હાજરી કાઢવાનું ટિપ્પણ આપ્યું.

પોલીસ-ફોજદાર ત્રાડો પાડી ઊઠ્યો, ''શાનું ટિપ્પણ ? હાજરી કાઢવાનું ? આ હરામી કોળાંઓની...''

''જુઓ, ફોજદાર સાહેબ !'' મહારાજે જણાવ્યું, ''આ ટિપ્પણ તમેતારે સરસૂબા

સાહેબને મોકલી આપો. પછી એને ઠીક પડશે તેમ એ કરશે.''

થોડા જ વખતમાં તો ફોજદાર ચમકી ઊઠ્યા. વટાદરા તથા બીજાં ગામની સ્ત્રીઓની તો તમામની હાજરી એકીસાથે રદ થયાનો, હુકમ વડોદરેથી એના હાથમાં આવી પડ્યો !

ફોજદાર તો ચમકે, પણ ગ્રામપંચાયતોયે ચમકી, પાટણવાડિયાની હાજરી નીકળી જાય, એટલે તો ચોરી-લૂંટોનો સદર પરવાનો મળે ! ગ્રામપંચાયતોએ સરકારમાં લખાણ કર્યું. ફરી હાજરી શરૂ થઈ છે, એવા ખબર ગામડામાં ફરતા મહારાજને મળ્યા; ને એના પગરખાં વિનાના પગોએ વળતી જ સવારે વડોદરાની વાટ લીધી. પોલીસ ઉપરીને બંગલે જઇ એ ઊભા રહ્યા.

''છોટા સાહેબ, આમને સૂબા પાસે લઇ જાવ.'' ઉપરીએ પોતાના મદદનીશ સાહેબને કહ્યું.

બ્રાહ્મણ સૂબા સાહેબના બંગલે પહોંચ્યા...

સૂબાએ કહી દીધું : ''જાવ, બાર વાગ્યે કોરટમાં આવજો.''

બપોરે જ્યારે મહારાજ કચેરીમાં હાજર થયા ત્યારે સાહેબે કાગળિયાં પરથી માથું ઊંચકીને એને કહ્યું,

''જાવ; હુકમ મોકલાઈ ગયો છે''

'હુકમ મોકલાઇ ગયો છે' એ શબ્દોમાં પાટણવાડિયાઓની હાજરી રદ થવાના હુકમની વાત સમજીને બ્રાહ્મણે ઉમંગના ઉમળકા સાથે વળતી પગપાળી મુસાફરી ચાલુ કર; અને રાતે ચોવીસ ગાઉનો એકધારો પંથ કાપીને વટાદરા પહોંચ્યા. તપાસ કરી :

''કેમ ? હાજરી રદ કર્યાનો હુકમ આવી ગયો છે ના ?''

''ના રે, બાપજી ! અગાઉ જેમનાં નામો રદ થયેલાં તેઓએ કહ્યું, ''અમારા નામ તો હાજરીમાં ફરીથી પાછાં ઘાલવાનો હુકમ આવ્યો.''

બ્રાહ્મણ પાસે ત્યાં બેઠા બેઠા બળતરા કરવા કે પત્રવ્યવહારથી કામ લેવા વેળા નહોતી. વળતા જ પ્રભાતે ફરી પાછા એના લોખંડી પગ વડોદરાની ચોવીસ ગાઉ ની મુસાફરીએ ચાલ્યા અને ત્યાં પહોંચી પોતે પોલીસ અધિકારીને મળ્યા. ત્યાંથી સ્નાનના સમાચાર મળ્યા, ''સૂબા સાહેબને તમારી વાતમાં કશો સાર ન લાગવાથી ફેર હાજરીઓ શરૂ કરવાનો એમણે હુકમ આપ્યો છે.''

સૂબા સાહેબની મુલાકાત માટે કચેરીનાં પગથિયાં ઘસતો આ બ્રાહ્મણ રોજ સવારે આવી, ધોયેલ મૂળા જેવો ઊભો રહી, બાર વાગ્યે કચેરી ઊઠે ત્યાં સુધી કેવળ ખંભ-શો ખોડાઇ રહી, પાછો મૂંગો ઘેર ચાલ્યો જાય, એક દિવસ નહીં, બે દિવસ નહીં, પણ દિવસોના દિવસો સુધી. રોજ બ્રાહ્મણ ઊભો હોય, અને રોજ સૂબા કચેરીમાં આવતા હોય. સાહેબ બાર વાગ્યે પાછા જાય ત્યારે એનો એ જ બ્રાહ્મણ પરસાળમાં થાંભલા-શો ઊભો હોય !

જતા-આવતા સૂબા વિચારતા હશે કે નથી એ પાસે દોડતો આવતો, નથી એ અવાજ કરતો અને નથી એ મારી સામે સુદ્ધાં જોતો !

એક દિવસ સૂબા આવ્યા. રોજની માફક બ્રાહ્મણને ઊભેલ દીઠો. મેડી પર ચડી તો ગયા, પણ થોડીક વારે બ્રાહ્મણની પાસે પટાવાળો આવી કહે છે કે, ''ચાલો, સાહેબ બોલાવે છે.''

''શું ભણ્યા છો ?'' સૂબાએ પોતની સામે ઊભેલા મૂંગા બ્રાહ્મણને પ્રશ્ન પૂછ્યો.

''કશું નહીં'' જવાબ આવ્યો.

''ત્યારે આ લોકોમાં તમે શું કરશો ?''

''મને ખબર નથી.''

''વારુ, જાવ; હું હાજરી કાઢવાનો હુકમ મોકલું છું.''

બ્રાહ્મણ ત્યાંથી નીકળીને સાહેબના ચિટનીસ પાસે રાહ જોતા બેઠા.

થોડી વારે સૂબા સાહેબનો હુકમ ચિટનીસ પાસે આવ્યો, એટલે ચિટનીસે કહ્યું: ''હવે તમતારે જાવ. હુકમ ગામડે આવશે.''

''કેમ કરીને આવશે ?''

''કેમ કરીને વળી ? નીચલી ઑફિસમાં નોંધણી થતો થતો શિરસ્તા મુજબ આવશે તમારે ગામડે.''

''ના, એમ નહીં.'' બ્રાહ્મણે ઠંડે કલેજે ઉત્તર વાળ્યો. ''હું એ નીચલી કચેરીએ લઇ જઇશ અને ત્યાં નોંધાવી લઇશ.''

ચિટનીસે લપને વળાવવા હુકમનું પરબીડિયું આપ્યું. એ લઇને બ્રાહ્મણ નીચલી કચેરીએ ગયો.

ત્યાંના અમલદારે પણ કહ્યું કે, ''વારુ, તમે હવે જઇ શકો છો.''

''ના, તમ-તારે હુકમ નોંધીને મને આપો.''

''તમે શું કરશો ?''

''હું તમે કહો તે કચેરીએ લઇ જઇને નોંધાવીશ.''

એમ એક પછી એક નીચલી કચેરી કને એ હુકમનો કાગળ લઇ જઇ, એક જ દિવસમાં નોંધણી કરાવી, જેને વટાદરે પહોચતાં મહિનો માસ લાગત તે હુકમ પોતાની સાથે લઇને બ્રાહ્મણે ફરી ચોવીસ ગાઉની વળતી મજલ આદરી. રાતમાં ભાદરણ પહોંચી ફોજદારને સૂતા જગાડ્યા અને રાતમાં નોંધણી કરાવી કાગળ લઇ પોતે વટાદરા પહોંચ્યા, ત્યારે પ્રભાતનો સૂર્ય હજુ તપ્યો નહોતો.

❖❖❖

# કેવો વિનય ! કેવો બંધુપ્રેમ !

કુમારપાળ દેસાઈ



કુટુંબવત્સલ વર્ધમાનના હૃદયમાં સમસ્યાઓની અજબ સિતારી વાગે છે. આસપાસનું જગત સુખને માટે આંધળી દોટ મૂકે છે, પમ સુખપ્રાપ્તિનો આ માર્ગ તો એમને દુ:ખમય અને પાપ-પરિગ્રહમાં આસક્ત લાગે છે. રાજલાલસા અને લોભવૃત્તિથી ચાલતાં યુદ્ધોએ દેશ-દેશના સીમાડાઓને લોહીથી રંગી દીધા છે. છલ-પ્રપંચોએ માનવહૃદય પર પ્રભુત્વ જમાવ્યું છે. બહારથી સુખી લાગતો જીવ અંતરમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, વેદના અને વલોપાત અનુભવે છે. માનવીને જીવનના અંત સુધી સંસારના રાગ-દ્વેષની કઠપૂતળી બનીને નાચતો જોઈને વર્ધમાનનું હૃદય વ્યથા અનુભવે છે. વિદ્યા વિવાદનું સાધન બની હતી. સ્ત્રી કામવાસનાની દાસી ગણાતી હતી. શૂદ્રોની યાતના અપાર હતી. વર્ધમાન આ બધું જોઈને વિચારમાં ડૂબી જાય છે. યુગની આહ એમના અંતરને પોકાર કરે છે. એ પોકાર છે પૃથ્વીને પ્રેરક બનવાનો, પ્રમાદની નિદ્રામાં સૂતેલા માનવીમાં આત્મજાગૃતિ અને અધ્યાત્મ જગાડવાનો !

રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાએ વૃદ્ધાવસ્થાને કિનારે પહોંચ્યા બાદ પ્રસ્થાનની સર્વ તૈયારી કરી. સ્નેહીજનોની વિદાય લીધી. પુત્ર-પુત્રીઓને જીવનકલ્યાણનો માર્ગ ચીંધતો ઉપદેશ આપ્યો. મૃત્યુ એ જગતનો અનિવાર્ય ભાવિ ક્રમ છે, તેમ સહુને સમજાવ્યું અને તે અંગે શોક ન કરવા કહ્યું. પોતનાં પાપોની આલોચના કરી. પ્રાયશ્ચિત લઈને આત્માને નિર્મળ બનાવ્યો. એ પછી અનશન આદરીને બેસી ગયા. મુખેથી ન ખાવું, ન પીવું; બસ, માત્ર એક 'જય પ્રભુ પાર્શ્વ'નું રટણ ચાલે. ડાભના આસન પર બેસીને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી એમણે સંથારો કર્યો. આ મહાન દંપતી પોતાની પાછળ લીલી વાડી મૂકીને વિદાય થયાં. ચોતરફ શોકનું વાતાવરણ સહુને ઘેરી વળ્યું.

અઠ્ઠાવીસ વર્ષની વયના વર્ધમાને હવે મહાપ્રસ્થાનની તૈયારી કરવા માંડી. માતા-પિતાના સ્નેહનું બંધન દૂર થયું હતું. સંસારમાં રહીને વિરાગની સાધના ચાલતી હતી. હવે સંસાર છોડીને વિરાગની ધૂણી ધખાવવી હતી. આને માટે પોતાના ભાઈ નંદિવર્ધન પાસે આવ્યા. રાજકાજમાં સહુથી ખરાબ વેર ભાઈ-ભાઈ વચ્ચે હોય ! એક મિલકતના બે ભાગીદાર ! એક માર્ગમાંથી હટી જાય તો બીજાને સિંહાસન વરે, પરંતુ અહીં નંદિવર્ધન અને વર્ધમાન વચ્ચે અપાર પ્રેમ હતો. નંદિવર્ધનના વર્ધમાન પર ચાર હાથ હતા. એમણે જોયું કે નાનો ભાઈ હવે જુદી તૈયારી કરે છે. એમણે એમને કહ્યું, ''આ રાજ તને આપવા માગું છું.''

વર્ધમાને કહ્યું, ''રાજ-રાજ વચ્ચેના સાંકડા સીમાડા મને ગમતા નથી. મારું રાજ તો પ્રેમ અને દયાનું છે. એને માટે મારે સંસાર છોડીને જવું છે.''

નાના ભાઈની વાત સાંભળીને નંદિવર્ધન વિચારમગ્ન બની ગયા. એમણે કહ્યું, ''પ્રિય વર્ધમાન, તમારી ભાવના હું જાણું છું. એ પણ જાણું છું તે વિશ્વને અજવાળવા આવેલી જ્યોતિને આ મહેલમાં હું લાંબો સમય રાખી શકવાનો નથી, પરંતુ માતા-પિતાની વિદાયના વિયોગનો ઘા હજી તાજો જ છે. હવે મારાથી બંધુવિયોગ સહન થઈ શકે તેમ નથી. મારી વિનંતી છે કે થોડો સમય થોભી જાઓ.''

રાજકુમાર વર્ધમાન કહે : ''મોટા ભાઈ, તમારે વિનંતી કરવાન ન હોય. તમારા પ્રેમનો મારા પર અધિકાર છે. તમારી ઈચ્છા એ મારા માટે આજ્ઞા સમાન છે.''

વ્યાકુળ નંદિવર્ધને કહ્યું, ''તો વધુ બે વર્ષ સંસારમાં રહી જાઓ.''

વર્ધમાને મોટા ભાઈ નંદિવર્ધનની ઈચ્છાને માન આપીને વધુ બે વર્ષ સંસારમાં રહેવાનું સ્વીકાર્યું. રાજમહેલમાં તપસ્વીના આશ્રમ જેવું વાતાવરણ પ્રસરી રહ્યું. વિશાળ મહેલના એકાંત ભાગમાં મોટા ભાગનો સમય ચિંતન અને શુભધ્યાનમાં ગાળવા લાગ્યા. બ્રહ્મચર્યનું પૂર્ણરૂપે પાલન કરતા. પોતાના ચિત્તને સદા ઊર્ધ્વ ભાવમાં લીન રાખતા. ક્રોધ, મોહ જેવા આંતરશત્રુઓ સામે સતત આત્મજાગૃતિ રાખતા. તેઓ અપ્રાસુક આહાર લેતા. રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કર્યો હતો. ભોગની વચ્ચે એમણે ત્યાગનો મહિમા જગાવ્યો. વૈભવની વચ્ચે એમણે વિરાગની આરાધના કરી બતાવી.

નગરજનો વિચારે છે : વાહ ! કેવો બંધુપ્રેમ ! કેવો વિનય ! ભાઈ ભાઈ વચ્ચે પ્રેમ હજો તો આવો !

❖❖❖

# બ્રહ્મ સત્યં જગત્ સ્ફૂર્તિઃ ।

ગુણવંત શાહ

નાના ફ્લૅટમાં વસતા સુખી પરિવાર પાસે ક્યારેક પૈસા ઓછા અને સંસ્કાર ઝાઝા હોય છે. બંગલાના આંગણામાં હોય એવો બાગ ફ્લૅટને ન પોસાય, પરંતુ માટીનાં પાંચ કૂંડામાં ઊગેલા લાડકા છોડને સંતાનોની માફક સાચવવામાં આવે ત્યારે સંકડામણ પણ સંસ્કારને રવાડે ચડતી હોય એવું લાગે. સાવ નાની ટેરેસમાં જતન કરીને જાળવેલો તુલસીનો છોડ સમગ્ર પૃથ્વી પર પાંગરેલી વનસૃષ્ટિનો પ્રતિનિધિ બની રહે છે. જે ઘરમાં આવાં બે-ત્રણ કૂંડાં જળવાયાં હોય તે ઘરમાં વસતા પરિવારને ગરીબ કહેવાની હિંમત ક્યાંથી લાવવી?

બૅન્ક બેલેન્સ વધતું જાય ત્યારે મનનું બેલેન્સ ન ખોરવાય તેની કાળજી રાખવી પડે છે. રાણા પ્રતાપની ટેકને ભામાશાહનો ટેકો મળી ગયેલો. ભામાશાહ આપણી મહાજન પરંપરાનો ઉત્તમ પ્રતિનિધિ ગણાય. 'મહાજન'ની વ્યાખ્યા શી? જે એક પૈસો પણ ખોટો ન ખર્ચે અને ખરે ટાણે લાખ રૂપિયા ખર્ચતી વખતે પણ ન અચકાય તે મહાજન કહેવાય. ખોટો ખર્ચ કરવામાં લક્ષ્મીનું અપમાન થાય છે. ખરે ટાણે ગજવામાં હાથ ન ઘાલવામાં પણ લક્ષ્મીનું અપમાન થાય છે. મારો મિત્ર સુરેન્દ્ર કાપડિયા કહે છે : 'માણસ ખરું અંતર પગ વડે નહીં, પણ હાથ વડે કાપે છે. ક્યારેક હાથ અને ગજવા વચ્ચે ખૂબ લાંબું અંતર પડી જાય છે. હરામની કમાણી દ્વારા પૈસા બનાવનાર માણસને ત્યાં રૂપિયા આવે છે, લક્ષ્મી નથી આવતી. લક્ષ્મી ત્રણ જણાને ત્યાં નથી શોભતી. કંજૂસને ત્યાં, ઉડાઉ માણસને ત્યાં અને હરામની કમાણી કરનારને ત્યાં લક્ષ્મી નથી શોભતી. ડાયબીટિઝનો મુકામ ઘરના રસોડાના પ્લૅટફૉમ પર હોય છે. રસોડામાં પ્રેશરકૂકરમાં પ્રેશર વધે કે તરત સિસોટી વાગે છે. માણસનું બ્લડપ્રેશર વધે ત્યારે આવી ચેતવણી મળતી નથી. માણસનું



બ્લડપ્રેશન પણ એના કહ્યામાં નથી હોતું. ક્યારેક ક્રોધપ્રેશર, દ્વેષપ્રેશર તાણપ્રેશર અને અહંકારપ્રેશરને કારણે પણ બ્લડપ્રેશર રહેતું હોય છે. ઈન્ટેન્સિવ કાર્ડિયાક કૅર યુનિટમાં માણસ પારકા બની ગયેલા પોતાના જ ધબકારાને મોનિટરના પડદે તરંગરૂપે નિહાળતો રહે છે. એ યુનિટ વાસ્તવમાં 'વૈરાગ્ય યુનિટ' ગણાય. જીવનનો દીવો ગમે ત્યારે હોલવાઈ શકે તેવી શક્યતા માણસને જગાડી શકે છે. જીવન અને મૃત્યુ એકબીજાંની સામસામે આવી જાય તે ઘટનાને લોકો 'સિરિયસ કેસ' કહે છે.

જીવન નાની ઘટનાઓનું બનેલું છે, પરંતુ જીવન પોતે નાનું નથી. એમાં પડેલી શક્યતાઓ મહાત્મા ગાંધી જેટલી જ વિરાટ છે. ઈઝરાયેલનો કવિ એગ્નોસ જે ફળિયામાં રહેતો હતો તે ફળિયાને નાકે સાઈનબોર્ડ પર લખ્યું હતું : 'સાઈલન્સ ઝોન.' આવા બે શબ્દોની નીચે લખ્યું હતું : 'our poet writes here.' જે સમાજમાં કવિનો આવો આદર થતો હોય તે સમાજ ગરીબ હોઈ શકે ખરો? સ્વાસ્થ્યની જાળવણી એક ખાસ વાત પર પણ નિર્ભર રહેતી હોય છે. પૈસા પ્રત્યેનું વલણ માણસના આરોગ્ય પર મોટી અસર પાડતું રહે છે. આજનો ગરીબ અને માલદાર આદમી એક ભયથી સતત પીડાતો રહે છે. એ ભય, તે રાતોરાત ગરીબ કે લાચાર થઈ જવાનો ભય!

શ્રી મનુભાઈ પંચોળી (દર્શક) પાસેથી એક વાત સાંભળેલી. એથેન્સના ત્રેવીસ જણાને સ્પાર્ટાના રાજ્યમાં કેદી તરીકે પકડીને ખાણમાં રાખવામાં આવેલા. રોજ એ કેદીઓ માટે સ્પાર્ટાના સૈનિકો ઉપરથી બે વાર રોટલા નાખે તેથી કેદીઓ માંડ જીવતા રહ્યા. કેદીઓને થયું કે આમ ને આમ દિવસો શી રીતે જશે? એમણે તો ગ્રીક કવિ યુરિપિડસનાં ગીતો ગાવાનું શરૂ કર્યું. ઉપર ચોકી કરતા સૈનિકોએ ગીતો સાંભળ્યાં અને કેટલીક પંક્તિઓ એમને સ્પર્શી ગઈ. ગીતો ગવાતાં ગયાં અને ભીના બનેલા સૈનિકોએ બધા કેદીઓને મુક્ત કર્યા. એ ત્રેવીસ જણા કવિ યુરિપિડસને ત્યાં પહોંચ્યા અને એમણે કવિને કહ્યું : 'સત્તાલક્ષ્મીએ અમને કેદ કર્યા, પરંતુ કાવ્યલક્ષ્મીએ અમને મુક્ત કર્યા.' લક્ષ્મી આરોગ્યદાયિની છે. હરામની કમાણી આરોગ્ય ખોરવનારી છે. ઘરના મંદિરિયામાં

સળગતો દીવો આપણા સૂર્ય સાથેના અનુસંધાનને ઉજાગર કરતો રહે છે. સૂર્ય સ્ફૂર્તિદેવતા છે. આપણા શરીરની ચેતના પણ મૂળે સૂર્ય પાસેથી પ્રાપ્ત થયેલી ચેતના છે. ચેતના ચાલી જાય ત્યારે મૃત્યુ રોકડું !

પંડિત જવાહરલાલ નેહરુ ચેતનાના ફુવારા જેવા હતા. એમના શરીરમાં ગજબની સ્ફૂતિ હતી. એમની ચાલમાં ચેતન હતું. એમના ગુલાબી ચહેરા પર ઉલ્લાસ હતો. એમના વર્તનમાં તરવરાટ હતો. એમને 'ઢીલાઢાલા લોકો પ્રત્યે સખત નફરત' હતી. ભારતના પ્રથમ વડાપ્રધાનની કરોડ ટટ્ટાર હતી અને મન અપરાઈટ હતું. આપણે ત્યાં યુવાન સ્ત્રી-પુરુષો પણ ક્યારેક ફટાફટ કામોને નિકાલ કરવાની બાબતે ઘરડાં જણાય છે. તેઓ સવારે ખૂબ મોડાં ઊઠે તોય તાજાં નથી જણાતાં. એમની આળસ એમની યુવાનીની શોભા ઘટાડનારી હોય છે.

આપણું રાષ્ટ્ર ઘરડું છે. લશ્કરી ક્ષેત્ર સિવાય બીજે ક્યાંય શિસ્ત, ચપળતા અને કર્મઠતા જોવા નથી મળતી. ઘણા સુથારો, લુહારો, પ્લમ્બરો, વાળંદો, વાયરમેનો, દરજીઓ, કડિયાઓ, બેલદારો, મજૂરો અને કારકુનો જાણીજોઈને કામની ગતિ ધીરી રાખનારા અને લોચાટિયા જણાય છે. આપણા ઘણાખરા પ્રધાનો અને પ્રાધ્યાપકો પોટલા જેવા બેઠાડુ અને છાણના પોદળા જેવા ઠરેલ જણાય છે. તેઓ ખુરશીમાં ઢગલો થઈને એવી રીતે બેસે છે, જાણે ગુરુત્વાકર્ષણને શરણે ગયા ન હોય ! અંગ્રેજી શબ્દ 'posture' નો ગુજરાતી પર્યાય શું ? 'અંગસ્થિતિ' કે 'અંગલઢણ' ચાલે ? પોસ્ચર જ રાખીએ. માણસે પોસ્ચર જાળવવાનું છે. હવે સંગીતકારો, નૃત્યકારો, શિક્ષકો અને સાહિત્યકારો પણ બેડોળ કે ગંદાગોબરા હોય તે ન ચાલે. ટી.વી.ના અને ફિલ્મના પડદા પર સતત જોવા મળતાં સોહામણાં શરીરોને જોઈને નવી પેઢીની માનસિકતા બદલાઈ ગઈ છે. ધીરે ધીરે કદરૂપી યુવતીઓની સંખ્યા ઘટી રહી છે.

> *એક ઘરડી સ્ત્રીને કોઈએ પૂછ્યું : ઘડપણ શું છે ? જવાબ હતો : વર્ષો ચાના કપમાં પડેલી ખાંડ જેવાં છે. છેક છેલ્લો ઘૂંટડો સૌથી મીઠો હોય છે.*
> ***– અમૃતા પ્રીતમ***

શંકરાચાર્યે કહ્યું : 'બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા।' વિનોબાએ એ સૂત્રમાં પરિમાર્જન કર્યું અને કહ્યું : 'બ્રહ્મ સત્યં જગત્ સ્ફૂર્તિ:।' આપણે કેટલાં જીવંત છીએ તેની સાબિતી અને પ્રતીતિ આપણી સ્ફૂર્તિ પરથી પ્રાપ્ત થાય છે. જો જગત સ્ફૂર્તિમય હોય તો આપણું 'હોવું' સ્ફૂર્તિવિહોણું શી રીતે હોઈ શકે ? ચેતન વગરની ચાલ ધરાવતું આપણું રાષ્ટ્ર ધીમું ચાલે છે. ગુજરાતણો અમદાવાદમાં ધીમી ચાલે છે, પણ મુંબઈમાં જલદી ચાલે છે. લોકોની ચાલ પર સમાજમાં પ્રવર્તતા વર્ક-કલ્ચરની અસર પડે છે. ચાલવામાં પણ લય હોવો જોઈએ. નૃત્યની માફક ચાલવાની ક્રિયા પણ લયયુક્ત હોવી જોઈએ. ઝેન મઠોમાં 'વૉકિંગ મેડિટેશન' જાણીતી વિધિ હોય છે. માણસની પ્રતિભાનો એક અંશ એની ચાલ દ્વારા પ્રગટ થતો હોય છે. ભારતમાં સડસડાટ ચાલવા માટેના તાલીમવર્ગો શરૂ થવા જોઈએ. સ્ફૂર્તિ કેવળ શરીરની નહીં, મનની સંપત્તિ પણ છે. સ્ફૂર્તિવાન માણસ દેશની શાન છે. ઢીલો માણસ દેશનો બોજો છે. આપણી નોકરશાહી પોતાની કાર્યક્ષમતાનો ચોથો ભાગ કામે લગાડતી હોય છે.

દિવસમાં એક વાર પરસેવો વળે તે જરૂરી છે. છાતીમાં ગોઠવાયેલા બે ફુગ્ગાને તક મળે ત્યારે ઊંડા શ્વાસ દ્વારા ફૂલવાની તક મળવી જોઈએ. એ જ રીતે દિવસમાં એક વાર કોઈ સુંદર વિચાર દ્વારા મનને સમૃદ્ધ કરવાનું ચૂકવા જેવું નથી. અને હા, દિવસ રળિયામણા જીવનનું આનંદમાં વીતે તો આપણો માંહ્યલો રાજી રાજી ! સાજા, તાજા અને રળિયામણા જીવનનું કદાચ આ જ રહસ્ય છે.

હવે છેલ્લી વાત. આપણા જેવા સામાન્ય માણસોને સતત નાની-મોટી ચિંતા સતાવતી રહે છે. ચિંતા કરવી અને વળી સતત ચિંતા કરવી, એ પણ એક પ્રકારની 'નાસ્તિકતા' ગણાય. ચિંતામુક્ત થવાનો એક ઉપાય ભક્તિ છે. ભક્તની નિશ્ચિંતિનું રહસ્ય એ છે કે એ સઘળો ભાર ઈશ્વર પર છોડી દે છે. એને શ્રદ્ધા હોય છે કે ઈશ્વર બધું સંભાળી લેશે અને ઈશ્વર જે કરશે, તેમાં પોતાનું કલ્યાણ જ હશે. સ્વાનુભાવે એટલું કહી શકું કે સાચા હૃદયની પ્રાર્થના એળે નથી જતી. જ્યારે જ્યારે કોઈ કટોકટી જીવનમાં આવે ત્યારે મને ભક્ત પ્રેમળદાસનું ભજન ભીના હૃદયે ગાવાની ટેવ છે:

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,

જેની સુરતા શામળિયાની સાથ, વદે વેદવાળી રે.

આ ભજન ભક્તનો ભાર (સ્ટ્રેસ) ઘટાડનારું છે. ઈશ્વર પરની અવિચળ શ્રદ્ધા માણસને આશ્વાસન અને આરોગ્ય આપનારી છે. ચિંતામુક્તિની સાધના સદ્‌ગત મોરારજીભાઈ દેસાઈએ કરી હતી. થોડાક પરિચયને આધારે કહી શકું કે મોરારજીભાઈ સાધક હતા અને તેમના લાંબા નિરામય આયુષ્યનું રહસ્ય ચિંતામુક્તિમાં રહેલું હતું. ચિંતા અને આરોગ્ય સામસામે બાખડતાં રહે છે. ભક્તિમાં ઝબોળાવું. એ ઉપચાર પણ છે અને ઉપાસના પણ છે. ❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**

*આયોજીત*

## શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ પ્રેરિત અને જૈન દર્શન સ્વાધ્યાય સંઘ સંચાલિત

## ઓપન બુક એક્ઝામ

# "ચાલો જીવવાનું શરૂ કરીએ."

- આગમોમાં જ્યાં - જ્યાં શ્રાવકના વર્ણન આવે છે ત્યાં ત્યાં શ્રાવક નવ તત્વ અને ૨૫ ક્રિયાનો જાણકાર હોય જ.
- નવ તત્વ ને જે જાણે, માણે, હૃદયંગમ કરે, તેને દરેક પરીસ્થિતિમાં કઈ રીતે જીવવું તેનું જ્ઞાન થઈ જાય.
- વર્તમાને અલ્પ પુણ્યવાણી લઈને આવેલા દરેક વ્યક્તિને કાંઈ ને કાંઈ સમસ્યાઓ રહેવાની જ; પણ સમસ્યા છે તો તેનું સમાધાન પણ છે.
- નવ તત્વ એ એવું અનોખું જ્ઞાન છે, જેનાથી જિનવાણીનું મોટા ભાગનું જ્ઞાન મળી જાય છે.
- આ બુક ના માધ્યમે, નવ તત્વ ના જ્ઞાન વડે, જિનવાણીના સહારે, કઈ રીતે જીવવું, દરેક ઉદયમાં પ્રસન્નતા કઈ રીતે ટકાવવી, તે જાણવા આ બુક અવશ્ય વાંચવી જ રહી...
- તો નવ તત્વના એક-એક શબ્દના અર્થ, ભાવાર્થ, ઉચ્ચાર અને ગૂઢ રહસ્ય ને જાણવા, માણવા, નાના-મોટા-યુવાન પ્રૌઢ દરેક આ પરિક્ષામાં જોડાઈને નવ તત્વના મહત્વ ને જાણે અને આચરણ કરે તે જ શુભ ભાવના...
- તા. ૧-૮-૨૪ થી ૩૦-૯-૨૦૨૪ સુધી બુક અને પ્રશ્નપત્ર નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી શકશો અને પેપર ભરીને તા. ૩૧-૧૦-૨૪ સુધી નીચેના કોઈપણ એડ્રેસ ઉપર પરત કરવાનું રહેશે.
- આ પેપરની ચકાસણી JDSS ના નિષ્ણાત સુપરવાઈઝર દ્વારા કરવામાં આવશે અને માર્કસ આપવામાં આવશે.
- પ્રથમ ઈનામ રૂા. ૧૧૦૦૦/-, દ્વિતીય ઈનામ રૂા. ૭૫૦૦/-, તૃતીય ઈનામ રૂા. ૫૦૦૦/- તેમજ રૂા. ૧૦૦૦/- ના પાંચ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.
- એક કરતા વધુ પરીક્ષાર્થીઓને સરખા માર્કસ આવશે તો ઈનામની રકમ સરખે ભાગે વહેંચવામાં આવશે.
- આ એક્ઝામમાં ઝાલાવાડી સભાના સભ્યો તેમ જ તેમના પરિવારના સભ્યો ભાગ લઈ શકશે ભાઈઓ, બહેનો, બાળકો, વડીલો કોઈપણ આ પરીક્ષામાં ભાગ લઈ શકે છે.
- નવ તત્વની બુક ગુજરાતી, અંગ્રેજી અને હિંદી એમ ત્રણે ભાષામાં ઉપલબ્ધ છે ભાગ લેનાર દરેક પરીક્ષાર્થીઓને certificate આપવામાં આવશે.
- આ પરીક્ષાનું પેપર ઓપન બુક રહેશે અને ઘરે બેઠા જ લખવાનું રહેશે.

**પુસ્તક અને પેપરના પ્રાપ્તીસ્થાન નીચે મુજબ છે...**

**SHREE ZALAWADI STHAAKWASI JAIN SABHA**
301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
M No. 7208472884 • 7208481791 • 7208472744

**CLASSIC OPTICIANS**
Shop No.5, Platinum Bldg, Juhu Lane, Corner of Azad Lane, ANDHERI WEST, Mumbai -58.
Timings : 10.30 to 2.00 pm • 4.00 pm to 8.30 pm • SUNDAY CLOSED
MUKESH SHAH CHASMAWALA - 9819183325

**TEJAL NIRAV DOSHI**
A-22, Vanashri, L.T. Road, Opp. Diamond Cinema, Borivali (West), Mumbai - 400092 • M.No. : 7021761218 / 9820823400

Convenor for More Details
**Mukesh Shah Chasmawala - 9819183325**


આ જાણકારી આપના નજીકના સાધાર્મિક ભાઈ-બહેનો સુધી પહોંચાડવા નમ્ર વિનંતી, જેથી વધુમાં વધુ શ્રાવક-શ્રાવિકાઓ જોડાઈ શકે...

# તું તારું જ સંભાળ

ભારતી શાહ

નિશાળનાં વર્ગમાં છઠ્ઠા ધોરણની ગણિતની પરીક્ષાનાં પ્રશ્ન પત્રો વહેંચાયા, ઉત્તરવહીનીનાં પાનાં ફરતા હતાં એનો અ વાજ પણ સંભળાય એવી નિરવ શાંતિ છવાયેલી હતી. પ્રશ્નપત્રોનાં પ્રશ્નો સમજવામાં અને ઉત્તર મનમાં ગોઠવવામાં વિદ્યાર્થિઓ પરોવાયેલા હતાં. ઉચુ જોવાની કોઈને ફૂરસદ નહોતી.

બાસઠ વિદ્યાર્થિઓમાં એક એવો હતો કે ચોતરફ મોં ફરવીને અન્ય વિદ્યાર્થિઓને જોયા કરતો. કોઈ વિદ્યાર્થિ ઉત્તર શોધવાની મથામણમાં માથું ખંજવાળી રહયો હતો, તો કોઈ વિદ્યાર્થિ લખતાં પહેલા પેનમાં આવેલી શાહીને માથાનાં વાળ સાથે ઘસતો હતો... આમ આજુબાજુ જોતા એણે પણ જરા તરા લખવાનું શરૂ કર્યુ ત્યાં કોઈ છોકરો પોતાના બુટથી ઠપકારી પગનો તાલ આપતો હતો તે તરફ ધ્યાન ગયું એની બાજુમાં એક છોકરો પોતાનાં ચશ્માં કાઢી ખમીસથી સાફ કરતો હતો, એ પર નજર પડી. આગઉનાં પ્રશ્ન ન સમજાતા પાસે બેઠેલા વિદ્યાર્થિને પૂછવા લાગ્યો, હમણાં વાત ન કર, મને લખવા દે એમ એને જવાબ આપ્યો. આ બધું જોવામાં ઘણો સમય વીતતો ગયો. ખાસ કઈ લખાયુ નહી, એટલામાં પરીક્ષકે જાહેર કર્યું કે હવે માત્ર પંદર મિનિટ જ બાકી રહી છે. ચીવટવાળા વિદ્યાર્થિઓ પોતાની ઉત્તરવહી આપીને ચાલવાં લાગ્યા. તે બધાંને પણ આ વિદ્યાર્થિ રસપૂર્વક જોતો રહયો, કોણે કેવું શર્ટ પહેર્યું છે, કેવી રીતે વાળ ઓળ્યા છે, તેનું જ નિરીક્ષણ કરતો રહ્યો અને પંદર મિનીટ પૂર્ણ થતાં પરીક્ષકે બાકી રહેલાં બધાં જ વિદ્યાર્થિઓની ઉત્તર વહી લઈ લીધી. આ વિદ્યાર્થિ અફસોસ કરતો કરતો બહાર નીકળી ગયો. વીલા મોંઢે અને ધીમાં પગલે એ બહાર નીકળ્યો. બહાર બધા વિદ્યાર્થિઓ એકબીજા સાથે મળીને પોતાનાં ઉત્તરોની ચકાસણી કરી રહ્યા હતા. ત્યારે આ વિદ્યાર્થિ એકલો અટૂલો મૂંગો બની જોતો રહ્યો. પરિણામ શું આવ્યું હશે એની તો કલ્પના આપણે કરી શકીએ.



મિત્રો, આપણે પણ આ સંદર્ભમાં વિચારવાનું છે. આપણું જીવન રોજ આપણી પરીક્ષા કરે છે. રોજે રોજ નવાં પ્રશ્નો આપણી સામે આવે છે. સમય પણ ઓછો પડે છે જેનાં ઉત્તર આપવા એ એક પડકાર બને છે. તેમ છતાં આપણી નજર તો બીજાં બધાં શું કરે છે ? આપણી આસપાસ શું ચાલી રહ્યું છે ? તેનાં પર જ રહે છે. બીજાંનું જોવામાં અને એનાં નિર્ણાયક બનવામાં જ આપણો પિરીયડ પૂરો થઈ જાય છે. આપણી પણ ઉત્તર વહી ખાલી જ રહી જાય છે.

**કવિ કરસનદાસ માણેકની પંકિતઓ યાદ આવે છે:**

**આ થયું હોત ને તે થયું હોત,**
**ને જો પેલું થયું હોત તો કેવું સારુ થાત,**
**અંત સમયે એવા અંતરની**
**હોય ના શોધાશોધ,**
**હરિ હું તો માંગુ છું એ વું જીવન,**
**જેનો સાચો ઉત્તર લખીને આવું તારી પાસ.**
**પણ સમય નથી રહ્યો મારી પાસ.**

જીવનમાં આ રહી ગયું, તે રહી ગયું, મારે તો હજુ આ કામ કરવું જ હતું અને પે'લુ કામ કર્યા વિના ચાલે તેમ જ નહોતું. જો મારું ધાર્યું કામ થશે તો મારું નામ રોશન થશે. આવો બળાપો શું કામનો ? દુનિયાની પારકી પંચાત છોડી મારા ભાગે આવેલા પ્રશ્નપત્ર પ્રમાણિકતાથી અને જાતનિષ્ઠાથી ભરીને સમય આવે તે પહેલાં જ ભરીને આપી દેવા તૈયારી કરી લઉ તો મને નથી કોઈ ચિંતા કે નથી કોઈનો ભય, મારાંથી બનતું બધું જ મે સારું જ કર્યું છે. મેં કોઈને છેતર્યા નથી કે નથી કોઈ સાથે ખોટુ કર્યું. હવે મને ખુબ જ વિશ્વાસ છે કે આ મનુષ્યભવનાં પ્રશ્ન પેપરનાં બધાંજ ઉત્તર પરમાત્માં રાજી થાય તેવાં જ લખ્યાં છે.

સૃષ્ટિનાં સર્જનહારનાં આપણે પણ એક વિદ્યાર્થિ જ છીએ તે આપણે ભૂલી જ ગયા છીએ. માર્ચ અને એપ્રિલ મહિનો આવે એટલે વિદ્યાર્થિઓનો પરીક્ષા સમય આવે ત્યારે બાળકોનાં ભણતરની ચિંતા કરતાં કરતાં આપણે પણ તૈયારી રાખતાં શીખવું જોઈએ. તો જ સુખ, શાંતિ અને આનંદ મળશે.

**તું તારું જ સંભાળ,**
**તારા અંતર ને અજવાળ....**
**બહુ જ ઓછો રહયો છે તુજ કાળ.**

❖❖❖



# હવાફેર

ગિરીશ ગણાત્રા

રાત્રે જમીને અરવિંદ એના પરિવાર સાથે ટી.વી. કાર્યક્રમો જોઈ રહ્યો હતો ત્યાં એના ફ્લૅટની ડોરબેલ રણકી. અરવિંદની પત્ની મીતાએ ઊભા થઈને બારણું ખોલ્યું તો સામે ઉપરવાળા કિશોરભાઈ અને એમનાં પત્ની શોભનાબહેન ઊભાં હતાં.

''આવીએ કે ? હસતાં હસતાં શોભનાબહેને પૂછ્યું.

''આવો, આવો. ઘણા દિવસે ભૂલા પડયા ?''

''અમે તમને ડિસ્ટર્બ તો નથી કરતાં ને ?''

''ના રે ના. ટી.વી. તો હવે રોજનું થયું. થોકબંધ ચૅનલો અને થોકબંધ કાર્યક્રમો. આ તો ટાઈમપાસ થાય છે... સાંભળો છો ?'' કિશોરભાઈ અને શોભનાબહેન આવ્યાં છે !''

''એ આવો આવો કિશોરભાઈ'' અરવિંદે સોફા પરથી ઊભા થતાં આવકાર આપ્યો અને બાજુના રૂમમાં લઈ જતાં કહ્યું, ''આ શું છોકરાઓને ટી.વી. જોવામાં ખલેલ ન પડે એટલે અહીં બેસીએ. આપણે આપણી વાતો થાય ને છોકરાઓને જે જોવું હોય તે જુએ...શું લેશો ? ચા, કૉફી કે શરબત ?''

''નહિ, નહિ. કશું જ નહિ. આ ડાઈનિંગ ટેબલ પરથી ઊભા થઈને સીધા જ ચાલ્યા આવીએ છીએ'' શોભનાબહેને કહ્યું, ''અને હાં મીતા, બેસને તું. ક્યાંય રસોડામાં નથી જવું. હા, જરા પંખો ચાલું કર. હવે ગરમી પડવાની શરૂ થઈ ગઈ છે.''

મીતાએ પંખો ચાલુ કર્યો અને રસોડામાં જઈ શરબતનાં ગ્લાસ લઈ આવી.

''તને ના પાડી તોય રસોડામાં ગઈ ને !'' શરબતનો ગ્લાસ લેતાં શોભનાબહેને હસીને કહ્યું, ''હવે કયાંય જતી નહિ. બેસ. અમે એક વાત કરવા આવ્યા છીએ...શું પ્રોગ્રામ છે આ ઉનાળે ?''

''અમે તો કંઈ વિચાર્યું નથી, તમે ?''

''અમે તો દર વર્ષની માફક આ વખતે નીકળી જવાના છીએ. તમેય લગભગ પંદરમી મે પછી મુંબઈમાં નથી હોતા, ખરું ને ?''

''હા, એવું ખરુ, પણ શું વિચાર્યું છે ?''

''એક ટ્રાવેલ એજન્સી જોડે વાતચીત કરી છે'' કિશોરભાઈએ કહ્યું, ''બીજી મેથી એની ઘણી ઘણી ટુરો ઊપડે છે.'' કહી કિશોરભાઈએ ગજવામાંથી જુદાંજુદાં પેમ્ફલેટ કાઢી અરવિંદ સામે ધરતાં કહ્યું, ''સાઉથની અઢાર દિવસની ટુર છે, કુલુ-મનાલી, દિલ્હી, ચંડીગઢની તેર દિવસની, આગ્રા-મથુરા-નૈનીતાલ રાણીખેતની અગિયાર દિવસની... ઘણી ઘણી ટુર છે. દરેકમાં ભાવતાલ લખેલા છે. આપણે ગ્રુપ બુકિંગ કરીને જઈએ તો સસ્તું પડે. તમારી બાજુવાળાં સંજયભાઈ એના કુટુંબ સાથે તૈયાર છે. મારા બિઝનેસ પાર્ટનર પણ જોડાય છે. નીચેવાળા ચંદ્રકાંતભાઈ પણ લીવ ફેર કન્સેશન લેવાના છે. બાવીસ જણા થઈ ગયા. તમે આવો તો છવ્વીસ થાય. ત્રીસ જણાનું ગ્રુપ બુકિંગ લેવાય છે. એ તો બિલ્ડિંગમાં બે-ત્રણ જણાને કાને વાત નાખીશું એટલે કોઈ ને કોઈ તૈયાર થઈ જશે...વિચાર થાય છે ?''

અરવિંદે ત્યારે તો કિશોરભાઈને કોઈ ચોક્કસ જવાબ ન આપ્યો પણ 'વિચાર કરીને કાલે કહું' કહી જુદાંજુદાં પર્યટન સ્થળોની વાતો ચલાવી.

થોડીવાર બેસી કિશોરભાઈ અને શોભનાબહેન ઊભા થયાં. જતાં જતાં કહેતાં પણ ગયાં, ''પણ અરવિંદ, કાલે ફાઈનલ કરીને જણાવી દેજે, એટલે મને સમજણ પડે. પેલા વર્ષે આપણે કાશ્મીરની ટુર પર ગયા હતા અને જે મજા આવી હતી એવી જ મજા આવશે. સૌ સાથએ હોઈએ તો ફેર પડે. મુશ્કેલીઓ ઓછી થાય ને છોકરાઓ સચવાઈ જાય. આપણે વળી ક્યાં ટિકિટ બુકિંગ, હૉટલ બુકિંગ કે જમવા કરવાની ઘાંઈમાં પડીએ ? બધું ટ્રાવેલ એજન્સીને માથે. આપણને તો એ જે બતાવે એ જોવાનું ને મજા કરવાની.''

અરવિંદ જાણતો હતો કે ટ્રાવેલ એજન્સીની ટુરમાં કેવી મજા આવે છે તે ! એ કિશોરભાઈ જોડે કાશ્મીર ગયો હતો ત્યારે આરંભના બે-ચાર દિવસો એને મજા આવી પણ પછી ભરચક કાર્યક્રમોની હારમાળામાં એનું કુટુંબ એવું અટવાઈ ગયું કે એ કાશ્મીરને પૂરેપુરું માણી ન શક્યો. સવારે ઊઠીને મોગલ ગાર્ડન્સ ડોવા ગયા. ગાર્ડનમાં માત્ર અડધો કલાક. બાગમાં પ્રવેશીને સતત કાંડા ઘડિયાળમાં જોયા કરવાનું. નિશાત બાગમાં મીતાને કાશ્મીરી પોષાકમાં ફોટો પડાવવો હતો એટલે એમાં જ પંદર-વીસ મિનિટ નીકળી ગઈ. ફોટો પડાવવા જતા બાગ જોવાનો રહી ગયો. ગાર્ડન્સ જોઈને પાછા આવ્યા કે ડાલ-લેકના ચક્કરમાં. મોડી સાંજે શોપિંગ. જમી-પરવારીને માંડ પથારી ભેગા થઈએ ત્યાં એલાન આવે : કાલે પહેલગામ જવાનું છે. સૌ સાત વાગે તૈયાર થઈ નીચે આવી જજો. દરરોજનો બાર બાર કલાકનો કાર્યક્રમ.

અરવિંદને સમજણ ન પડી કે એણે કાશ્મીરમાં શું જોયું ને શું ન જોયું.

એને યાદ આવ્યું. એ આવી એક ટુરમાં આગ્રાનો તાજમહેલ જોવા ગયો હતો. તાજ માટે ફાળવાયેલા દોઢ કલાકમાં એ કુટુંબ સાથે અહીંતહીં રખડ્યો, ફુવારાના હોજમાં પગ ઝબોળ્યા, નાનકડા સંતાનોને નાસ્તો કરાવ્યો, તાજમહેલ ફરતે ચક્કર માર્યું. જોતજોતામાં સમય પસાર થઈ ગયો અને એ પાછો બસમાં ચડી બેઠો.

ઑફિસમાં કોઈ એને પૂછતું હતું - તાજમહેલની ફરતે જે ચાર મિનારો છે એ બધી એકબીજાને સમાંતર નથી. કારણ શું ? તાજમહેલના પ્રવેશદ્વારથી તાજ પર લખાયેલું લખાણ જે નજરે ચડે છે એ દૂર હો કે નજદીક હો, એકસરખું કેમ ભાસે છે ?

અરવિંદ જવાબ આપી શક્યો ન હતો. આ અને આવી અનેકવિધ ખૂબીઓથી એ બિલકુલ અજાણ હતો.

''અરવિંદભાઈ, દાર્જીલિંગ ગયા હતા એટલે કંચનજંઘા પર્વતનું અનુપમ દશ્ય તો નિહાળ્યું જ હશે, નહીં ?''

''હેં ? હા...ના...'' અરવિંદ થોથવાઈને જવાબ આપે છે, ''વાત જાણે એમ હતી કે અમે દાર્જીલિંગમાં તો માત્ર દોઢ-બે દિવસ જ રોકાયા હતા. મોડી સાંજે આવ્યા ત્યારે વરસાદ વરસતો હતો ને બીજે દિવસે સવારે અમે મિરીક ચાલ્યા ગયા તે છેક સાંજે પાછા ફર્યા. વાદળો અને વરસાદને કારણે... એવું હતું ને કે...કે....પર્વત દેખાયો જ નહિ...''

બાર-પંદર દિવસમાં બાવીસ-ત્રીસ જેટલાં સ્થળો જોયાં પછી સ્મૃતિમાં સચવાયું શું ? આગલી રાતે પરીક્ષાની તૈયારી કરતો વિદ્યાર્થી ચાર-પાંચ કલાકમાં દોઢસો-બસો પ્રશ્નોના જવાબો વાંચી જાય એ રીતે જ થયું ને ? આમેય, આ જગતમાં એટલાં બધાં સ્થળો જોવાં જેવાં હોય છે કે એક આખી જિંદગીમાં તો એ પૂરાં જ ન થાય. દરેક સ્થળને એનું સૌંદર્ય હોય છે, રમ્ય પ્રકૃતિ હોય છે ને વિશિષ્ટતા હોય છે. ખાલી ખાલી નજરે જોવાં કરતાં ભરપુર નયને માણવાની મજા કોઈ જુદી જ હોય છે.

સાંજે ઑફિસેથી આવ્યા પછી એણે મીતાને કહ્યું,

''મીતા, આ વેકેશનમાં આપણે ફરવા જવું છે તો ક્યા સ્થળ માટે....''

''ભાઈસા'બ, તમે જે સ્થળ નક્કી કરો તે'' મીતાએ આજીજીપૂર્વક કહ્યું, ''પણ દોડાવતા નહિ. વહેલી સવારથી ઊઠીને મોડી રાત સુધી બસ દોડ દોડ કરતાં જ રહેવું પડે છે. ન નાસ્તાના ઠેકાણાં. ન જમવાના ઠેકાણાં. ઘણી જગાએ તો મારે બસમાં બેસી જ રહેવું પડે છે. આવી દોડધામ કરવા કરતાં જે જગ્યાએ જવાનું હોય એ જગ્યાઓના ફોટાઓનું એક આલ્બમ લાવી દેતા હો તો ! ઘેર બેઠા એને આનંદથી જોઈ તો શકાય.''

રાત્રે કિશોરભાઈ અને શોભનાબહેન ફરી આવ્યાં.

''કેમ ભાઈ, શું વિચાર કર્યો ? મેં આપેલા બધા પેમ્ફલેટ તું જોઈ ગયો ને !''

''હા.''

''કઈ ટુર પર તારી પસંદગી છે ?''

''કિશોરભાઈ, આ ડેલહાઉસી કેવું ?''

''અરે વાહ. તારી અને મારી પસંદગી એક જ સરખી નીકળી. પઠાણકોટથી ડેલહાઉસી, ત્યાંથી કાંગરાવેલી, ધરમસાલા અને પછી કુલુ-મનાલી. તેર દિવસની ટુર. સંજયભાઈએ પણ જે બે ટુર પસંદ કરી એમાં તમે કહી તે આ ટુર આવી જાય છે. તો ફાઈનલ ને ?''

''હા, ફાઈનલ, પણ તમે કહો છો એ બધાં સ્થળોએ મારે આવવું નથી. મારે પાંચ દિવસ ડેલહાઉસી, પાંચ દિવસ કુલુ અને પાંચ દિવસ મનાલી રહેવું છે. બીજે ક્યાંય જવું નથી. કદાચ દરેક સ્થળે અઠવાડિયું અઠવાડિયું પણ કરી નાખું....''

''પણ કન્ડકટેડ ટુરમાં તમારો આ પ્રોગ્રામ કેવી રીતે ફીટ બેસશે ?''

''ન બેસે તો પરાણે બેસાડવો નથી પણ મેં જે સ્થળો કહ્યાં એ સ્થળે નિરાંતે રહેવું છે, એનું સૌંદર્ય ભરપૂર માણવું છે ને દષ્ટિના કૅમેરામાં ઝડપી લેવું છે. આ સ્થળોની નજાકતને હૈયામાં એવી રીતે ભરી લેવી છે કે એનું ભાથું પૂરા એક વર્ષ સુધી ચાલે.''

''પણ ભાઈ, એમાં ખર્ચો વધી જશે. ઉપરાંત બુકિંગની, હોટેલની ને એવી બધી માથાકૂટ તો માથે લટકતી રહે.''

''હું નથી ધારતો કે એટલો બધો ખર્ચ આવે અને આમેય અજાણ્યા સ્થળે અજાણ્યાને મદદ કરવા અનેક જણો તૈયાર થઈ જાય છે એટલે હું માનું છું કે કોઈ ખાસ મુશ્કેલી નહિ પડે.''

''એટલે કે તું... તું... અમારી સાથે નથી આવતો ?''

''એમ જ. પણ આપણે ડેલહાઉસીમાં જરૂર ભેગા થઈ જશું.''

કિશોરભાઈને આ ગમ્યું નહિ. એ થોડી વાતચીત કરી ઊભા થયા.

બંને ગયાં એટલે મીતાએ બારણું બંધ કરીને પૂછ્યું -

''અરવિંદ, તેં ખરેખર આવો નિર્ણય કર્યો છે ?''

''હા, મેં બધો પ્લાન ઘડી કાઢ્યો છે. આ વખતે તને દોડધામ નહિ થાય. આપણે ફરવા જઈએ છીએ, થાકવા નહિ.... અને હાં, આ વખતે કૅમેરાને બદલે આંખનો વધુ ઉપયોગ કરીશું. કબૂલ ?''

અરવિંદનો આ નિર્ણય માત્ર મીતાને જ નહિ, એમનાં બાળકોને પણ ગમી ગયો. 'જીવ્યા કરતાં જોયું ભલું' કહેવતમાં એણે એક શબ્દ ઉમેર્યો - જીવ્યા કરતાં જોયું ને જાણવું ભલું.

❖❖❖



# જાનુ

**ડૉ. આઇ. કે. વીજળીવાળા**

'**આ**વાં ભાગ્ય લઈને પણ આ છોકરાંવ જનમતાં હશે ને ?' નવજાત શિશુ વિભાગનાં સ્ટાફ સિસ્ટર બોલ્યાં, 'આનાથી બદતર દશા બીજી શી હોઈ શકે ?'

સવારના સાડા આઠ જેવું થયું હશે. નવજાત શિશુ વિભાગમાં આવીને એક પોલીસે ત્યજી દીધેલી એક દીકરીને સોંપી. ક્યાંક ગટર કે ઉકરડા પાસેથી એ મળી આવેલી. કાયદા પ્રમાણે આવાં મળી આવેલાં બાળકોને અમારા નવજાત શિશુ વિભાગમાં રાખવામાં આવતાં. એટલે પોલીસે આ બાળકી અમારા વિભાગને સોંપેલી થોડાક જ કલાકોની એ ફૂલ જેવી બાળકી આખી રાત કીડી-મંકોડા અને જીવજંતુઓ વચ્ચે પડી રહી હશે. એના આખા શરીર પર આવાં જંતુઓના કરડવાનાં નિશાન હતાં. એના શરીરની ઘણીખરી ચામડી આવાં જીવડાંઓ ખાઈ ગયાં હતાં. વાંસા, કાન નાક અને પેટની ચામડીમાંથી લોહી વહેતું હતું. વાળમાં તો હજુ પણ ઢગલો લાલ કીડીઓ ચોંટી હતી. એ બાળકીનું શરીર સાવ ઠંડુ પડી ગયું હતું. ખૂબ જ મંદ અવાજે એ ક્યારેક ઊંહકારા ભરી લેતી હતી. એનો શ્વાસ ઝડપથી ચાલતો હતો. ટૂંકમાં, સંપૂર્ણપણે એ એક જુગુપ્સાપ્રેરક દૃશ્ય હતું. અને આ જોઈને સ્ટાફ સિસ્ટરના મોઢામાંથી આવું વાક્ય નીકળી જાય કે, 'આવાં ભાગ્ય લઈને પણ આ છોકરાંવ જનમતાં હશે ને ?' તેમાં કંઈ જ નવાઈ નહોતી.

આવાં બાળકોને સાચવવાં એ અમારી ફરજનો એક ભાગ જ હતો. આ છોકરી જેને હવે પછી આપણે જાનુ કહીશું એને પણ આ જ પ્રમાણે અમારી દેખરેખમાં મૂકવામાં આવી. દાખલ કરાયા પછી એકાદ કલાક તો અમને એના શરીર પરથી કીડીઓ દૂર કરવામાં અને એના ઘાની સંભાળ લેવામાં થયો. એને ઈન્ક્યુબેટરમાં મૂકીને હૂંફ આપવામાં આવી તેમજ નસમાં ગ્લુકોઝ શરૂ કરાયું. યોગ્ય ઍન્ટિબાયોટિક્સ દવાઓ પણ શરૂ કરાઈ. થોડાક જ કલાકોમાં જાનુના ઊંહકારા રુદનના સ્વરૂપે વ્યક્ત થવા લાગ્યા. એનામાં રોવાની તાકાત આવી એ અમારા માટે આનંદની વાત જ હતી. એ એની સુધરતી તબિયતની નિશાની હતી. ડૉક્ટર્સ માટે દરેક દર્દી સરખો જ હોય છે. એ મહેલમાંથી આવે છે કે ઉકરડામાંથી એની સાથે ડૉક્ટરને કોઈ નિસ્બત નથી હોતી. દર્દી ગમે ત્યાંથી આવતો હોય, અમીર હોય કે ગરીબ, કારગત નીવડતી દવાઓ અને એમની સુધરતી તબિયત અમારા માટે એક જુદા જ પ્રકારનો આનંદ આપનારા બની રહેતાં હોય છે. આવું જ અમે જાનુની બાબતમાં અનુભવી રહ્યા હતા. એની નિશાનીએ બતાવતી હતી. કે એ હવે ઝડપભેર સારી થઈ શકશે.

દિવસો વીતતા ગયા. મોટા ભાગનાં નવજાત શિશુઓ આ વિભાગમાં દાખલ થયા પછી ચારથી પાંચ કે વધીવધીને આઠેક દિવસમાં ઘરે જતાં રહેતાં હોય છે. પણ જાનુની બાબતમાં તો વાત કંઈક જુદી જ હતી. એનું તો ઘર જ આ હતું. એટલે સારા થઈ ગયા પછી પણ અમુક મહિનાઓ સુધી એને અમારી જોડે અહીંયાં જ રહેવાનું હતું. જાનુ ખૂબ જ ચપળ અને હસમુખી છોકરી હતી. વૉર્ડની દરેકેદરેક વ્યક્તિની એ ખૂબ જ હેવાઈ થઈ ગયેલી. અમારો અવાજ દૂરથી સાંભળે ત્યાં જ ઘોડિયામાં પડી પડી એ હાથ હલાવવા માંડે. એના ઘોડિયા પાસેથી નીકળો ત્યારે એવી રીતે તમારી સામે તાકી રહે જાણે કે તમારી જ વાટ ન જોતી હોય ! દોઢ મહિનાની થઈ ત્યાં જ એ હસવાનું શીખી ગઈ હતી. અને જ્યારે આટલું નાનકડું બાળક આપણી સામે હસે ત્યારે એ આપણા સમગ્ર અસ્તિત્વને સ્પર્શી જતું હોય છે. જાનુ પણ હવે આખા નવજાત શિશુ વિભાગના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ હતી. ફક્ત બે જ મહિનાની ઉંમરે તો એ યુનિટની બહાર સંભળાય તેવી કિલકારીઓ કરતી. વૉર્ડમાં આવતાં-જતાં દરેકનું ધ્યાન ખેંચવા માટે એ જુદા જુદા અવાજો કરતી. માની લો કે એને આ ટ્રિક-યુક્તિ ફાવી ગઈ હતી. અને ભૂલેચૂકે પણ જો એની સામે જોવાઈ જાય તો તમારી આંખોમાં જોઈને એવી રીતે હસી દેતી કે તમારે એને તેડવી જ પડે ! પછી એમાં ચાલે જ નહીં !

પછી તો એવું ચાલ્યું કે જેનું પણ કામ પૂરું થઈ જાય તે જાનુને રમાડવા લઈ જાય. હવે તો એ મોટી પણ થઈ ગઈ હતી. એટલે નવજાત શિશુઓ માટેનાં બંધનો એને લાગુ નહોતાં પડતાં. એ કોઈ ને કોઈની જોડે વૉર્ડમાં આંટો મારવા જતી રહેતી. ક્યારેક અમારા વિભાગ પછીનો એક વૉર્ડ વીંધીને એ ડિલિવરી રુમ્સ સુધી પણ જઈ આવતી. ક્યારેક વળી કામ પડતું મૂકીને એને રમાડવા બેસી જતી સ્ટુડન્ટ નર્સિસને ઠપકો પણ સહન કરવો પડતો. ટૂંકમાં, હંમેશ માટે યંત્રવત્ કામ કરતા નવજાત શિશુ વિભાગને જાણે જાનુ નામના

ઊર્મિશીલ હૃદયે ધબકતો કરી દીધો હતો. આ વિભાગને એણે એક પ્રકારની જીવંતતા બક્ષી દીધી હતી.

પણ જાનુ અમારી જોડે ક્યાં સુધી ? એ સવાલ કે વાતની ચર્ચા શરૂ થતાં જ અમારા સૌના હોઠ સિવાઈ જતા. અનિવાર્ય એવો આ સવાલ હતો. પણ દરેક વ્યક્તિ જાણે આ સવાલથી પણ દૂર રહેવા માગતી હતી એવું લાગતું. આમેય ત્રણ મહિનાથી મોટા બાળકને વિકાસગૃહમાં મોકલી દેવાતું, કારણ કે એ ઉંમરે પછી એને નવજાત શિશુ વિભાગમાં રહેવાની જરૂર નથી રહેતી. આ વિચારમાત્રથી પણ અમે ચિંતામાં પડી જતા. અહીંથી ગયા પછી એની પર અનાથ બાળકનું લેબલ લાગી જશે એ વિચાર પણ અમને અકળાવી મૂકતો. બે દિવસની ટ્રેનની મુસાફરીમાં પણ એકબીજા સાથે ગાઢ સંબંધો બંધાઈ જતા હોય છે. તો ત્રણ મહિના તો લાંબો સમય જ કહેવાય. આટલા મહિનાઓના સાથથી અમને આ નાનકડી બાળકી માટે લાગણી થઈ જાય એ એકદમ સ્વાભાવિક હતું. અમારાં સ્ટાફ સિસ્ટર ઘણી વખત બોલી પણ જતાં કે, 'આપણે લાખ સાચવીએ પણ અંતે તો એને અનાથ જ રહેવાનું ને ? આ બધાં બાળકો તો આવાં જ ભાગ્ય લઈને જનમતા હોય છે.' અને સૌ પણ એ જાણતા હતા. પણ સ્વીકારી નહોતા શકતા.

ધીમે ધીમે જાનુને અમારી વચ્ચેથી વિદાય લેવાનો સમય નજીક આવતો જતો હતો. એક દિવસ સવારે ૯-૦૦ વાગ્યે અમારા હેજ ઑફ ધી ડિપાર્ટમેન્ટ મૅડમનો ફોન આવ્યો કે, 'જાનુને હવે સોંપી દેવાની છે. હું આવું છું.'

આ ખબર મળતાં જ આખા યુનિટમાં સન્નાટો છવાઈ ગયો. બધાએ વારાફરતી જાનુને વહાલ કરી લીધું. જાનુ પણ જાણે સમજી ગઈ હોય તેમ એ દિવસે ગજબની શાંત હતી. હસતી હતી ખરી, પણ જાણે આવનારી જુદાઈને એ પણ પામી ન ગઈ હોય તેમ ! બાળકોને પણ આવી અતીન્દ્રિય શક્તિઓ મળતી જ હશે ને !

બરાબર દસના ટકોરે અમારાં મૅડમ આવ્યાં. અમને નવાઈ એ લાગી કે દર વખતની માફક આ વખતે વિકાસગૃહનાં બહેનના બદલે મૅડમની જોડે એક દંપતી પણ હતું. એમણે જાનુને જોઈ. ખિલખિલાટ હસતી અને હાથ હલાવીને એની પોતાની આગવી ભાષામાં અભિવાદન કરતી છોકરી જોઈને એમને આનંદ થયો હોય તેવું લાગ્યું. અને આનંદ કેમ ન થાય ? જાનુ આનંદ અને ખિલખિલાટ હાસ્યનું બીજું નામ જ તો હતી.

કાયદાકીય ઔપચારિકતાઓ પૂરી કરીને એ દંપતીને બીજા દિવસે આવવાનું કહેવામાં આવ્યું. અમે સૌ શાંત ઊભાં હતાં. જાનુ હવે અમારી વચ્ચેથી જતી રહેશે તેનો રંજ અમારા બધાનાં મોં પર સ્પષ્ટ વરતાઈ આવતો હતો.

'ચાલો સારું થયું,' સ્ટાફ સિસ્ટર બોલ્યાં, 'માબાપની છત્રછાયા તો મળી !' આટલું બોલીને એ આડું જોઈ ગયાં. કદાચ અમે એમની આંખો ન જોઈ જઈએ એટલે.

મૅડમ સાથે વાત કર્યા બાદ સૌનું અભિવાદન કરી એ દંપતી વિદાય થયું. મૅડમે અમારી સામે જોયું. અમે બધા આજે મૂડમાં નથી એનો એમને ખ્યાલ જ હતો. એ કંઈ ન બોલ્યાં. રાઉન્ડ લઈ અન્ય બાળદરદીઓ અંગે જરૂરી સલાહ-સૂચન કરીને એ બહાર ગયાં. એમના ગયા પછી જ અમે જાનુના જવાની સાચી વેદના અનુભવી. અમને કોઈને કંઈ પણ સૂઝતું નહોતું. સૌની આંખો કોરી હતી પણ અંદરખાને તો બધાં જ રડતાં હતાં. વાતાવરણમાં નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ હતી. અમને સૌને જાણે કે આજે આ વિભાગમાં એક અજબ પ્રકારની ગૂંગળામણ થઈ રહી હતી.

અચાનક જ અમારા યુનિટનું બારણું ફરીથી ખૂલ્યું. 'બાય ધ વે ! એક વાત તો તમને સૌને કહેતાં જ હું ભૂલી ગઈ.' અમારાં મૅડમે ફરીથી અંદર ડોકિયું કરતાં કહ્યું, 'આ કપલ (દંપતી) જે હમણાં ગયું ને એ જર્મનીથી આવે છે. મલ્ટીમિલિયોનૅર (અતિ પૈસાદાર) છે. અને આપણી જાનુ આવતા મહિને જર્મની જઈ રહી છે. હંમેશ માટે !' એટલું કહીને મૅડમ જતાં રહ્યાં.

કારણ ગમે તે હોય પણ અચાનક જ અમારા સૌના મનમાં ખુશીની એક લહેર દોડી ગઈ. જરાક વાર પહેલાં દાઝેલાં અમારાં દિલોદિમાગ પર જાણે કોઈએ શીતળ ચંદનનો લેપ કરી દીધો હોય એવી ખુશી વ્યાપી ગઈ. જાનુ જવાની જ હતી એ નિયતિ હતી પણ એ એક ખૂબ જ સારા ઠેકાણે જઈ રહી હતી એ વાત અમને આનંદ આપનારી બની ગઈ.

આ બધી વાતચીત દરમિયાન સ્ટાફ સિસ્ટર અંદરના રૂમમાં હતાં. એમના કાને આ શબ્દો અર્ધા-પર્ધા જ પડેલા. એટલે એ દોડતાં બહાર આવ્યાં અને, 'શું થયું ? હેં શું થયું ?' પૂછવા લાગ્યાં.

'જાનુ હવે જર્મની જઈ રહી છે. બોલો સિસ્ટર ! આપણી લાડકી જાનુ હવે અહીંથી સીધી જ જર્મની જશે. આપણે ક્યારે પોતાની કાર લઈશું એ કોને ખબર બાકી એ તો આવતા મહિનાથી જ મર્સિડીઝમાં ફરશે !' અમે સૌ બોલી ઊઠ્યા.

સ્ટાફ સિસ્ટર પણ ખુશીનાં માર્યા થોડી વાર માટે કંઈ બોલી ન શક્યાં. પછી હળવેથી એમણે શબ્દો ઉચ્ચાર્યા કે, 'આવાં ભાગ્ય લઈને પણ આ છોકરાંવ જનમતાં હશે ને ? !'


❖❖❖

# ''હાથના કર્યા હૈયે વાગ્યા''

શરદ મણીયાર

જશવંતભાઈ એ સરકારી શાળાના પ્રાધ્યાપક તરીકે નિવૃત્ત થયા બાદ પોતે સિદ્ધહસ્ત કરેલા જ્યોતિષીના જ્ઞાન થકી કંઈક લોકોને નજીવી કિંમતે તેમના ભૂત, ભાવિ અને વર્તમાન વિશે સચોટ આગાહી કરીને જરૂરી માર્ગદર્શન આપતા, તો તેમના ધર્મ પત્ની અનુરાધાબેન નેચરોપથી ના સ્નાતક હોવાથી ઘરેથી જ લોકોની ''નાડી દોષ'' પારખીને એમનો ઈલાજ કરવામાં વ્યસ્ત રહેતા હતા. નાનું ઘર અને સાધારણ આવક હોવા છતાં પોતાના બંને પુત્રો માનવ અને મયંકને ભણાવવામાં કોઈ કસર રાખી ન હતી. જોકે મોટો પુત્ર માનવ ભણવામાં વિશેષ તેજ હોવાથી તેણે ડબલ ગ્રેજ્યુએટ અને એમબીએ ની ડીગ્રી ખૂબ જ સહેલાઈથી પ્રાપ્ત કરી લીધી હતી. અને એક ખૂબ જ સારી આંતરરાષ્ટ્રીય કંપનીમાં જોબ મેળવી લીધી. તો નાના પુત્ર મયંકે પણ પોતાની મમ્મીની કાર્ય શૈલીથી પ્રેરાઈને ડોક્ટર બનવાનું સપનું સેવ્યું હતું પણ પછી પેથોલોજીસ્ટ બનીને એક સરકારી હોસ્પિટલમાં જોડાઈ ગયો. જશવંતભાઈના કુટુંબની આખા ગામમાં સંસ્કારી કુટુંબોમાં ગણના થતી અને હવે તો એમના બંનેવ પુત્રો પણ સારું ભણતર પામીને સારી જગ્યાએ, સારા સ્થાને હોવાથી એમના કુટુંબની શાખ ઔર વધી ગઈ. જેના ફળ સ્વરૂપે મોટા પુત્ર માનવ માટે લગ્નના માગા આવવા લાગ્યા ત્યારે ઘણા વખતથી અનુરાધા બેનના મનમાં વસી ગયેલી એમની ખાસ સહેલી સુલોચનાની પુત્રી દિવ્યાની ભલામણ ઘરમાં બધાએ વધાવી લીધી અને માનવ અને દિવ્યા ના લગ્ન ખૂબ જ સાદગી થી લેવાઈ ગયા. ? દિવ્યા પહેલેથી જ સંયુક્ત કુટુંબની સાધારણ રહેણીકરણીથી પરિચિત હોવાથી તેને માનવ સાથે એનાં નાના ઘરમાં સાસુ સસરા અને દિયર મયંક સાથે રહેવામાં કોઈ અકળામણ નહીં અનુભવી.

પછી જેમ જેમ સમયનું વહેણ વહેતું ગયું તેમ તેમ નાના પુત્ર મયંકના પણ લગ્નની વાત વહેતી થવા લાગી. પણ માનવ જાણતો હતો કે પોતાનો વન બી.એચ.કે. ફ્લેટ



નાનાભાઈ મયંક ના લગ્નમાં બાધા રૂપ બની શકે છે. છોકરી વાળાઓ પણ પોતાની દીકરીને આ ઘરમાં આપવામાં સંકોચ અનુભવશે. અને એટલે એણે દિવ્યા સાથે આ બાબત ચર્ચા વિચારણા કરીને પોતાની કંપનીની જ બેંક દ્વારા લોન મેળવી એક ૩ બી.એચ.કે. નું ઘર લઈ લીધું જેમાં જશવંતભાઈએ પણ પોતાની બચતમાંથી થોડા પૈસા ઉમેરીને એની સાથે રહેવા જતા રહ્યા એટલે હવે મયંક ના લગ્ન નો માર્ગ પણ મોકળો થયો. આ વખતે જશવંતભાઈએ પોતાના બાળપણના પ્રિય મિત્ર રસિકભાઈ ની એકની એક દીકરી રાધિકા ઉપર પોતાની પસંદગી ઉતારી તો મયંકે હૃદય પૂર્વક એને વધાવી લીધી. અને જોત જોતામાં રાધિકા નામની ખૂબ જ સંસ્કારી અને સુંદર વહુએ મયંક સાથે સંસાર માંડ્યો. આ રીતે બંને ભાઈઓ પોત પોતાના જીવનમાં પોત પોતાની કાર્ય દક્ષતા મુજબ આગળ વધતા ગયા. હાથમાંથી રેતી સરકે એમ સમય સરકતો ગયો અને પાંચ વર્ષ ના વહાણા વહી ગયા. માનવ ના ઘરે પુત્ર શૌર્ય અને મયંક ના ઘરે પુત્રી શ્રદ્ધાના આગમનથી બંને પરિવારો વચ્ચે ના મનમેળાપ માં જાણે સોનામાં સુગંધ ભળી ગઈ. અને પ્રસંગોપાત એકબીજાના ઘરે આવવું જવું, હળવું મળવું એ એક નિત્યક્રમ બની ગયો હતો. મયંકના આગ્રહને માન આપીને ક્યારેક જશવંતભાઈ અને અનુરાધા બેન એકાદ બે દિવસ એના ઘરે પણ રહી આવતા હતા જે થકી મયંક અને રાધિકા એમની સેવા કર્યાનો સંતોષ અનુભવતા. બંને પૌત્રો શૌર્ય અને શ્રદ્ધા દાદા દાદીના ખૂબ જ લાડકવાયા તો હતા જ પણ અરસપરસ સગા ભાઈ બહેન થી પણ વિશેષ એકબીજાને પ્રેમ કરતા હતા.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ માનવને પોતાની કંપનીમાં ઉત્તરોત્તર બઢતી મળતી જ ગઈ. પગાર અને પોઝિશન વધવા લાગ્યા જેથી ઘરમાં શ્રીમંતાઈ આવવા લાગી. પોતે હવે ધનિક થઈ રહી છે એવું ગુમાન દિવ્યા ના મન મસ્તક પર હાવી થવા માંડ્યું. એના વાણી વર્તન અને વ્યવહારમાં મોટાઈ ઉભરાવવા લાગી.

તેથી તે હવે આધુનિક વિચાર શૈલી ધરાવતી અન્ય શ્રીમંત મહિલાઓ સાથે

ઊઠવા બેસવા લાગી.ભપકાઓ થી ભરપૂર અને ઝાકઝમાળ વાળી કીટી પાર્ટીઓ યોજાવવા લાગી. અમુક મહિલા સંસ્થાઓમાં પ્રમુખ તથા સેક્રેટરી વગેરે માનભેર પદવીઓ મેળવીને એ ખૂબ જ વ્યસ્ત રહેવા લાગી જે થકી પોતાના ઘર પરિવાર તથા સાસુ સસરા તરફ તેનું દુર્લક્ષ વધવા લાગ્યું. અને અણગમો પણ વર્તાવા લાગ્યો. જાણતા અજાણતા એમના પ્રત્યે એ ક્યારેક અણછાજતું વર્તન પણ કરવા લાગી. આ વિશે એના અને માનવ વચ્ચે વાદ વિવાદ ઉભરાવવા લાગ્યા. જોકે જશવંતભાઈએ અને અનુરાધાબેને આ બાબત આંખ આડા કાન કર્યા અને વહુના આ વર્તનને એની નાદાની સમજીને ચૂપકીદી સાધતા જ ગયા. દિવ્યાની તુમાખીશાહીની પરાકાષ્ઠા ત્યારે પાર થઈ ગઈ જ્યારે એણે એક દિવસ માનવને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે, 'આપણે મમ્મી પપ્પાને છેલ્લા દસ વર્ષથી સાચવતા આવ્યા છીએ, તો હવે મયંકભાઇની પણ ફરજ છે કે એમણે પણ આ જવાબદારી ઉઠાવવી જોઈએ. હું હવે ખૂબ થાકી ગઈ છું અને મને પણ હવે આ ઘરમાં મારી રીતે સ્વતંત્ર થઈને રહેવું છે.' જોકે માનવ પોતાના નાનાભાઈ ની મર્યાદા જાણતો જ હતો કે એનું નાનું ઘર અને ટૂંકા પગારમાં એ મમ્મી પપ્પાને પોતાના ઘર જેટલી સુખસાયબી અને સગવડ નહીં આપી શકે.છેવટે દિવ્યા ના હઠાગ્રહ સામે એણે પોતાના હથિયાર હેઠા મૂક્યા. આ બાબત મયંક સાથે મન મૂકીને વાત કરી અને એને થોડીક આર્થિક સહાય આપીને એક સારી જગ્યાએ ૨ બી.એચ.કે. ફ્લેટ લેવડાવીને મમ્મી પપ્પાને ભગ્નહૃદયે ત્યાં રહેવા મોકલી દીધા તો મયંકે અને રાધિકાએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક એમને આવકાર્યા અને ખરી આત્મીયતાથી તેમની માવજત કરવા લાગ્યા જે થકી જશવંતભાઈ અને અનુરાધાબેન ને પોતાની મોટી વહુ તરફથી મળેલા આડકતરા જાકારાનું ઝાઝું દુખ ન રહ્યું. આ તરફ માનવ અને દિવ્યા ના સંબંધોમાં બદલાવ આવવા લાગ્યા. જે રીતે દિવ્યાએ મમ્મી પપ્પાને ઘર છોડવા મજબૂર કર્યા હતા અને જે રીતે એના વર્તનમાં તુમાખી પણું આવ્યા હતા એ થકી માનવનો એના પ્રત્યે અણગમો વધતો જ ગયો. અવારનવાર એમના વચ્ચે વાદ વિવાદ વધતા ગયા. ઉગ્ર દલીલોએ ઝઘડાનું સ્વરૂપ લેવા માંડ્યું જેની સીધી અસર માનવની કાર્યક્ષમતા પર પડવા લાગી. એની હતાશા અને માનસિક તણાવ એના કામમાં અવરોધો પેદા કરવા માંડ્યા. અને નાની નાની ભૂલો થવા લાગી. એક દિવસ એ એક એવી ગંભીર અને મોટી ભૂલ કરી બેઠો જેના થકી કંપનીને મોટી નુકસાની વેઠવી પડી. એને કંપનીમાંથી બરતરફ કરવામાં આવ્યો તથા કંપનીના નુકસાન પેઠે મોટી રકમ પણ ચૂકવવાનું કોર્ટ દ્વારા ફરમાન કરવામાં આવ્યું. માનવ હવે સાવ ભાંગી પડ્યો. લોન પર લીધેલું ઘર, મોટી કાર અને અન્ય સામગ્રીઓના હપ્તા ભરવાના વાંધા પડવા લાગ્યા. શૌર્યની સ્કૂલ, ટ્યુશન અને ઈતર પ્રવૃત્તિઓની ફી ભરવી પણ મુશ્કેલ થઈ પડી. બીજી કોઈ સારી જગ્યાએ નોકરી ન મળે ત્યાં સુધી ઘરના ખર્ચાને પહોંચી વળવા માટે પોતાની બચત તોડવી પડી. જોકે આ બાજુ નાના ભાઈ મયંકની પરિસ્થિતિ સાવ વિપરીત હતી. સરકારી હોસ્પિટલમાં નોકરી કરતા ખૂબ જ સારો અનુભવ અને આત્મવિશ્વાસ મેળવીને જશવંતભાઈ ની મદદ થી બેંકની લોન લઈને એણે પોતાની એક ફાર્માસ્યુટિકલ લેબોરેટરી શરૂ કરી. એ પોતાની કાબેલિયત તથા ખૂબ જ વ્યાજબી દરે સચોટ નિદાન કરવાની પદ્ધતિથી સમગ્ર જિલ્લામાં અને આસપાસના ગામોમાં ત્યાંના ડોક્ટરોમાં ખૂબ જ માનીતો થઈ ગયો. જોત જોતામાં તો એ જાણે 'દિન દૂગની ઔર રાત ચૌગુની' જેમ પ્રગતિ કરવા લાગ્યો. જેથી રાધિકાએ પણ એને મદદરૂપ થવા માટે સાસુ સસરાની પ્રેમપૂર્વક સંમતિ લઈને એની લેબોરેટરી પર જવા લાગી પણ એ વાતની ખાસ તકેદારી રાખી હતી કે એની ગેરહાજરીમાં એમને કોઈપણ જાતની અડચણ ન પડે.

પોતાની આગલી કંપની સાથે થયેલી ગંભીર ભૂલ થકી બધી જ મોટી મોટી કંપનીઓમાં માનવને નોકરી મળવી લગભગ અશક્ય બની ગઈ હતી. આવકનો પ્રવાહ સદંતર બંધ થઈ ગયો હતો. જાહોજલાલીના વરસતા વરસાદની મોસમ દુકાળમાં ફેરવાઈ ગઈ. બધી મહિલા સંસ્થાઓમાંથી દિવ્યાને જાકારો મળવા લાગ્યો. પોતાના ઐશ્વર્યાના આન, બાન અને શાનમાં રાચતી દિવ્યાને જાણે કોઈએ આકાશે થી ફંગોળીને પાતાળમાં ધકેલી દીધી હોય એવો વસવસો એને કોરી ખાવા લાગ્યો. ન કહેવાય, ન સહેવાય કે ના રહેવાય નો ત્રિપાંખીયો હુમલો માનવ અને દિવ્યાના જીવનને હચમચાવી ગયો.

જશવંતભાઈ અને અનુરાધાબેન મુક પ્રેક્ષક બનીને પોતાના દીકરાની બેહાલી નો તમાશો જોતા રહ્યા પણ દિવ્યા વહુના ગુમાની સ્વભાવને કારણે પોતાનું સ્વમાન વધુ ન ઘવાય એટલે આ બાબત એની સાથે કોઈપણ ચર્ચા વિચારણા કરવાનું ટાળતા જ ગયા. જોકે મયંકે મોટાભાઈ પ્રત્યે પોતાની ફરજ સમજીને એને થોડીક આર્થિક સહાય કરવાની ઈચ્છા દર્શાવી તો માનવે એનો અસ્વીકાર એમ કહીને કર્યો કે આ સમસ્યા એણે પોતે જ ઊભી કરી છે તો હવે એ પોતે જ એની ભરપાઈ કરશે અથવા એની

નુકસાની ભોગવશે.

માનવની પડતિ અને મયંકની પ્રગતિ સૌને દેખાવા લાગી જેની ચર્ચા ગામમાં ચૌરે ને ચૌટે થવા લાગી.

ત્યારે હવે દિવ્યાને પણ સમજાઈ ગયું કે પોતાના પરિવારની આ અધોગતિનું કારણ એનું સ્વચ્છંદીપણું અને શ્રીમંતાઈના મદમાં આવીને પોતાના સાસુ સસરા સાથે કરેલા તુમાખીભર્યા વર્તાવ થકી એમના ઉપર ગુજારેલો માનસિક અત્યાચાર એનો અભિશાપ બની ગયા છે. એણે એની ભૂલ સ્વીકારી અને માનવને વિનંતી કરી કે એ મમ્મી પપ્પાની માફી માંગીને એમને પાછા પોતાના ઘરે લઈ આવે. પણ હવે માનવે પરિસ્થિતિની વાસ્તવિકતા સ્વીકારી લીધી અને એની આ ભૂલના પ્રાયશ્ચિત ની સજા રૂપે પોતાનું વૈભવી ઘર અને ગાડી બેંકને સુપ્રત કરી દીધા અને અન્ય શહેરમાં એક નાનું ઘર ભાડે લઈને બધું નવેસરથી શરૂ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે દિવ્યા એ પોતાના હાથના કર્યા હૈયે વાગ્યા ના પારાવાર પસ્તાવા સાથે માનવ ની લાગણીઓને વધાવી લીધી.

❖❖❖

---

# પ્રાણ જાય પર વચન ન જાયે

**નીતિ અગ્નિહોત્રી**

મહારાજ રઘુ અયોધ્યાના સમ્રાટ હતા. તેઓ ભગવાન શ્રીરામના પ્રપિતામહ હતા. તેમના નામથી જ તેમનો વંશ ક્ષત્રિય રઘુવંશી તરીકે ઓળખાતો હતો. એક વખત મહારાજ રઘુએ એક મોટો યજ્ઞ કરાવ્યો. જ્યારે યજ્ઞ પૂરો થયો ત્યારે મહારાજે બ્રાહ્મણો અને દીનદુ:ખીઓને પોતાનું બધું જ ધન દાનમાં આપી દિધું. તેઓ એટલા મોટા દાની હતા કે તેમણે તેમના આભૂષણ, સુંદર વસ્ત્રો અને વાસણ સુદ્ધા દાનમાં આપી દિધા. મહારાજ પાસે સામાન્ય વસ્ત્રો રહી ગયા અને તેઓ માટીના વાસણોથી કામ ચલાવવા લાગ્યા.

યજ્ઞમાં જ્યારે મહારાજ બધું દાન કરી ચુક્યા તારે તેમની પાસે વરતંતુ ઋષિના શિષ્ય કૌત્સ નામે એક બ્રાહ્મણ કુમાર આવ્યો. મહારાજે તેને પ્રણામ કર્યા અને આસન પર બેસાડ્યો. મહારાજે માટીના ઘડામાંથી પાણી લઈને તેના પગ ધોયા. સ્વાગત સત્કાર પછી મહારાજે પૂછ્યું, તમે મારી પાસે શા માટે આવ્યા છો ? હું તમારી શું સેવા કરું ?

કૌત્સે કહ્યું, મહારાજ, હું કોઈ કામથી જ આવ્યો હતો, પરંતુ તમે તો બધું જ દાનમાં આપી દિધું છે. હું તમારા જેવા મહાદાની ઉદાર પુરુષને કોઈ સંકોચમાં નહીં નાખું. મહારાજ રઘુએ નમ્રતાથી કહ્યું, તમે તમારા આવવાનો હેતુ જણાવો.

કૌત્સે કહ્યું કે તેમનો અભ્યાસ પૂરો થઈ ગયો છે. પોતાના ગુરુદેવના આશ્રમથી ઘરે જતા પહેલા ગુરુદેવ પાસે તેણે ગુરુદક્ષિણા



માગવાની પ્રાર્થના કરી હતી. ગુરુદેવે સ્નેહપૂર્વક કહ્યું, બેટા, તે અહીં રહીને મારી જે સેવા કરી છે તેનાથી હું ખૂબ જ ખુશ છું. મારી ગુરુદક્ષિણા મને મળી ગઈ. તું સંકોચ ના કરીશ. આનંદપૂર્વક ઘરે જા, પરંતુ જ્યારે કૌત્સે ગુરુદક્ષિણા આપવાની હઠ પકડી ત્યારે ગુરુદેવને થોડો ક્રોધ આવ્યો તેમણે કહ્યું, મેં તને ચૌદ વિદ્યાનું શિક્ષણ આપ્યું છે, તેથી દરેક વિદ્યા માટે એક કરોડ સોનાની મહોર લાવીને આપ. તેથી ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ સોનાની મહોર લેવા માટે હું અયોધ્યા આવ્યો છું.

મહારાજ રઘુએ ધનની વ્યવસ્થા કરવા બીજા દિવસે કુબેર પર ચઢાઈનો નિશ્ચય કર્યો. બીજા દિવસે વહેલી સવારે કોષાધ્યક્ષ તેમની પાસે દોડી આવ્યો અને કહેવા લાગ્યો. રાત્રે મહોરોનો વરસાદ થયો છે. ત્યારે મહારાજ રઘુએ બધી મહોરોનો ઢગલો કરાવી દીધો અને કૌત્સને કહ્યું કે તમે આ મહોર લઈ જાઓ. કૌત્સે કહ્યું કે મને ગુરુદક્ષિણા માટે ચૌદ કરોડ જોઈએ છે. તેનાથી વધુ એક પણ મહોર હું નહીં લઉં. કૌત્સ ચૌદ કરોડ મહોર લઈને ચાલ્યો ગયો. બાકીની મહોરો મહારાજ રઘુએ અન્ય બ્રાહ્મણોને દાનમાં આપી દિધી.

આ હતા આપણા પ્રાચીન યુગના મુલ્યો. જ્યાં ભૌતિકવાદની લેશમાત્રય અસર દેખાતી નહોતી. પોતાના શુભ સંકલ્પને પૂર્ણ કરવા કંઈ પણ કરવું પડે, પરંતુ લોકો પાછળ હટકા નહોતા. તેથી શ્રી રામ જેવા યશસ્વી અને પરાક્રમી સંતાનનો રઘુકુળમાં જન્મ થયો. જેમણે વંશને યશપાત્ર બનાવ્યું. આપણે કરેલા સત્કર્મોનું ફળ અનેક ગણું થઈને કોઈને કોઈ રૂપે ચોક્કસપણે મળે જ છે અને ઉત્તમ ગુણોથી યુક્ત સંતાનથી કુળ તરી જાય છે. બીજી તરફ ખરાબ કર્મ કરનારનો આખો વંશ અપયશનો ભાગીદાર બને છે. તેથી જ તો કહેવાય છે કે -

રઘુકુલ રીત સદા ચલી આઈ પ્રાણ જાય પર વચન ન જાય.

❖❖❖

# "પ્રેમ-પ્રભુનું દ્વાર"

રામાનુજાચાર્ય ભક્તિમાર્ગના એક આચાર્ય હતા જેમણે જગતને વિશિષ્ટદ્વૈત નામનો સિદ્ધાંત આપ્યો. એકવાર તીર્થાટન કરતાં એ એક ગામમાં રોકાયા હતા. સાંજના સમયે જ્ઞાનોપદેશ આપે. લોકો દૂર દૂરથી સાંભળવા આવે. વ્યાખ્યાન પૂરું થયા પછી કેટલાક વ્યક્તિગત રીતે મળવા પણ આવે અને પોતાના કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો તેમની આગળ રજુ કરી તેનો ઉકેલ પણ મેળવે એ રીતે એક દિવસ એક માણસ એમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો સ્વામીજી મારે ઈશ્વરને પ્રાપ્ત કરવા છે. એ માટેનો સચોટ માર્ગ બતાવો.

રામાનુજાચાર્યે તેને એક આસન પર બેસાડ્યો અને શાંતિથી એની સાથે વાતો કરવા લાગ્યા. એના કુટંબના લોકો, સગા-સંબંધી વિશે પૂછ્યું. પછી એકાએક પ્રશ્ન કર્યો. તે ક્યારેય કોઈને પ્રેમ કર્યો છે ? પેલા માણસે એક પળનો પણ વિચાર કર્યા વિના જ જવાબ આપ્યો 'ના, ના, એવી જંજાળમાં કદી પડયો જ નથી. મારે તો પરમાત્માને મેળવવા છે. સંસારની મોહજાળમાં ફસાયા પછી બહાર નીકળું અઘરું થઈ પડે.' આચાર્ય રામાનુજે ફરી પ્રશ્ન કર્યો બરાબર વિચારી જો તારી જિંદગીના આટલાં વર્ષો ગયાં એમાં તે કોઈકને તો જરૂર પ્રેમ કર્યો હશે. પેલા માણસે વિચાર્યું કે જો હું એમ કહીશ કે મેં આને કે તેને પ્રેમ કર્યો છે તો તે કહેશે પહેલાં તું આ પ્રેમના રોગમાંથી મુક્ત થા, સંસારનાં માયા-મોહ છોડ પછી મારી પાસે આવજે એટલે એ પોતાની વાતને વળગી રહ્યો 'મહારાજ ! હું નાનો હતો ત્યારથી જ્ઞાન વૈરાગ્યની વાતો સાંભળતો આવ્યો છું. મેં કોઈ સાધુ સંત-સંન્નાસી મહાત્માને સાંભળવાનું બાકી રાખ્યું નથી. એટલે કોઈને માટે પ્રેમ જેવી લાગણી પેદા થવા દીધી જ નથી.

આ સાંભળી રામાનુજચાર્યે તેને કહ્યું : 'ભાઈ, તું જઈ શકે છે. તને ઈશ્વર મળે એવી કોઈ શક્યતા લાગતી નથી. તું ગમે તેટલા મંદિરો અને તીર્થોમાં ફરે અને ગમે તેટલા સંતો અને મહાત્માઓને મળે એ બધું વ્યર્થ છે. ઈશ્વર કેવળ એક જ માર્ગે મળી શકે એમ છે અને એ માર્ગનો દરવાજો તે સદંતર બંધ કરી દીધો છે ! ઈશ્વર કેવળ ભક્તિના માર્ગ પર મળે છે અને પ્રેમ એનો દરવાજો છે. આ દુનિયામાં તું કોઈને પણ પ્રેમ કરતો હોત તો કદાચ ઈશ્વરને પામી શકત ! એ પ્રેમને પરમાત્મા તરફ વાળી શકાય. પણ જેના હૃદયમાં કોીના પણ માટે પ્રેમ નથી. માતા-પિતા, પતિ-પત્ની, પુત્ર-પુત્રી, ભાઈ-બહેન, મિત્ર-સ્નેહી. સગા-સંબંધી- આ બધામાંથી કોઈને તો વ્યક્તિએ હૃદયના ઊંડાણથી નિઃસ્વાર્થ રીતે પ્રેમ કરવો જોઈએ ને ? પછી આ પ્રેમે જ એને પ્રભુ સુધી પહોંચાડી દે છે !' સાચે જ પ્રેમ એક અલૌકિક શક્તિ છે. એ મડદા જેવા નિષ્પ્રાણ લોકોને પણ દોડતા કરી દેનારી સંજીવની શક્તિ છે. જેને કોઈનો પ્રેમ મળે છે અને જે કોઈને પ્રેમ દઈ શકે છે તે હીણભાગી છે. જે વ્યક્તિ જેને જેટલું ચાહે છે એ વ્યક્તિ પણ એને એટલું ચાહતી હોય તો તે બન્ને વચ્ચે પૂર્ણ એકાત્મ પ્રેમયોગ રચાય છે અને એને એકમેકમાં ઈશ્વર દેખાવા લાગે છે. જે છેવટે ઈશ્વરના સાનુભાવ સુધી પહોંચાડી દે છે.

જેમ પ્રાણ વિના શરીર જડ છે તેમ પ્રેમ વિના જીવન જડ છે. પ્રેમ જીવનની પળે પળને નવપલ્લવિત કરી દે છે. ઉંમર ખૈયામની એક રૂબાઈ કહે છે - 'જે હૃદયમાં કોઈ પ્રકારની પણ પીડા ન હોય અને કોઈના પ્રેમ માટે પાગલપન ન હોય તેને ધિક્કાર છે. જેટલા પણ દિવસો તે પ્રેમરહિત વીતાવ્યા એનાથી વ્યર્થ, નિરર્થક દિવસો બીજા કોઈ હોઈ ન શકે.'

પ્રેમમાં વીતેલા દિવસો જ સાર્થક. પ્રેમ ભરેલું જીવન જ કૃતકૃત્ય. પ્રેમ વિનાનું હૃદય એટલે કેવળ લુહારની ચામડાની મશક. જેમ લુહારની મશક હવાથી ફૂલે તેમ માણસનું હૃદય ધબકે ખરું, પણ એમાં ભાવના સ્પંદનો ઊઠે નહી. પ્રેમથી ભરેલું હૃદય એટલે પ્રિયને પ્રાપ્ત કરવાની ચમક. એ પછી જાગે પ્રભુને પ્રાપ્ત કરવાની ધગશ. પ્રિયતમાની વસ્તુમાં એના હૈયાની સુગંધ માણી પોતાના શ્વાસમાં સ્વર્ગનું સુખ પ્રગટાવતા પ્રેમીમાં આ પ્રેમામૃતનો પ્રભાવ વરતાય છે. આદિલ મન્સૂરીના હૃદયમાંથી નીકળેલી આ પંક્તિમા એ દેખાય છે :

**શ્વાસોમાં પાછાં સ્વર્ગનાં ફૂલો ખીલી ઊઠયાં,**
**છે કોના ઉરપ્રદેશની ખુશ્બૂ રૂમાલમાં ?'**

❖❖❖

## પ્રેમનો અહેસાસ

''થઈ ગયો છે પ્રેમ એવો
હરક્ષણ એનો જ અહેસાસ છે,
માઈલો દુર છે મુજથી મન મીત મારી
પણ અંતર મનની સદા પાસ છે,
ન હતી ખબર પ્રેમના અહેસાસની
હવે તો હર ઘડી પ્રેમની પ્યાસ છે,
કહેતા હતા દુનિયાના લોકો,
કે પ્રેમ તો ઘાતક જહેર છે.
કરી જુઓ પ્રેમ એકવાર તો
જીંદગીમાં લીલાલહેર છે,
મળી જાય પ્રેમમાં સફળતા જેને
ખુશનસીબ એનું જ નામ છે,
ન સમજે પ્રેમના અઢી અક્ષર
એનું આ જગતમાં શું કામ છે.''

- જીજ્ઞા કેસરીયા

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- **સ્વ. પિતાશ્રી ચંદ્રકાંતભાઈ રતીલાલ બેંકર (વોરા) ચુડા નિવાસી, હાલ - સિકંદરાબાદ, સ્મરણાર્થે હ. સુબોધકુમાર સી. બેંકર**
- **સ્વ. માતુશ્રી કાંતાબેન ચંદ્રકાંતભાઈ બેંકર (વોરા) ચુડા નિવાસી, હાલ - સિકંદરાબાદ, સ્મરણાર્થે હ. સુશીલા સુબોધકુમાર બેંકર**
- **કુંદનબેન અને ધીમંતભાઈ મણિલાલ શેઠના લગ્નમય જીવનના ૬૨ વર્ષ પૂર્ણ થયા તેની ખુશાલીમાં વઢવાણ નિવાસી હાલ ફાઈવ ગાર્ડન માટુંગા - JVPD. વિપુલભાઈ - રાહુલભાઈ - લીનાબેન તરફથી**
- **વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) નીશ અનિલભાઈ ગાંડાલાલ ગોસલીયાના તા : ૨૦-૧૨-૨૦૨૩ ના શુભલગ્ન પ્રસંગે**
- **મોરબી નિવાસી (હાલ-બોરીવલી) રોનક ભરતભાઈ કાંતિલાલ પારેખના તારીખ ૨૦-૧૨-૨૦૨૩ના શુભલગ્ન પ્રસંગે**
- **સ્વ. પિતાશ્રી ન્યાલચંદ પોપટલાલ શાહના સ્મરણાર્થે હ : ભરત એન. શાહ (વિલેપારલે)**
- **સ્વ. માતુશ્રી પુષ્પાબેન ન્યાલચંદભાઈ શાહના સ્મરણાર્થે હ. ભરત એન. શાહ (વિલેપારલે)**

# એમાં શું ?

**સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી**

માણસ પોતાની કમજોરી, શિથિલતા, વિલંબ, આળસ, અનીતિ, વ્યસન કે અન્ય દુર્ગુણોનો બચાવ કરવા માટે જે શબ્દોનો સહારો લે છે, તે શબ્દ છે. એમાં શું ? પોતાની નબળાઈઓનો બચાવ કરવો એ માનવીની સૌથી મોટી નબળાઈ છે. દુર્ગુણો કે દુર્વૃતિને ગંભીરતાથી વિચારી એમાંથી નિવૃત્ત થવાને બદલે અને હળવાશથી જોવામાં પ્રવૃત્ત રહેવું એ જ મનની અવળચંડાઈ છે. પાપને પંપાળવાની વૃત્તિ માણસને પતનની ઊંડી ખીણમાં ધકેલી દે છે. માત્ર ત્રણ અક્ષરનો આ પ્રશ્ન માણસોને પતનને આરે લઈ જવા માટે પૂરતો છે.

રાત્રે વહેલા સુવું જોઈએ એને બદલે રાતના બે વાગ્યા સુધી ગપ્પા મારતા રહ્યા કે ટી.વી. જોતા રહ્યા એમાં શું ? ચાર રોટલીથી રોજ ખાતા કોક દિ આઠ ખવાઈ ગઈ તો એમાં શું ? વ્યસન ખરાબ છે. એનાથી બચવું જોઈએ પણ મિત્રોની મહેફિલમાં થોડોક દારૂ પીવાઈ ગયો તો એમાં શું ? એકાદશીને દિવસે રોટલો ખવાઈ ગયો તો એમાં શું ? કોઈપણ કાર્યક્રમમાં સમયસર ન પહોંચાયું તો એમાં શું ? હું તમારે ત્યાં રાત્રે આઠ-નવ વાગ્યે આવીશ એમ આપણે કોઈને કહી દઈએ. કેમ જાણે આઠ ને નવ વચ્ચે ખાસ ફરક જ ન હોય. એક કલાક સુધી માણસ અદબવાળીને શું આપણી રાહ જોતો બેસી રહે ? ખાસ કામ વગર કોઈને ત્યાં કલાકો સુધી બેસી રહીએ. આપણને થાય કે એમાં શું ? સામા માણસને ત્રાસ થાય તેની આપણને કલ્પનાય હોતી નથી. સાધુતા અને સાદાઈને છૂટાછેડા થઈ જાય તો ય આપણે કહીએ કે એમાં શું ? ભગવાનના ભક્ત કે સંતનું ઘસાતું બોલવાની ટેવ જ પડી ગઈ તોય કહેશે એમાં શું ? ત્યારે એમ કહેવાનું મન થઈ જાય કે તો પછી તારામાંય શું ?

એમાં શું ? એ શબ્દોમાં રહેલી બેપરવાઈ જીવનને બહુ મોટું નુકસાન કરે છે.

ત્રણ ઈંચની કેળાની છાલ જેમ છ ફૂટના માણસને પગ લપસાવીને પાડી નાખવા સમર્થ છે. તેમ ત્રણ અક્ષરનો આ પ્રશ્ન ''એમાં શું ?'' ગમે તેવા મોટા માણસનું પતન સર્જવા સમર્થ છે. આત્માશ્લાઘાની શરમ માણસને આપ વડાઈના દોષથી બચાવે છે. કાળાબજાર, દાણાચોરી, ભ્રષ્ટાચારની વેપારીને શરમ લાગવી જોઈએ. લાંચ રુશવતની અમલદારને, શોષણની નેતાને, ભેળસેળની દુકાનદારને, ચોરીની ચોરને શરમ આવવી જોઈએ. વગર સાધનાએ સિદ્ધિ મેળવવા કોઈ ગુરુને ખંભે ચડી બેસવાની શિષ્યોને અને આવા અંધાનુયાયીઓના ભગવાન બની જવાની ગુરુઓને શરમ આવવી જોઈએ. નિર્લજ્જ થવાની સ્ત્રીને અને બળાત્કારી થવાની પુરુષને શરમ લાગવી જોઈએ. મર્યાદા માણસને મહાન બનાવે છે ''કુકર્મોની જેને શરમ, તે જીવનમાં પામે પરમ'' શરમ એ તો શીલનું રક્ષાકવચ છે. શરમ સમાજને સૌંદર્ય બક્ષે છે. સજા કરતાંય માણસની પોતાની શરમ એને કુકર્મોથી બચાવીને નીતિમાન બનવા પ્રેરે છે. માનવ દેહ મળ્યા પછી પશુજીવન જીવવાની માણસને શરમ આવવી જોઈએ.

લજ્જા એ સ્ત્રીનું આભુષણ છે. એનો અર્થ એવો નથી કે પુરુષોએ જિર્લજ્જપણે જીવવું જોઈએ. આ બધી બાબતોમાં લપસી પડીએ ને એમાં શુ ? કરીને ઊભા રહીએ એથી બીજી હાસ્યાસ્પદ બાબત કઈ હોઈ શકે ?

ભોગને મર્યાદામાં બાંધે, તપને ભક્તિથી શણગારે, કામને કર્મયોગથી સજાવે અને તૃષ્ણાને સંયમથી શાંત કરે, એ જ સાચો મહામાનવ ! નેતાઓનું આચરણ સમાજ માટે પથદર્શક હોવું જોઈએ. સત્તાધીશોએ ખુશામતખોરોથી બચતા રહેવું જોઈએ.

ઋણ, પાપ, શત્રુ, રોગ, કુસંગ, ભૂલ, ગંદકી આ બધા સાધારણ ક્યારેય ગણવા નહિ. તેને જો રોકવામાં ન આવે તો એ ક્યાંય આગળ વધી જાય.

ઋણ-દેવું તેને નાનું સમજવું નહિ. એમાં શું ? કહીને ઊભા રહીએ પછી ચક્રવર્તી વ્યાજ ભરવું કેટલું કઠણ પડે ? પાપ પણ એવું જ છે. પુણ્યને સદ્‌ગુણના સરવાળા થાય ત્યારે પાપના તો સીધા ગુણાકાર જ થાય. એક પાપને છુપાવવા કેટલા બીજાં પાપોની વાડ કરવી પડે. શત્રુ ક્યારેય નાનો સમજવો નહિ. તે આપણને ક્યારે થાપ ખવરાવી દે તે કહી શકાય નહિ. રોગ ભલે નાનો હોય પણ માત્ર શરદી જ હોય પણ કાળજી લેવામાં ન આવે તો શરદીમાંથી દમ થઈ જાય; પછી હટાવવો કઠણ. ભૂલને પણ નાની માનવી નહિ. ખ્યાલ આવે કે તરત જ તે સુધારી લેવી જોઈએ. અંતે એકમાંથી અનેક થાય પછી તેને આગળ વધી રોકી શકાય નહિ. જે રોજેરોજની સફાઈ ન થાય તો ગંદકીના ઉકરડા થઈ જતા વાર શી ?

કુસંગ પણ ક્યારેય નાનો સમજવો નહિ. કુસંગમાં ગાફલાઈ રાખીને તો તેની પાયમાલી બહુ મોટી ને ખતરનાક છે. આ બધામાં ''એમાં શું ?'' થવા માંડે તો પતનની ખીણમાં લપસી જતા વાર શી ? પછી પાછું વળવું મુશ્કેલ થાય માટે ''સજાગને સજા નહીં'' ગાફલ તો જરૂર લૂંટાઈ જાય. 'એમાં શું ? એ ગાફલાઈની ચિનગારી સમગ્ર જીવનને સ્વાહા કરી નાખે છે.''

❖❖❖

# જન્મસિદ્ધ હક્ક



ડૉ. જયંત મહેતા

**મા**રી પાસે બધા જ રંગના દર્દીઓ આવે છે - ધોળા, કાળા, લતીનો, એશિયન... બધા જ. બહારથી એ બધા જરૂર જુદા દેખાય છે. પણ સ્ટેથોસ્કોપ મૂકીને એમની અંદરનો અવાજ જ્યારે સાંભળું છું ત્યારે એમાં કોઈ જુદાઈ સંભળાતી નથી. દુઃખ અને વેદનાના ધડકારા બધાના સરખા જ સંભળાય છે. એમના એક્સ-રે તપાસું છું ત્યારે પણ મને એમાં કોઈ કાળા, ધોળા કે એશિયન રંગનો જાદુગરો દેખાતો નથી.

એક દિવસ કીથ નામનો સાડા છ ફૂટ ઊંચો, અઢીસો રતલ વજન ધરાવતો, કદાવર, સોહાણો, છવ્વીસેક વર્ષનો કાળો યુવાન મારી ઑફિસમાં આવ્યો. પૂછતાછ કરતાં ખબર પડી કે એ એની કૉલેજની ફૂટબૉલ ટીમનો અચ્છો ખેલાડી હતો.

મારી ગોરી નર્સ લ્યુસીએ નિયમ મુજબ એને એક રૂમમાં બેસાડ્યો. તદ્દન ઉઘાડા શરીરે કીથ ટેબલ ઉપર બેઠો. લ્યુસી બાઘી બનીને, કીથને ખબર ના પડે એ રીતે, એના પહાડ જેવા, કસાયેલી, પડછંદ શરીરને છૂપી રીતે તાકી રહી. કીથનો હસમુખો ચહેરો, વાંકડિયા વાળ, લાલચટક હોઠ, બોલતી વખતે અવાજમાં મૃદુ રણકો, ચમકતી મોટી આંખો.... આ બધું જોઈને લ્યુસીને જાણે મોહનું ઘેન ચઢી ગયું. જેમતેમ કરીને એણે કીધનું બ્લડપ્રેશર, ટેમ્પરેચર વગેરે લીધું. એક યા બીજા બહાને થોડો થોડો સ્પર્શ પણ કરી લીધો. એની બિચારીની દશા ગોળના મોટા રવાની આસપાસ ભમતી, ઘાયલ થઈ ગયેલી, માખી જેવા થઈ ગઈ હશે.

લ્યુસીની ઉમ્મર પણ ચોવીસપચીસ જેટલી જ હતી.

હું રૂમમાં કીથને તપાસવા આવ્યો. લ્યુસી પણ હજુ ત્યાં જ હતી. સામાન્ય રીતે દર્દીને પ્રાથમિક રીતે તૈયાર કરીને નર્સ બીજા કામે ચાલી જાય. પણ અત્યારે લ્યુસીના પગ જાણે આ રૂમમાં જ કોઈ ચીકણા પદાર્થમાં ચોંટી ગયા હતા.

'લ્યુસી, તારે છૂટવાનો ટાઈમ થઈ ગયો ને ?' મેં સહજ ટકોર કરી . અઠવાડિયામાં એક દિવસ એ કૉલેજમાં એની નર્સિંગની ડિગ્રીનું ભણવા જતી.

'હા...હા...હું નીકળું જ છું. બાય...' કીથને પણ એણે 'બાય' કહ્યું. બિચારીની આંખોમાં અને આખા ચહેરા ઉપર મને નર્યું ઘાયલપણું દેખાયું. એ બહાર નીકળવા પ્રયત્ન કરતી હતી પણ એના પગ ઊપડતા નહોતા. મને મનમાં હસવું આવતું હતું. મેં કીથને તપાસવા માંડ્યો.

તપાસતાં તપાસતાં થોડી વાતો પણ કરી. અલબત્ત, અમારો વાર્તાલાત બધો અંગ્રેજીમાં હતો.

'હાય...કીથ.....I am Dr, Mehta... You play football... hmm...'

'Yes Sir... ' બહુ ગર્વથી એ બોલ્યો, 'મારી કાલેજની ફૂટલૉલ ટીમનો કૅપ્ટન...ક્વાટર બેક... છું. મને એ રમત બહુ ગમે છે.'

'પ્રોફેશનલ ફૂટબૉલ પ્લૅયર થવું છે ?''

'ઈચ્છા તો બહુ જ છે.'

'એવી ટીમમાં રમવાનું નહીં મળે તો પછી ?'

'હું ફાર્મસીનું ભણી રહ્યો છું. પ્રોફેશનલ ટીમમાં રમવાનું નહીં મળે તો પછી ફાર્મસિસ્ટ થવાનો છું. એ લાઈન સારીને ડૉક્ટર ? એણે મને પૂછ્યું.

'હા...હા...આજકાલ ફાર્મસિસ્ટોને સારા પગાર મળે છે.' મેં એને તપાસી લીધો. 'જો કીથ, આમ તો કાંઈ ખાસ દેખાતું નથી. વધારે પડતું રમ્યો હોઈશ એટલે કદાચ શરીર થોડુંક કળતું હશે. અને હવામાન બદલાય છે એટલે ફ્લુની અસરથી ટેમ્પરેચર આવ્યું હશે. આ દવા લખી આપું છું એ લે અને થોડા દિવસ જરા આરામ કર... જો શું થાય છે.' દવાનું કાગળિયું લઈને હસતે મોઢે એ નીકળી ગયો.

ચારેક દિવસ થયા. એક બપોરે, લંચ ટાઈમે, હું બહાર નીકળ્યો. ત્યાં પાર્કિંગ લૉટમાં મેં કીથને એની કન્વર્ટિબલ ગાડીમાં બેઠેલો જોયો. અમારી નજર એક થઈ.

'હાય....ડાક....' એણે હાથ ઊંચો કર્યો.

'કેમ છે ? તારે એપોઈન્ટમેન્ટ છે ?' મેં પૂછ્યું.

'ના...ના...હું લ્યુસીને લંચમાં લઈ જવાનો છું.'

'ઓકે...' હું ચાલતો થયો.

ચાલતાં ચાલતાં મને પાછું હસવું આવી ગયું. લ્યુલીએ આખરે કીથને ઝપટમાં લીધો ખરો. અલબત્ત, લ્યુસી પણ એટલી જ રૂપાળી, નમણી, નાજુક અને આકર્ષક હતી. આ કીથને તો ગર્લ-ફ્રેન્ડ તરીકે કેટલીય છોકરીઓ હશે. પણ કોઈ લ્યુસીની તોલે નહીં આવતી હોય. ચાલો જે થાય તે.... આ અમેરિકા છે.

ત્રણચાર મહિના વીત્યા. એક દિવસ લ્યુસીએ બહુ થનગનતાં, excite મને ખુશખબર આપ્યા.

'Doctor, Keith and I are going to get married. He proposed me yesterday.'

'I knew that from the very first day you met him. Congratulations... Young lady.'

લ્યુસી ખૂબ ગેલમાં હતી. બીજા બેત્રણ મહિના વીત્યા અને એ બન્ને પરણી ગયાં. લ્યુસી મને જબરજસ્તીથી એના લગ્નસમારંભમાં લઈ ગઈ હતી. લગ્ન પહેલાં એ બંનેની જરૂરી શારીરિક તપાસ મેં જ કરેલી. બહુ જ સુંદર જોડું બન્યું હતું. સૌ ખુશ હતાં.

ચારેક વર્ષ વીત્યાં. કીથ ફાર્મસિસ્ટ થઈ ગયો. સારી નોકરી મળી ગઈ. પ્રોફેશનલ ફૂટબૉલ પ્લેયર થવાનું પેલું સપનું સિદ્ધ થયું નહીં. જીવનનાં બધાં જ સપનાં સાકાર બનતાં હોત તો જોઈતું'તું શું ? પણ નોકરી સારી હતી એટલે એ ખુશમિજાજમાં રહેતો. લ્યુસી પણ રજિસ્ટર્ડ નર્સ થઈ ગઈ હતી. એને પણ સારો પગાર મળતો થયો. મારી નોકરી છોડીને હવે એ મોટી હૉસ્પિટલમાં કામે લાગી હતી. બન્નેની ભેગી આવક ગણો તો એ લોકો પૈસેટકે સારા એવાં સુખી હતાં. સારા લત્તામાં મોટું ઘર પણ લઈ લીધું હતું.

ઘરના વાસ્તુ (house warming) વખતે પણ લ્યુસી મને આગ્રહ કરી કરીને લઈ ગયેલી. એટલું જ નહીં મને કહે મને તમારા આશીર્વાદ આપો. આ લ્યુસી છે જ એવી - બહુ પ્રેમાળ. અમારા ધંધાકીય સંબંધોને એણે અંગત સંબંધોમાં ફેરવી નાખ્યા હતા. અધૂરામાં પૂરું એને મળી ગયો કીથ - એના જેવો જ પ્રેમાળ અને ભાવનાશીલ.

એક બપોરે કીથ અને લ્યુસી બન્ને મારી ઑફિસમાં આવ્યાં. કીથને પાછો તાવ આવ્યો હતો. પગના સ્નાયુઓ ખેંચાતા હતા. નબળાઈ બહુ લાગતી હતી.

મેં એને ટેબલ ઉપર લીધો. લ્યુસી પણ બાજુમાં જ હતી.

'કીથ બૉય, શી તકલીફ છે ?' મેં હળવાશથી પૂછ્યું.

'સાંજના સમયે પગ બહુ કળી ઊઠે છે. સહન થતું નથી.'

'આટલી જુવાનીમાં આવી ફરિયાદ શેને કરું છું ? ફૂટબૉલ રમવાનું બંધ થયું એટલે તેં કસરત પણ બંધ કરી દીધી લાગે છે. મોટા ભાગના ખેલાડીઓ ખેલ છોડીને સંસારમાં પડે એટલે એમના શરીરમાં ફેરફારો થવા લાગે છે. અને ક્યારેક એ painful પણ હોય. લ્યુસી, is he turning into a couch potato?' બન્ને થોડું હસ્યાં.'

'ના સાહેબ, રોજ ત્રણ માઈલ હજુ દોડું છું. પણ કંઈ ખબર પડતી નથી. શરીર તૂટયા કરે છે. દોડવાનું પણ બહુ કષ્ટદાયક લાગે છે. ક્યારેક સમતોલપણું નથી રહેતું.'

મેં રૂટિન બ્લડ ટેસ્ટ કરાવ્યા. એક્સ-રે લીધા. પણ કાંઈ દેખાયું નહીં.

'કીથ બધું નોર્મલ દેખાય છે. આ ગોળીઓ લખી આપું છું. મહિના પછી પાછો આવજે. ચિંતા કરીશ નહીં. બધું બરાબર થઈ જશે. You've got Lucy besides you. Right Lucy?' પાછાં બન્ને મલક્યાં અને ઑફિસની બહાર નીકળ્યાં.

બરાબર એક મહિને કીથ અને લ્યુસી પાછાં આવ્યાં.

આ વખતે લ્યુસીના મોઢા ઉપર ચિંતાની ગમગીની ફરી વળી હતી. એનો ચહેરો જાણે મૂરઝાઈ ગયો હતો. કીથ બાથરૂમમાં ગયો એ દરમિયાન એ મારી પાસે આવી અને આંસુભરી આંખે ફરિયાદ રી.

'Something is terribly wrong... Please do something...' ગઈ કાલે સવારે એના હાથમાંથી કૉફીનો કપ છટકીને પડી ગયો. કોઈ વસ્તુ હવે એ બરાબર પકડી શકતો નથી.' કીથનાં પગલાં સંભળાયાં એટલે તરત એણે આંસુ લૂછ્યાં.

હું કીથને તપાસવા બાજુના રૂમમાં લઈ ગયો. લ્યુસી પણ આવી.

'ડૉક્ટર, હવે તો પગ બહુ જ ધ્રૂજવા માંડે છે. ઊભા રહેવામાં પણ દુખાવો ઊપડે છે. શરીરમાંથી તાકાત જતી રહી હોય એવું લાગે છે.' એણે લ્યુસી તરફ જોયું.

'લ્યુસી ડાર્લિંગ, બીજું બધું પણ હવે ડૉક્ટરને કહું ?'

લ્યુસીએ માત્ર હકારાત્મક ડોકું હલાવ્યું. લ્યુસીની સંમતિ મળતાં કીથે બધી વિગત કહેવા માંડી :

'Doc, now I don't even have the strength to enjoy sex like before. I can not hold it any more...'

પછી તો લ્યુસીએ શરમ બાજુમાં મૂકીને સંભોગ કરતી વખતે પડતી બધી જ તકલીફોનું ઝીણવટભર્યું વર્ણન કર્યું. કીથને પેશાબ ઉપર હવે કાબૂ રહેતો નહોતો.

લ્યુસીએ વર્ણવેલાં ચિહ્નો ઉપરથી હવે મને ધ્રાસ્કો પડ્યો. મેં રૂટિન રીતે કીથને તપાસ્યો. પણ મારા મનમાં શંકાની ચિનગારી સળગી ઊઠી હતી. મારે એની ખાતરી કરવી પડે એવું હતું.

'કીથ, I am going to send you to Dr. Wilson for a complete neurological evaluation. OK?'

મેં તાબડતોબ બધી વ્યવસ્થા કરી. MRIની પણ વ્યવસ્થા કરી. બે દિવસ પછી મારા ટેબલ ઉપર એ બધા ટેસ્ટનું પરિણામ આવી પડ્યું.

એ વાંચતાં જ મારી છાતીમાં શૂળ ભોંકાયું. કીથને 'મલ્ટીપલ સ્કેલેરોસિસ multiple Sclerosis' રોગ નીકળ્યો. બહુ ખતરનાક રોગ ગણાય છે. હજુ કોઈ ઈલાજ પણ નથી. દર્દીના સ્નાયુઓ ધીમે ધીમે

ખવાઈને ખતમ થઈ જાય છે. દર્દી પોતે પોતાનો હાથ, પગ કે ડોકું પણ પોતાની મેળે હલાવી શકતો નથી. સામાન્ય લકવા કરતાં અનેક ઘણો ભયાનક આ રોગ છે. આ રોગની ખરી ક્રૂરતા તો એ છે કે દર્દીનું શરીર આખું તોડી નાખે છે પણ એની ચેતના એવી ને એવી જ રહે છે. પોતાની આસપાસ બનતી બધી જ ઘટનાઓ દર્દી જોઈ શકે છે, સાંભળી શકે છે, સમજી શકે છે પણ કોઈ પ્રકારનો પ્રતિભાવ આપી શકતો નથી. અંદરથી તડતડ તૂટતા સ્નાયુઓવાળા અને બહારથી ધીમે ધીમે સાવ નિષ્ફળ જતા તનમાં સંપૂર્ણ જાગ્રત મન પુરાઈને પડ્યું રહે છે. કેવી ભયાનક ગૂંગળામણ!

હું બહુ જ બેચેન બની ગયો. લ્યુસીને અને કીથને આ સમાચાર કેવી રીતે હું કહી શકીશ? ડૉક્ટર તરીકે મારે આટલા બધા ઈમોશનલ ના થવું જોઈએ એ મને ખબર છે. પણ હું કદાચ જરા જુદી માટીનો બનેલો ડૉક્ટર હોઈશ એવું લાગે છે.

મેં લ્યુસીને ફોન કર્યો અને મારી ઑફિસમાં મળવા આવવા કહ્યું.

બંને આવ્યાં...

હિંમત કરીને મેં લ્યુસીના હાથમાં કાગળિયાં આપ્યાં અને બધી વાત કરી. એ બન્ને પણ ભાંગી પડ્યાં.

ત્યાર પછીનો સમય આ યુગલ માટે સળગતી આગમાં જીવવા જેવો હતો. લ્યુસી ગમે એટલી હિંમત, ધીરજ અને સાંત્વન આપે તોય કીથ નિરાશ અને ઉદાસ થઈ જતો. ક્યારેક આ ઉદાસીનતા લ્યુસી ઉપર ગુસ્સારૂપે એ બહાર કાઢતો. પછી પાછો ખૂબ પસ્તાતો.

ધીરે ધીરે એવી પરિસ્થિતિ આવી કે કીથ સાવ પથારીવશ થઈ ગયો. ફાર્મસીની નોકરી છૂટી ગઈ. આવક બંધ થઈ ગઈ. લ્યુસી પણ બરાબર નોકરી કરી શકતી નહોતી, કારણ કીથની દેખભાળમાં કોઈકે ચોવીસ કલાક હાજર રહેવું પડે એવું હતું.

કીથની હાલત કથળતી જતી હતી. ઘણી વાર ખોરાક અન્નનળીમાં જવાને બદલે શ્વાસનળીમાં ચાલ્યો જતો. એટલે પેટમાં કાણું કરીને પ્લાસ્ટિકની નળીથી પ્રવાહી ખોરાક આપવાનો વારો આવ્યો.

એક વખતનો પહાડ જેવો સશક્ત, સ્નાયુબદ્ધ ખેલાડી આજે કરમાઈ ગયેલા ભાજીપાલાની જેમ નિરાધાર, પરવશ, પોતાનો હાથ પોતે જ ન હલાવી શકે એવો લાચાર બનીને પથારીવશ બની ગયો હતો.

એક દિવસ, મેડિકલ ચેકઅપ માટે હું એમને ઘેર ગયો. ડોરબેલ વગાડતાં લ્યુસીએ બારણું ખોલ્યું અને તરત પાછી ઉતાવળે કીથની પથારીમાં એનો હાથ પકડીને બેસી ગઈ. હું કીથ પાસે ગયો. કોઈ કાંઈ બોલતું નહોતું. પણ બન્નેની આંખો રડી રડીને લાલ થયેલી મને લાગી. બીજી શી અપેક્ષા રખાય? બન્ને જણાં અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ રહ્યાં હતાં. તેમ છતાં, મારા આવતાં પહેલાં જ કાંઈ વિશિષ્ટ બની ગયું હોવું જોઈએ એવું મને લાગતું હતું. મેં સહજ પૂછ્યું : 'Lucy, what has happened? Please tell me.'

બન્નેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહીં. મારો સવાલ જાણે એમણે સાંભળ્યો જ ના હોય એમ મૌન રહ્યાં.

'લ્યુસી, ચાલ મને કહે જો... શું બન્યું છે? મારાથી ખાનગી રાખવાની કોઈ જરૂર ખરી? ચાલ બોલ તો...' મેં લ્યુસીને ખભે પંપાળી. મારી સહાનુભૂતિ મળતાં લ્યુસી એકદમ જોરથી રડી પડી. મેં એને વધારે પંપાળી.

'લ્યુસી... આ શું? જરા હિંમત રાખ. મક્કમતાથી પરિસ્થિતિનો સામનો કર.'

'હું તો કરું જ છું અને કરતી રહીશ.... પણ આ...આ...આ..તમારા લાડકા કીથને જ પૂછો... ઈડિયટ છે ઈડિયટ...' લ્યુસી જબરી ધ્રૂસકે ચઢી ગઈ. હું એને મારા મૌનથી આશ્વાસન આપતો રહ્યો. થોડી વારે મેં કીથને પૂછ્યું :

'કીથ, શું છે આ બધું? તમે લોકો ઝઘડી રહ્યાં છો?'

કીથે પરાણે પરાણે બોલીને મારા સવાલનો જવાબ આપવા પ્રયત્ન કર્યો.

'ના...ના...ડૉક્ટર કોઈ ઝઘડો નથી. આ...આ...લ્યુસી સમજતી નથી. છોકરમત કર્યા કરે છે. મારા કહેવાનો અર્થ ઊંધો કરી કરીને ખોટું લગાડી બેસે છે અને રડ્યાં કરે છે. હું શું કરું?'

'હું ઊંધા અર્થ કરું છું?...હું? સ્ટુપિડ જેવું બધું બોલતાં તને શરમ નથી આવતી? પાછો મને છોકરમત કહું છું?' લ્યુસી બરાબર ઊકળી ગઈ હતી.

'ઓકે...ઓકે...લ્યુસી. શાંત થા. મને એની પાસેથી વાત સાંભળી લેવા દે...'

'સાંભળો તમારે સાંભળવું હોય... શું સાંભળવાનું છે એ સ્ટુપિડની વાતમાં?' નરી વેદના અને ગુસ્સો લ્યુસીના અવાજમાં હતાં. ગાલ ઉપર ચોધાર વહ્યે જતાં આંસુ એ લૂછી રહી હતી.

'ઓકે...લ્યુસી, હવે તું શાંત થા. કીથને વાત કરવા દે.' મારું માનીને એક ખુરશી ઉપર એ ચૂપચાપ બેસી ગઈ. કીથે બધી તાકાત ભેગી કરીને બોલવાનો પ્રયત્ન કર્યો.

'ડૉક્ટરસાહેબ, મારી વાત સીધી છે. વ્યવહારુ છે. સાદી વ્યવહારુ, પ્રૅક્ટિકલ વાત આ લ્યુસી સમજતી નથી.'

'વાત શી છે એ તો કહે...' એમના ઝઘટાનું કારણ જાણવા હું અધીરો થતો હતો.

'કહું છું...' એણે ખોંખારો ખાધો. 'ડૉક્ટર, મારી બીમારી તો તમે જાણો જ

છો. મારું શરીર સાવ તૂટી ગયું છે. ઘરની આર્થિક હાલત પણ તૂટતી જાય છે. કદાચ આ ઘર પણ ગુમાવવાનો વારો આવશે, કારણ ચોવીસ કલાક મારી ચાકરી કરવામાં લ્યુસી પણ કામે જઈ શકતી નથી. એ તો સમજ્યા... પણ એ કેટલી થાકી જાય છે એ તો જુઓ. એને સહેજે આરામ મળતો નથી. હું એને એક સરળ વ્યવહારુ માર્ગ બતાવું છે કે મને નર્સિંગહોમમાં મૂકી દે. હવે આ માળખામાં રહ્યું છે શું ? બહુ તો અઠવાડિયે એકાદ દિવસ મને ત્યાં મળવા આવે. બાકીના દિવસો આરામ કરે અને નિયમિત રીતે નોકરીએ જાય.'

...હું એને એ પણ કહું છું કે છેલ્લાં બે વર્ષથી હું એને કશું સુખ આપી શક્યો નથી. અને હવે આપી શકવાનો પણ નથી. આ નક્કર હકીકત છે. મારી પાછળ ઝૂર્યા કરવાનો હવે કોઈ અર્થ ખરો ? ક્યાં સુધી એણે મારી આ વેઠ કર્યા કરવી જોઈએ ? બીજા કોઈ યોગ્ય યુવાન સાથે એણે હવે બહાર જવું જોઈએ. મનને પ્રફુલ્લિત રાખવું જોઈએ. મનને પ્રફુલ્લિત રાખવું જોઈએ. મને એમાં ક્યાંય કશું અયોગ્ય દેખાતું નથી. મારી આ વાતથી લ્યુસી સમજ્યા વગર એકદમ છંછેડાઈ ઊઠે છે. ડૉક્ટર તમે કહો... મારી વાત જરાય અજુગતી છે ?' કીથને બોલતાં બોલતાં હાંફ ચઢી ગયો. એ ચૂપ થઈ ગયો.

હું ફસાઈ ગયો. કોનો પક્ષ લઉં ? બન્ને બાજુ લાગણીઓના ભડકા ઊઠતા હોય ત્યાં અંદર હાથ ક્યાં નાખવો ?મારે બન્નેને શાંત પાડવાં હતાં. હું કાંઈ બોલું તે પહેલાં લ્યુસી પાછી તડૂકી ઊઠી :

'સાંભળ્યું ? સાંભળ્યું... ડૉક્ટર તમે ? સાંભળી તમે એની પ્રૅક્ટિકલ વાત ? મારી રાતદિવસની કાળજી, મહેનત અને એના પ્રત્યેના પ્રેમની એ કેવી કિંમત કરે છે ? એને ''વેઠ'' કહે છે. મને કોઈ બીજા સાથે ફરવા જવાનું કહે છે. એને શરમ ના આવવી જોઈએ ?' લ્યુસી હજુ ઉગ્ર જ હતી.

કોઈ ભારતીય પત્ની પતિના આવા શબ્દોથી અકળાય એ હું સમજી શકું છું. પણ લ્યુસી તો શુદ્ધ ગોરી અમેરિકન છે. એ પણ આટલી અકળાય ! મને બહુ નવાઈ લાગી. ચાલો... એક ભ્રમ ભાંગ્યો અને નવું સત્ય નજરે જોવા મળ્યું કે પ્રેમ અને મનુષ્યના હૈયાની લાગણીઓને કોઈ પ્રાદેશિક 'કલ્ચર' સાથે સંબંધ નથી.

હું લ્યુસીને બાજુમાં લઈ ગયો.

'લ્યુસી, કીથના બોલવા ઉપર ધ્યાન આપીને તું નકામી શા માટે દુઃખી થયા કરે છે ?' એની શારીરિક અને માનસિક પીડા કેટલી છે એ તને ખબર નથી ? આ હાલતમાં એ એવું ન બોલે તો શું કરે ? તું તો નર્સ છે. દર્દીની માનસિક હાલત પણ તારે સંભાળી લેવી જોઈએ ને ? એના બોલવા ઉપર તું આટલી ઉગ્ર ના થઈશ. એથી શો ફાયદો છે ?' લ્યુસીને જાણે મારી વાત ગળે ઊતરવા માંડી. એ શાંત પડી.

બંનેને શાંત પાડી થોડી વારે હું નીકળી ગયો. ત્યાર પછીના બેત્રણ મહિનામાં કીથની હાલત સાવ બગડી ગઈ. ઝાડો અને પેશા ઉપર પણ હવે કીથનો કાબૂ રહ્યો નહોતો. ટ્યૂબ મૂકીને પેશાબ કરાવવો પડતો હતો.

એક દિવસ લ્યુસી મારી ઑફિસમાં આવી. સાથે કીથનું વકીલનામું લાવી હતી.

'ડૉક્ટર, કીથ સતત કરગર્યા કરે છે કે ''મને ઘેનનું ઈન્જેક્શન આપીને આ જીવતા નરકમાંથી છોડાવો... પ્લીઝ મને છોડાવો....'' ડૉક્ટર, કીથને હવે આ શરીર માત્ર ટકી રહે એવું જીવન સ્વીકાર્ય નથી.'

'લ્યુસી, તું કહેવા શું માગું છું ?'

'ડૉક્ટ, જીવનનો અંત લાવવામાં તમે એને મદદ કરો. એણે તમને એ માટે બોલાવ્યા છે.'

'લ્યુસી, તારું મગજ તો ઠેકાણે છે ને ? કાયદો તું જાણું છું ને ? કાયદો મને પકડે અને મારી બરબાદી કરી નાખે ? એવું કરાય નહીં. ધીરજ રાખ.'

'મારી ધીરજનો સવાલ નથી. હું તો એને માટે જીવનભર ધીરજ રાખવા તૈયાર છું. સવાલ છે કીથની ધીરજનો....'

'લ્યુસી, જીવનનો અંત લાવવામાં મદદ કરવી એ ગુનો છે. બહુ કપરું કામ છે. એ મારાથી નહીં થાય. ઉપરાંત તમારા બન્ને ફરતા મારી લાગણીઓના તાંતણા પણ વીંટળાયા છે. એટલે એ વધારે કપરું બને છે. હું એ કદાપિ નહીં કરી શકું.'

નિરાશ થઈને લ્યુસી ચાલી ગઈ. એના ગયા પછી એક સવાલ મારા મનમાં વારંવાર પડઘા પાડવા લાગ્યો - આ રીતના અસાધ્ય રોગની પીડામાં દર્દીને પોતાના જીવનનો અંત આણવાનો અધિકાર નહીં ? આ પીડામાંથી છૂટવા અંગે નિર્ણય લેવાનો એનો વ્યક્તિગત અધિકાર નથી ? સરકારી કાયદાકાનૂન, સમાજ કે ધાર્મિક નેતાઓએ એમાં શા માટે આડા આવવું જોઈએ ? સામે ચાલીને મૃત્યુને ભેટવું એ કાયરતા કહેવાય કે શૂરવીરતા ?

યુથેનેસિયા (દર્દીને આત્મહત્યા કરવામાં મદદ કરવી) ! અમેરિકા જેવા વૈજ્ઞાનિક દેશમાં પણ આ પ્રશ્ન કેવો ચકડોળે ચઢ્યો છે ?

એ સાંજે હું પાછો લ્યુસીને મળવા એને ઘેર ગયો.

કીથ એની પથારીમાં હતો. લ્યુસી બાજુમાં બેઠી બેઠી એનો હાથ પંપાળતી હતી. મેં જોયું તો કીથના શ્વાસ અનિયમિત બની રહ્યા હતા. એની નાડીના ધબકારાને આધારે એનું બ્લડપ્રેશર પણ ઓછું થતું જતું હોય એવું લાગતું હતું. એ લગભગ અર્ધબેભાન

દશામાં હતો. હું પરિસ્થિતિ સમજી ગયો. મેં એને ઢંઢોળ્યો.

'કીથ…કીથ… wake up... આ તેં શું કર્યું ?'

હળવે રહી કીથે આંખ ખોલી.

'Hi Doc, I am glad you came. I knew you will not assist me...so...'

'So...what?' મારો અવાજ કંપતો હતો.

'I managed to do it myself... Please...Don't ask me how.'

'But why? કીથ why?' મારું રડવું મેં ખાળી રાખ્યું.

'Because...Death is my birth right...Doc...' પાછી એની આંખો મીંચાઈ ગઈ. હું લાચાર બની જોતો રહ્યો.

આંસુભરી આંખે, વેદનાનો પથ્થર છાતી ઉપર મૂકીને લ્યુસી પણ વિદાય લેતા કીથને જોઈ રહી હતી. મોઢામાંથી અવાજ ન નીકળી જાય એટલા માટે પોતાની હથેળીથી એણે મોઢું દાબી રાખ્યું હતું. પોતે ફાર્મસિસ્ટ હતો એટલે મોર્ફિનનું ઈન્જેક્શન મેળવવામાં કીથને સહેજે તકલીફ નહીં પડી હોય. છેલ્લી ક્ષણો ગણી રહેલા, બેભાન, કીથના માથા ઉપર વહાલથી હું હાથ ફેરવતો હતો.

એના ઓશીકા નીચે મને કાગળના કવર જેવું કાંઈક દેખાયું. મેં એ બહાર કાઢ્યું. ઉપર લ્યુસીનું નામ હતું એટલે હાથ લંબાવીને મેં એ લ્યુસીને આપ્યું.

લ્યુસીએ બહુ આતુરતાથી કવર ખોલ્યું. અંદર લખ્યું હતું :

'Dear Lucy,

...I love you...Take care of yourself... Good bye now...'

વાંચતાં જ લ્યુસીનો ખાળી રાખેલો ડૂમો છૂટી ગયો. મને વળગીને એ છૂટ્ટે મોઢે ખૂબ રડી.

❖❖❖


## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની /માથેરાન<br>નિરવભાઈ -9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>તથા દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# તાલભંગ ન હો પાય

જીવનમાં જ્યારે મુશ્કેલીઓ આવે છે, ત્યારે માણસ સમતુલા ગુમાવી બેસે છે. હાંફળા ફાંફળા બની દોડાદોડ કરવા લાગે છેકે ''આમ કરું, તેમ કરું, આની પાસે જઈ વાત કરું, આની મદદ મેળવું'' અને પછી આવેશમાં આવી વગર વિચાર્યા પગલાં ભરી જિંદગીભર પસ્તાય છે. જીવનમાં આવતી વિકટ પરિસ્થિતિના સમયે મનુષ્ય બીજું કંઈ પણ ન કરે પણ ફક્ત ધીરજ રાખીને સમય પસાર થઈ જવા દે, તો પણ મુશ્કેલીઓ આપોઆપ પસાર થઈ જાય છે. શ્રીમા શારદાદેવીએ કહ્યું હતું કે, ''કોઈ મુશ્કેલી કાયમ માટે બેઠી રહેતી નથી. તે બધી પુલ નીચેના પાણીની માફક સડસડાટ વહી જાય છે.'' આથી મુશ્કેલીઓથી ગભરાયા વગર માણસે ધીરજપૂર્વક સમય પસાર કરી લેવો જોઈએ. ગાઢમાં ગાઢ અંધકાર પછી સૂર્યોદય હંમેશાં થાય છે જ. દુઃખ પછી સુખ આવવાનું જ છે. એમ માનીને દુઃખ સહી લેવું જોઈએ. ઉતાવળે કોઈ પગલું ભરવું ન જોઈએ. નહીંતર પછી જિંદગીભર પસ્તાવું પડે છે અને મનમાં સતત ચૂભ્યા કરે કે ''થોડી ધીરજ ધરી હોત તો બધું સારું થઈ ગયું હોત.'' આ સંદર્ભમાં એક સુંદર વાર્તા છે :

રાજદરબારમાં નૃત્ય ચાલી રહ્યું છે. રાજા, રાજકુમાર, રાજકુમારી, નગરશેઠ અને બધા દરબારીઓ નૃત્ય જોઈ રહ્યાં છે. તે સમયે એક સંન્યાસી પણ ત્યાં આવી ચઢ્યો અને નૃત્ય જોવા લાગ્યો.

નૃત્યાંગના નાચી નાચીને સાવ થાકી ગઈ. રાત પૂરી થવા આવી તો પણ કોઈએ તેને કંઈ ઈનામ આપ્યું નહીં. આથી તે હવે પોતાનું નૃત્ય બંધ કરી દેવાનો વિચાર કરી રહી હતી. તેણે ગીત ગાતાં નટને પોતાનો આ વિચાર જણાવ્યો કે,

*રાત તો અબ બીત ચલી,*
*થક ગઈ પૈંજની મોરી,*
*નહી કહે સૂનો વામદેવ,*
*ઈનામ મિલા ન કોઈ*

આ સાંભળીને નટ ગભરાયો. જો અત્યારે આ નાચવાનું બંધ કરી દેશે તો આખી રાત જે મહેનત કરી છે, તે પાણીમાં જશે. એટલે એને કોઈ પણ હિસાબે તેમ કરતાં રોકવી પડશે. એટલે તેણે વિચારીને બીજું ગીત ઉપાડ્યું.

*બહુત ગઈ થોડી રહી, થોડી ભી અબ જાય*
*ન કહે સૂનો નટી, તાલભંગ ન હો પાય.*

અને ચમત્કાર થયો. સંન્યાસીએ પોતાનો એકમાત્ર ધાબળો ઈનામ રૂપે ફેંક્યો. ત્યાં તો નગરશેઠે પોતાની હીરાની વીંટી ફેંકી. રાજકુમારે પોતાના ગળાનો કીમતી હાર ઈનામ રૂપે ફેંક્યો. રાજા તો આશ્ચર્યમાં પડી ગયા કે આ શું ? આ બધા નૃત્યાંગના ઉપર આટલા બધા પ્રસન્ન કેમ થઈ ગયા ? બધાંને તેણે તેનું કારણ પૂછ્યું. સંન્યાસીએ કહ્યું, ''બધું ત્યાગ કરીને ખૂબ તપશ્ચર્યા કરી, પણ આત્મજ્ઞાન ન થયું. એટલે હું સંન્યાસ છોડીને ગૃહસ્થ થવાનો વિચાર કરી રહ્યો હતો. ત્યાં આ ગીતે મને બચાવી લીધો કે 'બહુત ગઈ થોડી રહી', તો પછી આ થોડાને માટે હું મારા સંન્યાસી જીવનને શા માટે ધૂળધાણી કરું ?''

નગરશેઠે કહ્યું, ''ઘણા દિવસથી મારા દીકરાના કંઈ સમાચાર નથી, મેં માન્યું કે માલભરેલા વહાણ સહિત તે સમુદ્રમાં ડૂબી ગયો હશે. મારું તો સર્વસ્વ લૂંટાઈ ગયું. એમ માનીને મેં ઝેર પીવાનો વિચાર કર્યો હતો, આ ગીતે મારી આંખ ઉઘાડી દીધી કે 'બહુત ગઈ થોડી રહી અને આ થોડી પણ હવે ચાલી જશે.' જો મારો પુત્ર કદાચ જીવતો પણ હોય અને પાછો આવે તો મારે શા માટે ધીરજ ગુમાવવી જોઈએ ? આમ આ ગીતે મને જીવતદાન આપ્યું.''

રાજકુમારીએ કહ્યું, ''પિતાજી, તમારા કંજૂસ સ્વભાવને લઈને તમે મને પરણાવતા ન હતા. એટલે આજે વહેલી સવારે મેં ભાગી જવાનો વિચાર કર્યો હતો, પણ ગીત સાંભળીને મને થયું કે તમે તો હવે વૃદ્ધ થયા છો, કેટલો સમય જીવશો ? તો પછી આ થોડા સમય માટે હું નાહકનું કલંક શા માટે લગાડું ?''

રાજકુમારે કહ્યું, ''પિતાજી, ઘણા દિવસથી હું વિચારતો હતો કે તમે વૃદ્ધ થયા હોવાથી તમે હવે મને રાજગાદી આપશો, પણ મારી ધીરજ ખૂટી ગઈ. આથી મેં આજે તમને મારી નાખવાનો વિચાર કર્યો હતો, પણ આ ગીતે મને પિતૃહત્યાના પાપમાંથી બચાવી લીધો. મને થયું કે હવે તો તેઓ ઘરડા થયા છે. કેટલા દિવસ જીવશે ? આટલા દિવસો રાહ જોઈ તો થોડા દિવસો વધારે રાહ જોઉં. નકામું પિતૃહત્યાનું પાપ શા માટે વહોરું ?''

આ સાંભળીને રાજાએ પણ નટ અને નટીને વિશેષ પુરસ્કાર આપીને રાજી કરી દીધાં અને પછી રાજકુમારને ગાદીએ બેસાડી, રાજકુમારીના લગ્ન પણ કરાવી દીધા. આમ ફક્ત એક જ ગીતે કેટલા બધાંનાં જીવન બચાવી દીધાં !

જીવનમાં જ્યારે કપરા કાળમાંથી પસાર થવાનું આવે, ધીરજ ખૂટી ગઈ હોય, પરિસ્થિતિ અસહ્ય બનતી જતી હોય, ત્યારે માણસ ઉતાવળમાં ન કરવાનું કરી બેસે છે. તે વખતે આ શબ્દો યાદ કરવા જોઈએ કે 'બહુત થઈ થોડી રહી, થોડી ભી અબ જાય.' તો પછી એ જીવનમાં ક્યારેય તાલભંગ નહીં થાય. ક્યારેય પસ્તાવાનો વારો નહીં આવે.

*('આધુનિક માનવ શાંતિની શોધ' માંથી સાભાર)*

# વણ વરસ્યાં નેત્રો



માયા દેસાઈ

સ્ટાફરૂમમાં આજે થોડી ચહલપહલ હતી, દેસાઈ મેડમનાં વિદાય સમારંભ માટે સૌને જ બોલવું હતું. નવા કે જૂના, બધાં પાસે એક એક પ્રસંગ હતો એમનાં વિશે બોલવા. પ્રિન્સીપાલ તરીકે ખુરશીમાં બેસી દેસાઈ મેડમ આ શાળામાં પોતાની સફર વિશે વિચારી રહ્યાં હતાં ત્યારે એ પેન એમની નજરે ચઢી.દસેક વર્ષ પહેલાં...

''શાળામાં રિસેસ પડી હતી, રમતિયાળ છોકરાં ડબ્બાનું ખાવાનું પતાવી રમવા લાગ્યા હતા તો કેટલીક છોકરીઓ એક વિશિષ્ટ છટામાં દાદરા પર બેસી વાત કરી રહી હતી. કદાચ કોઈની મશ્કરી કરી મોંએ હાથ દઈને હસી રહી હતી. કેટલાંક બાળકો હજી ડબ્બામાંથી ધીમે ધીમે મોંમાં ઓરી રહ્યાં હતાં.

શાળાનાં સ્ટાફરૂમમાં શિક્ષકોની પણ એ જ અવસ્થા હતી, કેટલાકે ખાઈ લીધું હતું તો કોઈ હજુ ડબ્બો ખુલ્લો રાખી વાતોમાં મશગૂલ હતા. સુપરવાઈઝરની જવાબદારી સંભાળતાં દેસાઈ મેડમે પછીના પિરિયડની તૈયારી રૂપે ચોપડીઓ ભેગી કરી, ચોક, ડસ્ટર તરફ નજર ફેરવી ત્યાં એક દસેક વર્ષની છોકરી, સુરભિ રડતી રડતી આવી અને ડૂસકાં ભરી બોલવા લાગી, ''દેસાઈ મેડમ, ક્યાં છે ?''

દેસાઈ મેડમે એને સ્ટાફરૂમની બહાર એક ખાલી વર્ગમાં બેસાડી વાત શરૂ કરી. ''તું ક્યા ધોરણમાં છે ? હું તો તને ભણાવતી નથી તો મારી પાસે કેવી રીતે આવી ?'' સુરભિ વધુ જોરથી રડતાં હાથમાં એક ગોબો પડેલો ડબ્બો બતાવી બોલી મેડમ, તમે મને નથી ભણાવતાં પણ તમે નવમા, દસમામાં ભણાવો છો અને મોટા બહેન છો એટલે આપની પાસે આવી છું. આવો ડબ્બો લઈ હું ઘરે કેવી રીતે જાઉં ! મારી માને શું જવાબ આપું ? ''દેસાઈ મેડમે પૂછતાં એણે આગળ કહ્યું, ''મારો ડબ્બો પૂરો ખાઈ હું હાથ ધોવા ગઈ અને વાત કરતી ઊભી રહી. યાદ આવતાં ડબ્બો લેવા ગઈ ત્યારે મોટા છોકરાઓ મારા ડબ્બાને રમતનું સાધન બનાવી, આમથી તેમ ગબડાવી રહ્યા હતા. મને મારો આવો ડબ્બો લેતાં પણ બહુ તકલીફ પડી એવી મસ્તીથી તેઓ રમી રહ્યા હતા. આ ડબ્બો જોઈ મા મને મારશે ત્યારે શું જવાબ આપીશ ? ''

દેસાઈ મેડમે એને છાની રાખતાં કહ્યું, ''કાલે શાળા છૂટ્યા બાદ માને લઈ આવજે, એમને કહેજે ડબ્બો મારી પાસે છે. ચાલ, ચૂપ થઈ જા અને વર્ગમાં જા.''સુરભિને આ સાંત્વન ચંદન જેવી શીતળતા બક્ષી ગયું અને તે આંસુ લૂછી કૂદતી પોતાનાં વર્ગમાં જતી રહી. દેસાઈ મેડમ પોતાનાં આગલાં પિરિયડ માતૃભાષા માટે પોતાનાં વર્ગ, નવમા ધોરણમાં ગયાં. એમનાં મનમાં સુરભિની ફરિયાદ રમી રહી હતી. તેમણે પર્સ ટેબલ પર મૂકી કવિતા પઠન કરાવ્યું જે યોગાનુયોગ કલાપીની ગ્રામ માતા હતી. ?

''રસહીન ધરા થૈ છે,
દયાહીન થયો નૃપ;
નહિ તો ના બને આવું;
બોલી માતા ફરી રડી.''

દેસાઈ મેડમે આ કડીઓ ખૂબ ભાવથી સમજાવી અને કહ્યું, ''એ માતા માટે કેટલી દુ:ખની વાત હતી જ્યારે શેરડીમાંથી રસ ન નીકળ્યો તો જેની માતા આજે આવો ડબ્બો જોશે એ પોતાની પુત્રીનાં શા હાલ કરશે ?'' એમની ચકોર નજરે જોઈ લીધું કે પાછળની બેન્ચ પર બેઠેલા ચાર છોકરાઓએ માથું નીચું કરી દીધું હતું. આમેય તેમની શાખ એક સારાં શિક્ષિકા તરીકેની હતી. તેઓ માનતાં કે આ કિશોર વયમાં બાળકો ઘણી વાર ભૂલો કરતાં હોય છે પણ એ ભૂલનું પુનરાવર્તન ન થાય, એ ગુનો ન બને એ માટે ઘટનાને યોગ્ય રીતે હાથમાં લેવી જોઈએ. જાહેરમાં એમને વઢવું કે અપમાન કરવા કરતાં એમને સુધરવાની તક મળે એ જરૂરી છે. કદીક આવી ભૂલો નિર્દોષપણે કે કોઈની દેખાદેખીમાં થાય છે એવું માનનાર દેસાઈ મેડમે છોકરાઓની બાજુ સાંભળવી એમ વિચારી, ડબ્બા કાંડના છોકરાઓને શાળા બાદ સ્ટાફરૂમ બહાર આવવાનું આહ્વાન કર્યું.

શાળા લગભગ ખાલી થવાની તૈયારીમાં હતી એવામાં ચાર છોકરાઓ દેસાઈ મેડમને મળવા આવ્યા જે જોઈ એમને મનમાં આનંદ થયો કે આ વિદ્યાર્થીઓમાં હજુ સત્ય જીવે છે, ઈમાનદારી છે. સુરભિ સાથે બેઠાં હતાં તે જ વર્ગમાં ચારે સાથે બેસી તેમણે વાત શરૂ કરી, ''શા માટે આવું કર્યું ? સુરભિ તમારી દુશ્મન છે ?'' એકે હિંમત કરી કહ્યું,''ના મે'મ,એમ જ કોઈનો ધક્કો લાગી એ ગબડ્યો એટલે અમને મસ્તી સૂઝી. ''દેસાઈ મેડમે કહ્યું, 'મને સૌથી વધુ દુ:ખ

એ થયું કે મારાં વર્ગનાં વિદ્યાર્થીઓએ આ કર્યું. નધણિયાતી વસ્તુ ઓફિસમાં જમા કરવાનો નિયમ તમને, સિનિયર વિદ્યાર્થીઓને તો ખબર હશે. એક ગરીબ પાલકની મહેનતની તમે ઠઠ્ઠા ઉડાડી છે. ખબર નહીં નવો ડબ્બો કેટલા દિવસ બાદ લઈ શકશે તેઓ. ડબ્બા પર થયેલ જુલમ જોઈને મને ડર છે તમે એક વર્ષ બાદ કોલેજમાં પણ તમે આવી મશ્કરી કરવાની ટોળીમાં સામેલ થશો. હવે તો આવું રેગિંગ કરનાર માટે કાયદા દ્વારા શિક્ષા છે. અમુક કિસ્સામાં તો કોલેજમાંથી નિકાલ. એમાં પણ મારું, આપણી શાળાનું નામ જ વગોવાશે. મારાં શીખવવામાં કોઈ ભૂલ હશે તેથી જ આવું અપકૃત્ય થયું, આની સજા મારે ખુદને આપવી રહી.

આ છેવટનું વાક્ય એ ચોકડીને સ્પર્શી ગયું. ચારેય સાથે બોલ્યા, ''ના મેડમ, આપ એવું ન કહો, અમને જે શિક્ષા કરવી હોય તે કરો.'' દેસાઈ મેડમ મર્મ પર ઘા થયો જાણી સંતુષ્ટ થયાં. ''પણ તેથી કંઈ સુરભિનો ડબ્બો થોડો પાછો મળશે! એનાં પાલકો માટે તો આ ઓચિંતો ખર્ચ. ''એક છોકરો બોલ્યો,''મે'મ, અમે નવો ડબ્બો લાવી આપીશું સુરભિને.'' ''તમે ક્યાંથી લાવશો ? પાલક પાસે પૈસા માંગીને ? '' દેસાઈ મેડમે પૂછ્યું. તરત જ એ છોકરો બોલ્યો, ''ના, અમે કામ કરીશું અને એ પૈસામાંથી નવો ડબ્બો લાવી આપીશું. કાલે શનિવારે અડધો દિવસ અને રવિવારે રજા, અમે કમાઈ લેશું, શાળામાં રજા નહીં પાડીએ.''

દેસાઈ મેડમની નીતિ કામ કરી રહી હતી. તેમણે કહ્યું, ''જે કામ કરો એ માટે પોતાના ઘરેથી પરવાનગી લઈને કરજો. ? આ તો થઈ સુરભિની ભરપાઈ. મને થયેલા દુ:ખ માટે ખુદને સજા કરીશ હું અને એક અઠવાડિયું તમારી સાથે વાત નહીં કરું.'' ચારેયના ચહેરા પર સફેદી છવાઈ ગઈ. થોડા રંજ, થોડા સંતોષ સાથે સૌ છૂટાં પડ્યાં.

અપેક્ષા વિરુદ્ધ સુરભિ કે સુરભિની મા કોઈ ન દેખાયું અને વાત વિસારે પડી. બુધવારે સવારે સુરભિની મા રંગીન કાગળમાં વીંટાળેલ એક ડબ્બો લઈ દેસાઈ મેડમ પાસે આવી આજીજી કરી. ''મેડમ, અમે ગરીબ ભલે રહ્યાં પણ આ છોકરાં એમના ઘેરથી પૈસા લે અને આવો સ્ટીલનો ડબ્બો આપે એ ન ખપે. મારો તો એલ્યુમિનિયમનો હતો. હશે, ભૂલ થઈ બચ્ચાંઓની, તમે એમને શિક્ષા કરી, વાત ખતમ. આ તમે આપી દો એમને. ''દેસાઈ મેડમે એમને શાંત કરતાં કહ્યું, ''મેં તો એમને અબોલા સિવાય કોઈ શિક્ષા નથી કરી. આ તો એમની કમાઈ છે અને એ ચારેયનો પશ્ચાતાપ છે. એક છોકરાના પિતાની નાની કરિયાણાની દુકાન છે, એમના ગોદામમાં બે દિવસ નાનું મોટું કામ કરી મહેનતાણું મેળવી તેઓ આ ડબ્બો લાવ્યા છે તો પ્રેમથી સ્વીકારી લો.''

સજળ નેત્રે હાથ જોડીને વિદાય લેતાં સુરભિની માતા બોલી, ''આપ જેવાં મેડમ પાસે મારી દીકરી ભણે એથી વધુ શું જોઈએ! ખૂબ આભાર, ઈશ્વર આપને લાંબું આયુષ્ય અર્પે.'' દેસાઈ મેડમ નવમા ધોરણમાં પહોંચ્યાં ત્યારે ટેબલ પર એક રંગીન કાગળમાં વીંટાળેલ પેન હતી. તેમણે પૂછ્યું, ''આ કોણે મૂકી છે અહીં ? લઈ લો, શિક્ષકને ભેટ આપવાની મનાઈ છે આપણી શાળામાં.'' પેલા ચાર છોકરાઓ આગળ આવી હાથ જોડીને મેડમને વિનવણી કરવા લાગ્યા, ' મે'મ, આ ભેટ નથી, ડબ્બો લીધા બાદ વધેલાં પૈસામાંથી લાવ્યા છીએ. આપ આનાથી અમારી નોટ, પેપર તપાસશો તો અમને સદા અમારી ભૂલ યાદ આવશે અને ફરી ખોટું ન કરવા ચેતવશે ?.'' દેસાઈ મેડમ ઢીલાં પડ્યાં અને ચોપડી ખોલીને ભણાવવા જતાં હતાં ત્યારે ચારે ય બોલી ઊઠ્યાં, ''મેડમ, હવે તો વાત કરશો ને અમારી સાથે ? '' દેસાઈ મેડમે માંડ આંસુ ખાળ્યાં..''

આજે એ જ પેનથી નિવૃત્તિના પેપર પર સહી કરતાં એમનાં નેત્રો માન્યાં જ નહીં અને અવિરત પ્રવાહથી ધોવાઈ સ્વચ્છ થયાં...

❖❖❖

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **મૈત્રીકકુમાર** | **ઈશીતા** | | |
| શ્રી પ્રફલ્લભાઈ અમૃતલાલ દોશીના સુપુત્ર સેદરડા (મહુવા) નિવાસી (હાલ-મુલુંડ) શ્રી સંજયભાઈ પ્રતાપરાય તુરખીયા (શાહ)ની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ-મલાડ) | | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **દેવલ** | **રિધ્ધી** | | |
| શ્રી વિપુલભાઈ રજનીકાંતભાઈ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - મુલુંડ) શ્રી જીતેન્દ્રભાઈ મુરજીભાઈ છેડાની સુપુત્રી રવ નિવાસી (હાલ - મુલુંડ) | | ૫૦૧ | ૫૦૧ |

# કદી છે રુદન તો કદી છે ખુશાલી, અમારા જીવનની છે વાતો નિરાલી

ડૉ. શરદ ઠાકર

લબ્ધિને આઠમો મહિનો ચાલતો હતો. રાજકોટના જાણીતા ગાયનેકોલૉજિસ્ટને ત્યાં એનો કેસ નોંધાયો હતો. ડૉ. પંડ્યા એને દર વિઝિટે આ ટકોર ખાસ કહી સંભળાવતા હતા, 'બહેન, તું મારી પાસે રેગ્યુલરલી નથી આવતી. બે ચેકઅપ્સની વચ્ચે ક્યારેક દોઢ-બે મહિના જેટલું અંતર પડી જાય છે. આ સારું ન કહેવાય. આમ તો ક્યાંક ગરબડ જેવું હોય તો પકડાય પણ નહીં અને જ્યારે ગરબડ પકડાય ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય એમ પણ બને.'

લબ્ધિની સાથે એની મમ્મી પણ આવી હતી. એણે ડૉક્ટરની વાત સાંભળી ન સાંભળી કરી નાખી અને પોતાની કેસેટ વગાડવી ચાલુ કરી દીધી, 'એમાં દર મહિને તમારી પાસે શું આવવાનું, સાહેબ? અમે કંઈ ગરીબ નથી. અમારા જેવા ખાતાપીતાં ઘરની દીકરીઓને સુવાવડમાં વાંધો જ ન આવે. જો કંઈ તકલીફ જેવું લાગે તો જ ડૉક્ટર પાસે જવાય.'

આ સુખી ઘરની દેશી મહિલાની અણસમજ સામે ડૉ. પંડ્યાને હસવું આવ્યું. તેઓ બોલ્યા, 'ત્યારે આજે શા માટે આવવું પડ્યું એ કહો.'

હવે બોલવાનો વારો લબ્ધિનો આવ્યો, 'સાહેબ, દસેક દિવસથી મને ઉધરસ આવે છે. સૂઈ પણ શકાતું નથી. ગળફા પણ નીકળે છે. શ્વાસ ચડે છે. થોડુંક ચાલવામાં જ હાંફી જવાય છે.'

ડૉ. પંડ્યા જોઈ શકતા હતા કે લબ્ધિ આટલું બોલતાંમાંય ખાંસવા માંડી હતી. એમણે એને તપાસવાના ટેબલ ઉપર સુવડાવી. બ્લડપ્રેશર માપ્યું ઊંચું હતું. છેલ્લે જ્યારે માપ્યું હતું ત્યારે નૉર્મલ હતું. એનો અર્થ એ થયો કે વચગાળામાં વધી ગયું. ખબર આજે થઈ. જો લબ્ધિ યોગ્ય સમયે ચેકઅપ માટે આવી ગઈ હોત તો એ શરૂઆતમાં જ પકડાઈ ગયું હોત અને એને કાબૂમાં પણ લાવી શકાયું હોત, પણ એની મમ્મી સ્ત્રી હોવાના નાતે જન્મજાત પ્રસૂતિ-



નિષ્ણાત બની બેઠાં હતાં. ખાતાંપીતાં ઘરની વહુ-દીકરીઓને કંઈ થાય જ નહીં!

ડૉ. પંડ્યો લબ્ધિની છાતી ઉપર સ્ટેથોસ્કોપનો ચેસ્ટપીસ મૂક્યો. ફેફસાંમાંથી ચોક્કસ પ્રકારનો અવાજ સંભળાયો. એ ગંભીર થઈ ગયા. પછી એમણે લબ્ધિનું પેટ તપાસ્યું, સોનાગ્રાફી ટેસ્ટ કર્યો, પગ ઉપરના સોજા તપાસ્યા. આ બધું પૂરું કરીને તેઓ બહાર આવ્યા. લબ્ધિને અને એની મમ્મીને સમજાવવા લાગ્યા, 'સ્થિતિ જરા પણ સારી નથી. પેટની અંદરનું બાળક તો બરાબર છે, પણ લબ્ધિનું હાર્ટ... મારે કઈ ભાષામાં સમજાવવું તમને? બસ, એટલું સમજી લો કે એની ઉધરસ સામાન્ય ઉધરસ નથી. હળદરવાળા દૂધથી કે પાંચ દિનસના ઍન્ટિબાયોટિક્સના કોર્સથી એ નહીં મટે. ફેફસાંમાં પાણી ભરાઈ રહ્યું છે. લબ્ધિનું હાર્ટ ધીમે ધીમે કામ કરતું... તમે એક કામ કરો, એને આજે જ કોઈ સારા ફિઝિશિયન પાસે લઈ જાઓ. હું ભલામણચિઠ્ઠી લખી આપું છું. ડૉ. રાવલ મારા મિત્ર છે, પ્રામાણિક અને અનુભવી છે. એ લબ્ધિના હાર્ટની સંભાળ લઈ લેશે. સુવાવડને હજુ એક મહિનાની વાર છે. ત્યાં સુધઈમાં લબ્ધિનું હાર્ટ અને ફેફસાં દોડતા ઘોડાના હાર્ટ અને લંગ્ઝ જેવાં મજબૂત થઈ જવાં જોઈએ. જો આવી હાલતમાં ડિલિવરી કરાવવાનું આવે તો અવશ્ય લબ્ધિની જિંદગી જોખમમાં મુકાઈ જશે.'

કોઈ પણ ગાયનેકોલૉજિસ્ટ આનાથી વધુ સ્પષ્ટ શબ્દોમાં તો બીજું શું કહી શકે? ડૉ. પંડ્યાએ સારી ભાષામાં જે સમજાવ્યું એનો ખરાબ ટૂંકસાર આવો થાય – 'તમારી દીકરીને આજે જ ફિઝિશિયન પાસે લઈ જાઓ, નહીં તર એ મરી જશે.' લબ્ધિનો શ્વસુરપક્ષ પણ સધ્ધર હતો અને પિયરિયું પણ સમૃદ્ધ હતું. જો ધારે તો એના પપ્પા ખાસ એના માટે એક ફુલટાઈમ ફિઝિશિયન રાખી શકે તેમ હતા. પણ ખાતાંપીતાં ખાનદાન લોકો પાસે વિચારવા જેટલો સમય, શક્તિ અને તૈયારી પણ હોવાં જોઈએ ને?!

લબ્ધિનાં મમ્મીએ ઘરે જઈને વાત કરી. એમના પતિ અને જમાઈની હાજરીમાં વાત કરી. સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો : 'ડૉક્ટરો તો કીધા કરે. એ લોકોને તો બીજો કોઈ ધંધો નથી. એક ડૉક્ટર પોતાના પેશન્ટને બીજા ડૉક્ટર પાસે મોકલે, એ વળી

લૅબોરેટરીમાં ધકેલે ત્યાંથી બીજાં ચક્કરો ચાલુ થાય. આમાં કેટલાયના કમિશનો પણ ચડતાં હોય. આપણે ક્યાંય જવું નથી. ગામડામાં સુવાવડો થાય જ છે ને ? હવે તો સુવાવડની પીડા ન ઊપડે ત્યાં સુધી ડૉ. પંડ્યા પાસેય નથી જવું.'

ન ગયાં. જ્યાં સુધી લબ્ધિને લેબર પેઈન્સ શરૂ ન થયું ત્યાં સુધી એને લઈને ડૉ. પંડ્યા પાસે ન જ ગયાં. અચાનક એક દિવસ બપોરના સમયે લબ્ધિને દુખાવો ઊપડ્યો. લગભગ બે વાગવા આવ્યા હતા. ડૉ. પંડ્યા એમનું કન્સલ્ટિંગ સેશન પૂરું કરીને ઘરે જવાની તૈયારીમાં જ હતા. ત્યાં અચાનક એમની નર્સે કહ્યું, 'સર, ગાડી આવી છે, એમાંથી લેબરનું પેશન્ટ ઊતરે છે. બે મિનિટ માટે રોકાઈ જાવ.'

એ લબ્ધિ હતી. એને જોઈને જ ડૉ. પંડ્યાના તો હોશકોશ ઊડી ગયા. લબ્ધિનું આખું શરીર પાણી જમા થઈ જવાના લીધે મોટા બલૂન જેવું થઈ ગયું હતું. ચહેરો તેજવિહીન બની ગયો હતો. અત્યારે તો એ ખુરશીમાં બેઠાં બેઠાં પણ હાંફી રહી હતી. એના ગળામાંથી વિચિત્ર પ્રકારની ઘરઘરાટી ઊઠી રહી હતી. એવું લાગે જાણે એનાં બંને ફેફસાં પાણીમાં ડૂબી ગયાં હોય !

ડૉ. પંડ્યાએ દર્દીની ફાઈલ જોવા માટે માગી. અંદર ક્યાંય ફિઝિશિયનનો કાગળ દેખાતો ન હતો. એમણે લબ્ધિના પતિ, પિતા અને મમ્મીની સામે જોઈને પૂછ્યું, 'આટલા બધા સમયથી તમે ચેકઅપ માટે કેમ ન આવ્યા ? અને મારી કડક સૂચના છતાં આને ફિઝિશિયન પાસે કેમ ન લઈ ગયા ? હવે હું પણ આ કેસ હાથમાં લેવાનો ઈન્કાર કરું છું. તમે આને બીજે ગમે ત્યાં લઈ જાવ. શી મે કૉલેપ્સ એટ એની મોમેન્ટ. હરી અપ.'

લબ્ધિનો પતિ જરાક સ્માર્ટ થવા ગયો, 'ડૉક્ટર, મારી વાઈફનો કેસ લેવાની તમે ના કેવી રીતે પાડી શકો ? તમે નર્સિંગ હોમ લઈને બેઠા છો. હું તમારી ઉપર કોર્ટ કેસ...'

ડૉ. પંડ્યાએ એની તરફ લાલ આંખ કરી, 'એ...ય, હીરો ! તું કેટલું ભણ્યો છે ? હું એમ.ડી. થયો છું. અમારા સિલેબસમાં કાયદો પણ આવી જાય છે. આ દેશનો કાયદો અમને દર્દીનો અસ્વીકાર કરવાની છૂટ આપે છે. એ ડૉક્ટર હેઝ એ રાઈટ ટુ ચૂઝ હિઝ પેશન્ટ. જે પેશન્ટ અમારી સલાહ, સારવાર અને સૂચનાનું પાલન ન કરે તેને અમે રિજેક્ટ કરી શકીએ છીએ. તારી વાઈફ તો મરવાની અણી ઉપર છે. એને તાત્કાલિક કોઈ આઈ.સી.યુ.માં ભરતી કરાવ. પછી મને ધમકી આપજે.'

હજુ તો વાત ચાલતી હતી, ત્યાં જ લબ્ધિ ઢળી પડી. ડૉ. પંડ્યાએ એની પલ્સ એને હાર્ટબીટ તપાસ્યાં. શી વોઝ અલમોસ્ટ ડેડ ! ડૉ. પંડ્યા બે જ મિનિટ પહેલાંની વાતચીતની કડવાશ ભૂલી જઈને માત્ર માનવતાના ધોરણે પેશન્ટને બચાવવાના કામમાં લાગી ગયા. એમના સ્ટાફની ત્રણેય નર્સો બાટલા અને ઈન્જેક્શનો આપવામાં જોડાઈ ગઈ. ડૉ પંડ્યાએ એનેસ્થેટિસ્ટને બોલાવી લીધા. બોયલ્સ ટ્રોલીની મદદથી દર્દીને ઈન્સ્યુલેટ કરીને ઑક્સિજન આપવા માંડયા. લબ્ધિનું બ્લડ ઑક્સિજન લેવલ પચાસ ટકા જેટલું ઓછું થઈ ગયું હતું. માંડ થોડી વારે એનું હૃદય પુનઃ ધબકતું થયું.

લબ્ધિએ આંખો ઉઘાડી, પણ એના જીવ પરનું જોખમ હજુ ટળ્યું ન હતું. જ્યાં સુધી એના પેટમાંથી બાળક કાઢી લેવામાં ન આવે ત્યાં સુધી એની જિંદગી સલામત ન હતી.

'હવે મારું કહ્યું માનશો ?' ડૉ. પંડ્યાએ કહ્યું, 'લબ્ધિને કોઈ મોટી કોર્પોરેટ હૉસ્પિટલમાં શિફ્ટ કરો. હું પણ સાથે આવું છું. ત્યાં વેન્ટિલેટર જેવી અનેક અદ્યતન સુવિધાઓ મળી રહેશે. ત્યાં વધારે મેન પાવર પણ હશે. લબ્ધિનું ઈમર્જન્સીમાં સિઝેરિયન કરવું પડશે.'

'આવી હાલતમાં ઑપરેશન ?' દોઢડાહી ત્રિપુટીએ કોરસ સ્વરમાં પ્રશ્ન પૂછ્યો, 'એમાં એના બચવાની ટકાવારી કેટલી ?'

'જો ઑપરેશન કરીશું તો એ સો ટકા મરી જશે... અને જો નહીં કરીએ તો એકસોને એક ટકા મરી જશે. બોલો, શું કરવું છે ?'


અણસમજુ, અવૈજ્ઞાનિક, દેશી લોકોમાં મોડે મોડે પણ થોડીક અક્કલ આવી ખરી. એમણે કહી દીધું, 'ભલે ત્યારે, કરો સિઝેરિયન !'

ચાલુ ઑપરેશને પણ બે વખત લબ્ધિ ઉપર કાર્ડિયાક એરેસ્ટના હુમલાઓ આવ્યા, પણ થિયેટરમાં સાત-સાત ડૉક્ટરો હાજર હતા, એ પાછી આવી ગઈ. સિઝેરિયન કરી રહેલા ડૉ. પંડ્યા મનોમન બબડતા હતા, 'હે ભગવાન, મારી લાજ રાખજે. લબ્ધિને બચાવી લેજે. આટલી બધી વાર એનું હાર્ટ ફંક્શન બંધ થઈ ગયું એટલે એના ગર્ભાશયની અંદરનું બાળક તો જીવતું નહીં જ રહ્યું હોય, પણ એ ભલે ન બચે, આ મોટો જીવ બચે એટલે...'

ડૉ. પંડ્યાની નાઈફ ચાલતી રહી. પેટની દીવાલનાં એક પછી એક પડ ખૂલતાં રહ્યાં. ગર્ભાશય ઉપર ચેકો મુકાયો. લોહીના ફુવારા ઊડ્યા. ડૉ. પંડ્યાએ જમણો હાથ ગર્ભાશયમાં રાખીને શિશુને બહાર કાઢ્યું. અહો આશ્ચર્યમ્ ! બાળકના રુદનથી થિયેટર ગૂંજી ઊઠ્યું. આટલી મહેનત કર્યા પછી પણ સાતેય ડૉક્ટરોએ એકસરખો પ્રતિભાવ ઉચ્ચાર્યો : 'ઈશ્વર, તારો ખૂબ ખૂબ આભાર.' આ સાતેય ડૉક્ટરોની વિનમ્રતાને સલામ કરવી પડે.

❖❖❖

# પણ માંડેલી આ વારતાનું શું ?



પાયલ શાહ

મંગળગ્રહ પર સ્પેસગુરુ બેચેનીથી આંટા મારી રહ્યા હતાં કશુંક બનવાનું હતું એનો તેમને ખ્યાલ આવી ગયો હતો. તેમનું મધર કોમ્પ્યુટર કશીક ગણતરી બતાવી રહ્યું હતું. પૃથ્વીગ્રહ પરથી તેમના પર કોઈક નજર રાખી રહ્યું છે, એ વાત સ્પેસગુરુને મંજૂર ન્હોતી. સ્પેસગુરુના આંટાફેરાથી તેમની શિષ્યા સાન્યા ને ખ્યાલ આવી ગયો કે ક્યાંક કશું બરાબર નથી. સાન્યાએ મધર કોમ્પ્યુટર પર જોયું કે કોઈક વ્યક્તિ મંગળગ્રહ સુધી પહોંચવાની કોશિશ કરે છે, આજ સુધી જે કામ કોઈ ના કરી શક્યું તે ભારત દેશના વૈજ્ઞાનિકે કરી બતાવ્યું. વધારે માહિતી મેળવતાં તેને ખ્યાલ આવ્યા કે તેમનું નામ ડૉ. અભિલાષ સેન છે. મધર કોમ્પ્યુટર લોકેશનમાં 'મુંબઈ' દેખાડતું હતું.

લાલ રંગ માં ઝબૂકઝબૂક થતાં મુંબઈ પર સાન્યાનું ધ્યાન ગયું. સ્પેસગુરુએ સાન્યાને આ મિશન પાર પાડવનું કામ સોંપ્યું. હવે સાન્યાએ ડૉ. ને આ કામમાં આગળ વધતા અટકાવવાના હતા. તેની પાસે વધારે સમય ન હતો એટલે સ્પેસગુરુની પરવાનગી લઈને સાન્યાએ પોતાના યાનમાં પ્રયાણ કર્યું. સાન્યાના યાને પૃથ્વીગ્રહમાં પ્રવેશ કર્યો અને ડૉ. અભિલાષ સેનના બંગલાથી થોડેક દૂર જ યાન ઉભું રહ્યું. રાતનું ગાઢ અંધારું અને શહેરથી થોડે દૂર સાવ નિર્જન જગ્યા પર ડૉ. નો બંગલો હોવાને કારણે કોઈને કાંઈ ખબર પડે એવી શક્યતા નહોતી. સાન્યાએ યાન પાછું મોકલી આપ્યું પણ હવે સાન્યાની ખરી કસોટી શરૂ થવાની હતી. ખાસ કરીને હવે અહીં પોતાનું રૂપ બદલવું જરૂરી હતું. પૃથ્વી ગ્રહની વ્યક્તિ લાગવા માટે સાન્યા પાસે શરીર હોવું જરૂરી હતું. આમ પણ સાન્યા પાસે એટલે બધી ટૅક્નોલોજી હતી કે એની માટે આ વાત મુશ્કેલ નહોતી પણ અઘરું હતું.

ડૉ. ના ઘરે કઈ રીતે જવું ? કઈ રીતે માહિતી મેળવવી અને પછી એમના પ્રયત્નોને નિષ્ફળ કરવા. સાન્યાએ એક છોકરીનું રૂપ લઈ લીધું. હવે તે એકદમ સીધી સાદી છોકરી લાગતી હતી. તેણે ડૉ.ના બંગલા તરફ ચાલવાનું શરૂ કર્યું. ડૉ. ના ઘરે જઈને બેલ વગાડી અને હજી કાંઈ બોલે તે પહેલાં જ ડૉ. બોલ્યા, ''સારું થયું તમે આવી ગયા. ડૉ. મહેતા સાથે તમારી જ વાત કરતો હતો. મને અસિસ્ટંટ (સહાયક)ની જરૂર છે. તમે કાલથી કામ શરૂ કરી શકશો ? મારા બંગલામાં ઉપરના માળા પર જગા છે તમને ફાવે તો તમે ત્યાં રહી શકો છો.'' સાન્યાને તો કાંઈ પણ બોલ્યા વગર અહીં ડૉ. સાથે રહેવા અને કામ કરવા મળ્યું એ પણ પોતાના ગ્રહ સુધી પહોંચવાનો માર્ગ શોધવાનું કામ !

ડૉ. ને નવાઈ લાગતી હતી કે આ કેવી છોકરી છે ? ન તો કોઈ સામાન લાવી છે ન પોતાનાં કપડાં ! થોડીક મૂડી લાગે છે. કામ ઝડપથી અને સરસ કરે છે. સાન્યાને પણ નવાઈ લાગતી હતી. ડૉ. નો સ્વભાવ કેટલો સરળ છે. તેમને નથી જમવાનું યાદ રહેતું કે નહીં દિવસ-રાત. આ મિસ સિલ્વિયા છે જે ડૉ. નો ખ્યાલ રાખે છે બાકી ડૉ. નું ધ્યાન આખો દિવસ તેના કોમ્પ્યુટર અને ગણતરીમાં... ધીરેધીરે સાન્યાને પોતાને પણ ખબર ન પડી એમ ડૉ. ના જમવાનું લૅબનું ધ્યાન રાખવા લાગી. ડૉ. ને જોઈને સાન્યાને સ્પેસગુરુ જ યાદ આવતાં હતાં. તેમનો જેવો સરળ સ્વભાવ તેને પોતાના ગુરુને છેતરવાનું સારું નહોતું લાગતું પણ પોતાના ગ્રહની સલામતી માટે જરૂરી પણ હતું. ડૉ. સાન્યાને હંમેશા કહેતા અમારી સાથે જ જમવા બેસી જા. પણ સાન્યા જવાબ શું આપે ? એની માટે એક કેપ્સ્યૂલ જ પૂરતી હતી એ જ તેનો ખોરાક !

સાન્યાને જમવાનું બનાવતાં તો નહોતું આવડતું પણ મહામહેનતે સિલ્વિયા પાસેથી સેન્ડવિચ બનાવતાં શીખી પણ જેવું તેણે ચાકુ હાથમાં લીધું તરત જ આંગળી કપાઈ ગઈ અને લીલું પ્રવાહી નીકળવા માંડ્યું. સાન્યાના નસીબ સારા કે આજુબાજુ કોઈ ન્હોતું બાકી એ જરૂર પકડાઈ જાતય તરત જ સાન્યાએ આંગળી પર બીજો હાથ ફેરવ્યો ચામડી હતી તેવી જ થઈ ગઈ ! સાન્યા મંગળ ગ્રહ પર તો મધર કોમ્પ્યુટર પર કામ કરતી હતી, ડૉ. ના કોમ્પ્યુટર પર કામ કરવું તેને મન રમત વાત હતી. એક વખત તો ડૉ. ખૂબ નજીક પહોંચી ગયા. એકાદ ભૂલ જ હતી ગણતરીમાં, પણ સાન્યા કહી ના શકી કે જે તમે શોધો છો એ તમારી સાવ સામે જ છે....છ દિવસ થઈ ગયા હતા પણ સાન્યા કાંઈ જ નહોતી કરી શકી. તેને અહીંની જિંદગી અલગ જ લાગતી હતી. ડૉ. આખો દિવસ લેબમાં વ્યસ્ત રહેતા જ્યારે મિસ સિલ્વિયા કિચન અને ફોમનાં વ્યસ્ત પણ બોલકણી સિલ્વિયા તેને ગમવા લાગી હતી, સાન્યા તેને મિસ સિલ્વિયા કહીને બોલાવતી ત્યારે તે ખડખડાટ હસી પડતી 'તું સિલ્વિયા કહી ને બોલાવ ચાલશે'

સિલ્વિયાને સાન્યા માટે વિચાર આવતો કે કેવી છોકરી છે નથી કાંઈ શોખ; વધારે બોલતી નથી; જમવાનું બનાવતાં આવડતું નથી... બસ ડૉ. કહે એટલું કામ કરે છે બાકી પોતાના રૂમમાં બેસી રહે છે. આ બધા વૈજ્ઞાનિક સરખા પછી ડૉ. સેન હો. કે સાન્યા.

બોલકણી સિલ્વિયાને તો સાન્યા સાથે સારું ફાવી ગયું. તે રોજ સાન્યાને પૂછતી તને લેબમાં કામ કરીને કંટાળો નથી આવતો ? ક્યાંય જવાનું મન નથી થતું ? આમ તો લેબમાં કામ ન હોય ત્યારે સાન્યા સિલ્વિયા પાસે બેસતી. લગભગ રોજ સાંજના સિલ્વિયા બહાર ફરવા ઉપડી જતી, એવી જ એક સાંજના સિલ્વિયા તૈયાર થઈ રહી હતી અને સાન્યા તેને ધ્યાનથી જોઈ રહી હતી ત્યાં તેણે કહ્યું. ''ચાલ મારી સાથે, મારી ખાસ સખીનો જન્મદિવસ છે ત્યાં જાઉં છું'' જન્મદિવસ એટલે શું ? સાન્યાને નવાઈ લાગી પણ તેને જવાનું મન થઈ ગયું. સિલ્વિયાએ સાન્યાને તૈયાર થવાનું તો કહ્યું પછી ખ્યાલ આવ્યો મૅડમ તો સામાન વગર આવ્યા છે. હમણાં પણ તો મારાં જ કપડાંથી ચલાવે છે ને.... પોતાનાં સલવાર-કમીઝ સાન્યાને આપી તૈયાર કરી. સાન્યા તું યાર જક્કાસ લાગે છે. સાન્યાને નવાઈ લાગી જક્કાસ એટલે શું ? ડૉ. ની રજા લઈ ને બંને પાર્ટીમાં ગયા. ઍમી સિલ્વિયાની ખાસ સખી હતી. ત્યાં બદા સાન્યાને જોતાં રહી ગયા. સાન્યાને આ બધું ગમતું હતું પણ વિચિત્ર લાગતું હતું.

પાર્ટીમાં સિલ્વિયાએ ઍમીની ઓળખાણ આપી, પછી લેન્સીની ઓળખાણ આપી. તે ઍમી ને ભાઈ હતો અને સિલ્વિયાનો બૉયફ્રેંડ. ''લેન્સી આ છે સાન્યા મારી ફ્રેંડ અને ડૉ સાહેબની આસિસ્ટંટ.'' સિલ્વિયાએ કહ્યું. સાન્યાની સામે તેનો હસતો ચહેરો વારેઘડી રમતો રહ્યો. લેન્સી સાન્યાને ડાન્સ કરવા લી ગયો પણ તેને ડાન્ય આવડે ક્યાંથી ? તે તો પેલાનો હાથ છોડાવી પાછી સિલ્વિયા પાસે આવી ગઈ. બીજે દિવસે તે વારંવાર લેન્સીના વિચારે ચડી જતી હતી. થોડીવાર માટે તો તેને તદ્દન ભૂલી ગઈ તે શા માટે અહીં આવી છે ? તેને તરત જ ખ્યાલ આવ્યો કે મારે બને એટલી ઝડપથી મિશન પૂરું કરવું પડશે. સ્પેસગુરુ મારી રાહ જોતાં હશે. ત્યાં જ સિલ્વિયા તેની પાસે આવી.

રાતના ૧૨.૩૦ થઈ ગયા હતા. સાન્યા બારી પાસે ઉભી હતી. પોતે ક્યાં આવી ગઈ; જિંદગીમાં શું થઈ ગયું છે એ વિચારતી હતી ત્યાં જ લેન્સી અને સિલ્વિયાને કારમાંથી ઉતરતાં જોયાં. સિલ્વિયાએ સાન્યાને જાગતી જોઈ એટલે તે વાવાઝોડાની જેમ તેના રૂમમાં ધસમસતી આવીને બોલવાનું ચાલું કરી દીધું.'' યુ નો સાન્યા આઈ ઍમ ઈન લવ... લેન્સી અંધેરીમાં ફ્લૅટ લેવાનું વિચારે છે પછી અમારા મૅરેજ. અરે, હા મારે લેન્સીને કોઈ જક્કાસ ભેટ આપવી છે.... છ દિવસ પછી વેલેન્ટાઈન ડે છે તો હું લેન્સી માટે કેક બનાવવાની છું. ચાલ સ્વીટહાર્ટ ગુડનાઈ.''

સાન્યા કેલેન્ડર સામે જોવા લાગી છ દિવસ... હવે તેની પાસે પણ માત્ર છ દિવસ હતા. તે લૅબમાં ગઈ. તેને એક જ વિચાર આવતો હતો શું બગાડી શકી એ ડૉ.નું ? સ્પેસગુરુને શું જવાબ આપશે ? જે મિશન માટે આવી હતી એ પુરું કરવાની વાત તો દૂર હજી શરૂ પણ ન્હોતી કરી શકી ? આ બધામાં તે સાવ ભૂલી ગઈ કે સિલ્વિયા બાજુમાં આવીને ઉભી રહી ગઈ છે.

''ઓ મૅડમ કોના વિચારોમાં છો ? ઉભી ઉભી સપનાં જોવા માંડી કે શું ? મંગળ પરના વિચારોને મૂક બાજુ પર અને મારી વાત સાંભળ... આજે હું ને લેન્સી ક્યાં ગયા હતા ખબર છે ?'' ચર્ચમાં જાણે કોઈ મોટું રહસ્ય બહાર પાડતી હોય તે રીતે સિલ્વિયા બોલી. લેન્સીએ મને 'પ્રપોઝ કર્યું.... અને જો તો ખરી સાન્યા કેવું બોલે છે કે ત્રણ મહિના પછી આપણે લગ્ન કરવા માટે અહીં જ આવશું. સાન્યા સિલ્વિયાને શરમાતી જોતી રહી, ''યુ નો સાન્યા હું જ્યારે પણ લેન્સી સાથે હોઉં ને મને સાગે કે જિંદગી માણવા જેવી છે. હું તો સાવ તૂટી ગઈ હતી તેણે સંભાળી લીધી મને... બાકી મારા બાપે તો વેચી મારી હોત.'' સિલ્વિયાની આંખોમાં પાણી આવી ગયા. સાન્યાને થયું મારે કાંઈક કહેવું જોઈએ પણ તે કહી ના શકી. તેણે હળવેથી સિલ્વિયાનો હાથ પોતાના હાથમાં લીધો.

તેણે ડૉ. સેન, સિલ્વિયા સાથે જિંદગી જીવી લીધી હતી. ડૉ. ની રાત દિવસની મહેનત જોઈને તે ડઘાઈ ગઈ હતી. સાન્યાએ ખૂબ વિચારીને એક નિર્ણય કર્યો અહીંથી ચાલી જવાનો... સાન્યાએ ડૉ. સાહેબ માટે પત્ર લખીને જવાનો નિર્ણય કર્યો. સવારના ડૉ. એ પ્રયોગશાળામાં તેને ન જોઈ ત્યારે નવાઈ લાગી કે રોજ મારાથી વહેલી આવતી સાન્યા કરે છે શું ? ત્યાં જ તેમની નજર કાગળ પર પડી ડૉ. સેન તમે તમને સાન્યા તરીકે ઓળખો છો પણ જે રૂપમાં મને જોઈ છે, ખરી રીતે મારું રૂપ નથી. હું મંગળગ્રહની છું, આ વાત હું સાબિત કરી શકું તેમ છું. તમારા કોમ્પ્યુટરના સિગ્નલ અમારા મધર કોમ્પ્યુટરમાં દેખાતા હતા. હું તમને રોકવા આવી હતી. તમારું કામ અટકાવવા આવી હતી; પણ આવું ન કરી શકી. અહીંથી જાઉં છું. મારે તમને એક ભેટ આપવી છે તમારા જન્મદિવસની. નવાઈ લાગી ? મારી પાસે તમારા વિશે બધી જ માહિતી છે. તમારી સલામતીની ખાતરી આપું છું.... તમારી પાસે વિચારવાનો સમય

ઓછો છે. આ પત્રની સાથે એક ઘડિયાળ મૂકી છે જેમાં ૨૧ ૫૨ કાંટો છે હવે ૨૪.૩૭ ૫૨ જ્યારે કાંટો આવે ત્યારે એક યાન આવશે અને તે તમને મંગળગ્રહ સુધી લઈ આવશે. હા... મને શોધવાનો પ્રયત્ન નહીં કરતા હું તમને જરૂર ઓળખી લઈશ, મળીશ પણ ખરી. આ પત્ર કોઈને પણ દેખાડશો તો કોરો દેખાશે કારણકે તમે પત્ર વાંચતા જશો તેમ કોરો થતો જશે.

ડૉ. ફાટી આંખે કોરા કાગળને જોઈ રહ્યા. સાન્યા છ દિવસ અહીં રહી ગઈ અને ખબર પણ ન પડી મને ? મંગળગ્રહની સફર ? યાન ? શું થાય છે મારી જિંદગીમાં ? શું કરું આ ઘડિયાળના કાંટા સાથે મારી જિંદગી પણ ફરી જશે ! જે પળ માટે હું તરસી ગયો હતો હવે એ હાથવેંત જ છે તો જવા દઉં કે પછી ખરેખર કાંટા ફરશે ને મંગળગ્રહની સફર શરૂ થશે ? ડૉ, એ કાંપતા હાથે ઘડિયાળના કાંટા ફરતા હતા એમાં મન પરોવ્યું થોડીકવાર સુધી તો કાંઈ જ ન થયું પણ પછી ડૉ. નું કોમ્પ્યુટર કાંઈક અલગ ગણતરી બતાવવા લાગ્યું.

આ શું ! ડૉ. ને પ્રયગોશાળાની બારીમાંથી પાણીના પરપોટા જેવો મોટો આકાર દેખાયો. ડૉ. બહાર દોડ્યા. આ તે યાન હતું. પાણીના પરપોટા જેવું પારદર્શક. હવે ? યાનમાં જવું કે નહીં ? ડૉ. યાન પાસે આવ્યા ત્યાં જ યાનનો દરવાજો ખૂલ્યો અને અવાજ આવ્યો.'' આપ અંદર આવી શકો છો. આપનું સ્વાગત છે.'' ડૉ ધડકતા દિલે યાનમાં પ્રવેશ્યા. યાનમાં તો ડૉ. સિવાય કોઈ નહોતું પણ અવાજ તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતો હતો. ડૉ. વિચારતા હતા કે આપણે ઉડતી રકાબીની કલ્પના કરી જ્યારે હકીકત કાંઈ અલગ જ છે. તદ્દન અલગ પ્રકારની અને અદ્યતન ટેક્નોલૉજી વાળું યાન...યાનની ગતિ ક્યારેક વધતી તો ક્યારેક ઘટતી. પ્રકાશની ઝડપથી યાન અંતર કાપતું હતું. થોડીવારમાં યાને ચાંદામામાને પણ દૂર રાખી દીધા.

હવે ધીરેધીરે ડૉ. ને લાલ પર્વત દેખાવા લાગ્યા ત્યાં યાન એક જગ્યાએ ઉભું રહ્યું અવાજે ડૉ. ને માર્ગદર્શન આપ્યું, ''મંગળગ્રહ પર આપનું સ્વાગત છે.'' યાનનો દરવાજો ખૂલ્યો ત્યારે સ્પેસગુરુ એ પોતાની ઓળખાણ આપતાં કહ્યું, ''મને વિશ્વાસ હતો તમે આવશો સાન્યા મારી શિષ્યા છે તેણે મને તમારા પ્રયોગ, પ્રયત્નોની વાત કરી. મને તમારી ભાષા નથી આવડતી કે નથી તમને મારી ભાષાનો ખ્યાલ પણ શરીર પરના ટ્રાન્સમીટર પરથી તમને તમારી ભાષામાં વાતો સમજાય છે અને મને તમારી.'' ડૉ. સાંભળી રહ્યા હતા કે આ પણ નવાઈ છે.

''મંગળ પર તમારું સ્વાગત છે. ડૉ. આવો આપણે મંગળની યાત્રા શરૂ કરીએ.' ત્યાં જ કેપ્સ્યૂલ જેવું વાહન હાજર થયું એમાં સ્પેસગુરુ અને ડૉ. આગળ વધ્યા. સ્પેસગુરુ તેને 'કોસ્મોસ' કહેતા હતા. યાનની જેમ કોસ્મોસ પણ ધ્વનિસંચાલિત હતું. ડૉ. આ બધું જોવામાં એટલા મશગૂલ થઈ ગયા કે સ્પેસગુરુ સાથે વાત કરવાનું જ ભૂલી ગયા. હજી પણ તેમને વિશ્વાસ નહોતો આવતો કે અહીં જીવસૃષ્ટિ છે. સ્પેસગુરુએ ડૉ. ને કહ્યું, ''તમને અમારા ગ્રહ વિશે ઘણી ખબર છે પણ હું તમને થોડી માહિતી આપું.''

મંગળ એટલે લાલ પર્વતોથી બનેલો પ્રદેશ. જ્વાળામુખીના ફાટવાથી આ પર્વતો બન્યા અને તેમાંથી આ પ્રદેશ. અહીંનું હવામાન તમારી પૃથ્વી જેટલું સરસ નથી પણ સવારના ૮૦ ડિગ્રી ફૅરનહીટ જેટલું હોય છે જ્યારે રાતના ૦ ડિગ્રીથી પણ નીચે જાય છે. અમારો દિવસ ૨૪ કલાક ૩૭ મિનીટનો હોય છે હવે તમને ખ્યાલ આવ્યો હશે કે તમારી પાસે જે ઘડિયાળ હતી. એમાં ૨૪.૩૭ સુધીનો સમય હતો. અહીં વરસ ૬૭૦ દિવસનું હોય છે. વાતાવરણમાં ૯૫ડ કાર્બન ડાયોક્સાઈડ, ૩ડ નાઈટ્રોજન, ટ્રેસ ઑક્સિજન, આર્ગન, કાર્બન મોનોક્સાઈડ અને પાણી છે. ડૉ. આશ્ચર્યચકિત થઈને આ બધી વાત સાંભળતા હતા કારણકે રિસર્ચમાં હજી કાર્બનડાયોક્સાઈડ અને પાણીની જ ખબર પડી હતી. ''મંગળના ઉપગ્રહોનું નામ 'ફૉબોસ' અને 'ડૅઈમોસ' છે. ચાલો ડૉ. હવે તમને અહીંનો ગાર્ડન બતાવું.'' ડૉ. આ વાત સાંભળીને ચોંકી ગયા ગાર્ડન અને અહીં ! ''આ ને બાર્નેકલ બિલ નામ આપ્યું છે. બીજો તેનાથી છ ફૂટ દૂર જે રૉક છે તેને યોગી નામ આપ્યું છે જે ધૂળથી ઢંકાયેલો છે પછી જે પીળાશ પડતો અને થોડોક લાલ રંગનો છે તેને સ્કૂબી ડૂ નામ આપ્યું છે.

રૉક ગાર્ડનથી થોડે દૂર મંગળવાસીઓ કામ કરતાં હતા. ડૉ ને આ જોઈને નવાઈ લાગી કે અહીં કેવું કામ ચાલે છે ? ત્યારે સ્પેસગુરુએ ડૉ. ને ત્યાંના પર્વતો બતાવતાં કહ્યું, ''આ બધા જ્વાળામુખીથી બનેલા છે એટલે એમાંથી કિંમતી ધાતુ મળે છે.'' પણ આ બધા મશીન વગર કઈ રીતે કામ કરે છે ? ડૉ. ને નવાઈ લાગી. ''મશીન તો છે પણ ખૂબ જ નાનાં એ મશીન પણ જોવા લઈ જઈશ ડૉ. ''સ્પેસગુરુએ કહ્યું હા, અહીં કોઈ દરિયો કે નદી નથી. પાણીનું પ્રમાણ પૃથ્વીની જેમ ઘણુંબધું નથી. ડૉ. નું ધ્યાન મંગળવાસીઓ તરફ વધારે હતું શરીરનો રંગ થોડો પીળો, ઊંચાઈ વધારે, આંખો થોડી નાની. ત્યાં જ સ્પેસગુરુ બોલ્યા. ''હવે થોડુંક તમને અમારા વિશે કહું અને કોઈપણ પ્રકારની ભાષા નથી જાણતા પણ એકબીજાનાં શરીર પરના ટ્રાન્સમીટર આ કામ કરે છે.''

સ્પેસગુરુએ પોતાની વાત આગળ

વધારતા કહ્યું, અહીં બહુ ઓછા જીવ વસે છે. તમારી જેમ ખોરાક, પાણીની અમને જરૂર નથી પડતી. એક કેપ્સ્યૂલ જ અમારી માટે એ કામ કરે છે ત્યારે ડૉ. ને યાદ આવ્યું કે સાન્યા એટલે જ ક્યારે પણ જમતી જ નહોતી. જેમ તેમ મંગળની સૃષ્ટિ પર શોધ કરો છો તેમ અમે ગુરુ પર જીવસૃષ્ટિ છે કે નહીં એના પર શોધ કરીએ છીએ. ત્યાં જ કોસ્મોસ એકદમ ઝડપથી કોઈ ગુફાની અંદર જવા લાગ્યું. સ્પેસગુરુએ કહ્યું, અહીં અમારી લૅબ છે જ્યાં અમે ગુરુ, શનિ પર સંશોધન કરીએ છીએ તેમજ કિંમતી ધાતુ મેળવવા માટેના મશીનો પણ અહીં જ બનાવવામાં આવે છે. ડૉ. જોઈ રહ્યા કે અહીં તો દરેક જીવ હતા કીડી, કાચબો, સાપ, બિલાડી... ત્યાં જ સ્પેસગુરુએ સાપને હાથમાં લીધો અને કહ્યું, ''આ બધા રૉબો છે, જે અલગ અલગ કામ કરે છે.''

રૉબોસ્નેક વાકીચૂકી દિશામાં જઈ શકે છે. પાઈપમાં, વાયરમાં કાંઈપણ ખરાબી હોય તો રૉબોસ્નેક બરાબર કરી શકે છે. તેવી જ રીતે રૉબોઍન્ટ, રૉબોકોક્રોચ અહીં જ્વાળામુખીથી બનેલા પર્વતોમાં ખૂબ ઊંડે સુધી જઈ શકે છે અને તેમના શરીર પર પાવર સૅન્સર છે તેનાથી અમે રિસર્ચનું કામ આગળ વધારીએ છીએ. ચાલો તમને અહીંયા રહેઠાણ બતાવું.'' હવે ડૉ. ની ઈંતેજારીનો અંત આવી ગયો હતો. તેમણે સ્પેસગુરુને વિનંતી કરતાં કહ્યું, ''શું હું સાન્યાને મળી શકું?'' જરૂર, સાન્યા હમણાં જ આવશે. આ જુઓ...

ડૉ. ને નવાઈ લાગી કે હજી હમણાં તો અમે વાત કરી ને સાન્યા આવી પણ ગઈ ત્યારે સ્પેસગુરુએ પોતાના ટ્રાન્સમીટરથી તેને સંદેશો મોકલ્યો હતો એમ કહ્યું. ડૉ. સાન્યાને જોતાં જ રહ્યા. પેલી સાન્યા તો ઢીંગલી જેવી હતી જ્યારે આ એકદમ રૉબો જેવી લાગે છે. એકદમ ઊંચી, લગભગ સાત ફૂટ જેટલી, થોડો હલકો પીળો શરીરનો રંગ આંખો થોડી મોટી, એકદમ રૉબો જેવો અવાજ હાલવા ચાલવાનું પણ થોડું વિચિત્ર, ખૂબ લાંબા પગલા ભરે... હા, ડૉ. હું રૉબો જેવી લાગું છું. ''સાન્યા બોલી. ડૉ. ચોંકી ગયા કે સાન્યાને તો મનમાં આવતા વિચારોનો પણ ખ્યાલ આવી જતો લાગે છે. ત્યારે સાન્યાએ કહ્યું, તમારા મન ના તરંગો પરથી અમને ખ્યાલ આવી જાય છે કે તમે શું વિચારો છો. સાન્યા, સ્પેસગુરુ અને ડૉ. આગળ વધ્યા. ત્યાં જ ડૉ. ને કરોળિયાના મોટાં જાળા દેખાવા લાગ્યા. સાન્યાએ વાત આગળ વધારતાં કહ્યું ''આ ડ્યૂમો' છે. તમારી ભાષામાં ઘર, દરેક ડ્યૂમોમાં જવાના પાસવર્ડ, અંદર પણ અલગ જ પ્રકારના કોમ્પ્યુટર અને અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ એવા સાધનો જોઈને ડૉ. છક્ક થઈ ગયા. સ્પેસગુરુએ તેમના મનની વાત જાણી ને કહ્યું, ''તમારો અંદાજ એકદમ સાચો છે પૃથ્વીનું વિજ્ઞાન મંગળથી ૧૧૦ કરોડ વર્ષ પાછળ છે! આ ડ્યૂમોને લેસર કિરણોથી સુરક્ષિત રાખ્યા છે. ક્યારેક જ્વાળામુખી ફાટે કે પછી બીજા ગ્રહવાસી હુમલો કરે તો લેસર અમારું રક્ષણ કરે છે. કોઈ અજાણી વસ્તુ કે જીવ ડ્યૂમોની નજીક જવાનો પ્રયત્ન કરે તે ત્યાં ને ત્યાં જ બળી જાય.'' ડૉ. માટે તદ્દન અનોખો અનુભવ હતો. તેમણે પૂછ્યું, ''પૃથ્વી પરથી મંગળ પર આવતાં ૭ મહિના લાગે છે અને અંતર પણ ૧૧૯ મિલીયન માઈલ્સ છે છતાં પણ હું આટલી ઝડપથી કઈ રીતે આવ્યો?'' સાન્યાએ કહ્યું ''અહીં ના દરેક યાન પ્રકાશની ઝડપે ગતિ કાપે છે.''

ડૉ. એ સ્પેસગુરુને પૂછયું, ''તમે મંગળવાસીઓ પૃથ્વીવાસીને મળવા નથી માંગતા?'' તેમણે વાતને ટાળતાં કહ્યું, ''નહીં અહીંના જીવો નથી ઈચ્છતા અને હું પોતે પણ, છતાં ક્યારેક એવું બનશે તો મંગળવાસીઓ અને પૃથ્વીવાસી વચ્ચેની કડી ડૉ. તમને બનાવીશ.'' ત્યાં જ ડૉ. પાસે રહેલી ઘડિયાળમાંથી અવાજ આવવા લાગ્યો ત્યારે સાન્યાએ કહ્યું, ''તમારો પૃથ્વી પર પાછા જવાનો સમય થઈ ગયો છે, જેવા તમે પૃથ્વી પર જશો અહીંની કોઈ જ વાત, બનાવ તમને યાદ નહીં રહે પણ ડૉ. તમને જન્મદિવસની ભેટ ગમી? અમારો ગ્રહ ગમ્યો?'' ડૉ. હળવું સ્મિત આપતા બોલ્યા, ''ખરેખર તમે બધાં ખૂબ સારા છો સાન્યા, આજે મારા જન્મદિવસ મેં ૨૪ કલાક ૩૭ મિનિટ ઉજવ્યો બરાબરને? સાન્યા એક વાતનો જવાબ આપીશ શા માટે તે મને આવી ભેટ આપી?'' મારી માટે તમે અને સ્પેસગુરુ એક જ છો. અને હું મારા સ્પેસગુરુને છેતરી ન શકી કદાચ એટલે...'' ડૉ. સેનને સાન્યાનો નિર્દોષ આંખોમાં લાગણી દેખાઈ. ''ગૉડ બ્લેસ યુ'' ડૉ. બોલ્યા. સાન્યા અને સ્પેસગુરુ બંને ડૉ. ને વિદાય આપતાં આપતાં અફસોસ કરતાં હતાં કારણકે ડૉ. ને બધું જ ખબર હોવા છતાં તે કાંઈપણ યાદ નથી રાખી શકવાના.

આજે પણ ડૉ. મંગળ પર જીવસૃષ્ટિ છે કે નહીં તેના પ્રયોગો કરે છે પણ એમાં સફળ થઈ શકતા નથી. સાન્યા કોમ્પ્યુટર પર ગણતરીઓ જુએ છે, સ્પેસગુરુ પણ ડૉ. ને યાદ કરી લે છે પણ બે જણાને એ વાતનો અફસોસ છે કે તેઓ ડૉ. ને મદદ નથી કરી શકતા. હજી પણ ડૉ. મંગળ પર જીવસૃષ્ટિ છે તેના સંશોધનમાં કાર્યરત છે સિલ્વિયા તો સાન્યાને જ યાદ કર્યા કરે છે. તેના ને લેન્સીના લગ્ન છે અને પોતાની બેસ્ટ ફ્રેંડ કહ્યા વગર અચાનક કયાં ચાલી ગઈ તેની સિલ્વિયાને ચિંતા છે.

❖❖❖

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

## SHRI C. U. SHAH EDUCATIONAL MEDAL & SCHOLARSHIP SCHEME

**PARITOSHIK / MEDAL** ☐ **MERIT** ☐ **DHARMIK SHRENI** ☐

**KANYA UTKARSH YOJNA** ☐ **KUMAR UTKARSH YOJANA** ☐

**YUVA UTKARSH YOJNA** ☐ **KISHOR UTKARSH YOJANA** ☐

**STUDENT : MALE** ☐ **FEMALE** ☐

Student's Two Photographs

One Photograph Loose

(01) Student Full Name (With Surname) .................................................................. Age...............

(02) Father's Full Name (With Grandfather Name) ..................................................................

(03) Mother's Name..................................................................................................

(04) Native Place .................................

(05) Present Residence Address ..................................................................................

..........................................................................................................

Phone : (R) ..............................................(O) ..............................................(Mobile).........................

(06) Relationship with Member of Applicant .....................................

(07) Exam for which you have applied for Scholorship ..........................................................

Total Marks .................................... Obtained Marks ............................... Percentage ..................

P.C.M. Total Marks .......................... Obtaines Marks ......................... Percentage ..........................

P.C.B. Total Marks .......................... Obtaines Marks ......................... Percentage ..........................

Result Date ........................................................................

Name of Board or University .....................................................

Name of College / School ..................................................................................

Details of Faculty (Arts / Science / Commerce / Enginnering)..........................................................

Number of Attempt for Passing Examination ...........................................................................

(08) Previous Exam Passed ..................................................................................

Total Marks .................................... Obtained Marks ............................... Percentage ..................

Above Information are True and Decision of the Education Committee Shall be binding on me

Mumbai, ,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

Date ............................ Signature of Student

---

**Confirmation By Father or Guardian**

My Son / Daughter ..........................................................................................................
has submitted above details which true and Correct. I confirm that

Date .......................... ................................................................

Full Signature

---

**Please attach two Passport Size Photos.Name Should be written on the back of the Phototgraph**

# સૂર્યનારાયણ એક આદર્શ કર્મયોગી પ્રવાસી

**નિમીષા સૌરભ મહેતલીયા**

હમણાં ચાર પાંચ દિવસ પપ્પા-મમ્મીના ઘરે અમે ત્રણે બહેનો રોકાવા ગઈ હતી. એક રાત્રીએ બધાં ટોળે વળીને બેઠાં હતાં ત્યારે કુદરતી મેં પપ્પાને પૂછયું, ''પપ્પા, તમે કેટલાય વર્ષોથી સામાજીક સેવાના કાર્યો નિ:સ્વાર્થ ભાવે કરો છો, તેમાં કેટલાય કડવા અનુભવો થયા છે, છતાં એ પ્રવત્તિ છોડી કેમ નથી દેતા ?''

પપ્પાએ ખૂબ સુંદર ઉદાહરણ સાથે તેમનો જવાબ આપ્યો. તેમણે કહ્યું ''આપણે રઘુવંશીઓ સૂર્યવંશના છીએ. તેથી મારો આદર્શ સૂર્યનારાયણ ભગવાન છે. વેદોમાં સૂર્ય નારાયણના રથ વિશે તથા કર્તવ્ય વિશે અદ્‌ભુત વર્ણન છે.

વેદોમાં જણાવ્યા મુજબ સૂર્ય નારાયણના રથને સાત ઘોડા જોતર્યા છે, સાતે ઘોડા અલગ અલગ દિશામાં ભાગવાનો પ્રયત્ન કરે છે, તેને કાબૂમાં રાખવા જે લગામ છે, તે સાત ઝેરી નાગની છે, આ સાતે વિષધારોનું મુખ સૂર્યનારાયણ તરફ છે અને તે સતત ઝરે ઓક છે. રથનો સારથી અરૂણ અપંગ છે, તેને કમર નીચેનો ભાગ જ નથી. રથને ફક્ત એક પૈડું છે અને રથ ચલાવવા માટે કોઈ રાજમાર્ગ અથવા કોઈ નાનકડી કેડી પણ કંડારાઈ નથી. છતાં આ બધાં અવરોધો સાથે સૂર્યનારાયણ પોતે બળીને વિશ્વમાં ચારે તરફ પ્રકાશ ફેલાવે છે. અને વિશ્વચેતનાને જાગૃત કરે છે.

સવારે સૂર્યોદય વખતે ઉષાના રંગબેરંગી કલર આકાશમાં પથરાય છે. તે ઉગતા સૂર્યની લાલીમા છે. સાંજે સૂર્યાસ્ત થાય ત્યારે સંધ્યાની લાલીમા પણ તેટલી જ રંગબેરંગી ઉજ્જ્વળ હોય છે.

સમાજમાં અને રાષ્ટ્રમાં જે સજ્જનો સત્કાર્ય કરવા નીકળે તે બધાંની હાલત આવી હોય છે. સૂર્યનારાયણ પોતે બળીને પ્રકાશ ફેલાવે તેવી રીતે સજ્જનો પોતે ઘસાઈને સમાજમાં સત્કાર્યોની સુવાસ ફેલાવે છે. આના કારણે જ્યારે તે સજ્જનની લોકપ્રિયતા વધે ત્યારે તેના જ સાથીદારો ઈર્ષા અને અદેખાઈથી પેલા વિષધર નાગની જેમ તેની સામે ઝેર ફેલાવે છે. તેમના નિકટના સહયોગી કાર્યકર્તાઓ અરૂણ જેવા અપંગ હોય છે, છતાં આ સજ્જનો અનેક વિટંબણા વચ્ચે પોતાનું કાર્ય સતત કરતા રહે છે. અને એ સાતત્ય વચ્ચે જ્યારે તેઓ આ પૃથ્વી પરથી વિદાય લે ત્યારે આત્મસંતોષની લાલીમા તેમના ચહેરા પર પથરાયલી રહે તો જ જીવન જીવ્યું સાર્થક. અને સંત કબીરની કહેલી પંક્તિ ''ઐસી કરની કર ચલો, હમ હસે જગ રોયે'' સાર્થક થાય.

પપ્પાની આ ફિલોસોફી અને સૂર્યનારાયણની કથા અમારા બધાના હૃદયમાં ઊંડે સુધી ઉતરી ગઈ. કર્મમાં ક્યારે પણ આળસ ન કરનાર અને અનેક અવરોધો વચ્ચે નિત્ય પ્રવાસ કરનાર સૂર્યનારાયણથી વધુ મોટો આદર્શ કયો હોઈ શકે ? તેવું વિચારી જીવનમાં સત્કાર્ય કરી શકાય તેટલું કરવું અને જે કરી રહ્યું હોય તેને હંમેશા ટેકો આપવો તેવો નિર્ણય કરી અમે છૂટા પડયાં.

**શ્રી હકાણી કુટુંબ પરિવાર કપુરકાકા સ્થાનકના સંમેલનના પ્રસંગે પધારવા**

## આગોતરું આમંત્રણ

જય જિનેન્દ્ર સાથ જણાવવાનું કે, ધંધુકા તાલુકાના આકરૂ ગામે આપણા પૂર્વજ સુરધનદાદા શ્રી કપુરકાકા પુરાતન સ્થાનક આવેલ છે. સદર હું સ્થાનક ઉપર આપણે ઘણા સમયથી કુટુંબ સંમેલન આયોજીએ છીએ, દરવર્ષની જેમ આ વર્ષે પણ **'શ્રી હકાણી કુટુંબ પરિવાર નું સંમેલન'** યોજવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે આપશ્રીને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

દાતા પરિવાર દરેક સાસરવાસી દિકરીઓને શ્રી હકાણી કુટુંબ પરિવારના સંમેલનમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવે છે. સંમેલનમાં પધારવા દરેક કુટુંબીજનોનો આવવા-જવાનો તમામ ખર્ચ દાતા પરિવાર તરફથી આપવામાં આવષે. ટ્રેનમાં આવતા કુટુંબીજનોની આવવા-જવાની ટિકીટના રૂપિયા આકરૂ ગામે પથારો ત્યારે આપી દેવામાં આવશે. શુભ દિવસ - વિ.સં. ૨૦૮૧ ના કારતક સુદ ૯ ના તા. ૧૦-૧૧-૨૦૨૪ ને રવિવારે

સ્થળ - આકરૂ ગામ, તા. ધંધુકા, કપુરકાકાનું સ્થાનક

લાભાર્થી પરિવાર : માતુશ્રી જયાબેન કેશવલાલ મણીલાલ હકાણી

હસ્તે : પ્રતીક હકાણી, રાજેશ હકાણી

નોંધ : મુંબઈ - અમદાવાદ - સુરેન્દ્રનગર - ભાવનગર આ મુજબ કોઈપણ જગ્યાથી બહેન - દિકરીઓ આવવા-જવા માટે નીચેનાં નંબર પર સંપર્ક કરવો.

**વિશેષ જાણકારી માટે સંપર્ક**

| સંકેતભાઈ | રાજુભાઈ | અતુલભાઈ |
|---|---|---|
| મો. ૭૩૮૩૮૭૬૩૯૩ | મો. ૭૯૮૪૮૮૩૭૭૯ | મો. ૮૬૫૫૧૦૫૧૫૫ |

શ્રી ચામુંડા મા　શ્રી ગણેશાય નમઃ　જય માં મેલડી

FAMOUS SIKANDAR SHINGH OF SURENDRANAGAR NOW IN MIRA-BHAYANDAR




ORDER NOW　PINAL K. SHAH　WATSAPP NO. 9029014366　PHONE NO. 7977549441

TERMS AND CONDITION
1. GOODS ONCE SOLD WILL NOT BE TAKEN BACK
2. ADVANCE PAYMENT
3. FREE HOME DELIVERY ABOVE Rs. 1000 BELOW THAT Rs. 50 WILL BE CHARGED

(Advt.)

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# BIODATA

NAME : JAIN STHANAKWASI GIRL

D.O.B : 3/3/1994

HEIGHT : 5'5" (BEAUTIFUL)

RELIGION : DASHA SHRIMALI STHANAKWASI JAIN

EDUCATION : M.B.A, G.T.U / FASHION DESIGNING

PROFESSION : OWN BUSINESS

NATIVE : JETPUR

**FAMILY**

FATHER : BUSINESSMAN

MOTHER : HOUSE WIFE

PREFERENCE : JAIN STHANAKWASI, DERAWASI
(WELL SETTLED FAMILY)
BUSINESSMAN
HIGHLY QUALIFIED
RAJKOT, AHMEDABAD,
SURAT, BARODA,
BOMBAY METRO CITY
& U.S.A

CONTACT : MAMTABEN AVLANI-
9426028867, 9409028867

ADDRESS : B/213, AKSHAR ARCADE,
OPP. MEMNAGAR FIRE STATION,
NR. VIJAY CROSS ROAD,
NAVRANGPURA, AHMEDABAD

EMAIL ID : mamta.avlani@gmail.com

Advt.

# BIODATA



**JIMIT DHOLAKIA**

**PERSONAL DETAILS**

**Birth Date / Place :**
10th May 1996, 1:24 pm / Ghatkopar, Mumbai

**Height / Weight :**
5' 6'' / 67 kgs

**Education :**
MS in Computer Science (Stony Brook University, NY, USA) B. Tech. in Computer Engineering (KJ Somaiya College, Mumbai)

Profession : Software Development Engineer at Amazon Web Services(on H-1B Visa)

Current Location : 2515 4th Ave, Apt. 602, Seattle, Washington, USA

Mobile Number : +1 (631) 710-9259, +91 7045035232

Caste : Zalawadi Dasha Shrimali Stanakvasi Jain

**FAMILY DETAILS**

Father : Prashant Dholakia, Chartered Accountant (7045035231)

Office Address : P. C. Dholakia & Co.
B-102, Kailash Esplanade,
L. B. S. Marg, Ghatkopar (W),
Mumbai – 400 086.

Mother : Paru Dholakia, B. Sc., D. M. L. T. (9969982406)

Brother : Keval Dholakia, Chartered Accountant (7045035233)
Married to Yuti Dholakia
(Daughter of Chetan Bhogilal Jobalia)

Native Place : Dholka (Ahmedabad), Gujarat

Uncle : Late Navin Shah, Goregoan
Hasmukh Dholakia, Borivali
Jagdish Dholakia, Mira Road

Grandparents : Late Chandanben Chandulal Dholakia / Late Chandulal Mulchand Dholakia

**MOSAL**

Nana : Late Vasantlal Dalichand Shah

Nani : Lataben Vasantlal Shah, Ghatkopar

Maasi : Deepa Vipul Shah, Mulund
Alpa Yamish Shah, Malad
Bindu Suhash Shah, Kandivali

Residence : 3B-161, Kalpataru Aura,
Opp. R City Mall, L. B. S. Marg,
Ghatkopar (W), Mumbai – 86

**Jimit wishes to settle in India in the next few years**

Advt.

||શ્રી ગણેશાય નમઃ|| ||જય સોમનાથ|| ||શ્રી મહાવીરાય નમઃ||

**વિશા શ્રી માણી ની પુજા વિધી કરાવનાર**

મહાલક્ષ્મી નમઃ

**એ ટુ ઝેડ પુજા, પાઠ, કથા, રાદલ, લોટા,**
**હવન, લગ્નવિધિ, રુદ્રાભિષેક, અનુષ્ઠાન માટે સંપર્ક કરો.**

**વિરાટ એચ પાઠક**

**૯૭૬૮૭૮૬૯૮૬ / ૯૮૬૭૧૬૭૭૪૬**

નવગ્રહ જપ સંપર્ક કરો

रुद्राभिषेक रुद्रि पाठ

હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

નવચંડી વાસ્તુ પુજા, નક્ષત્ર શાંતી, ચંડીપાઠ,લગ્નવિધી, રુદ્રાભિષેક,
મહામૃત્યુજય જપ, હવન, કાલસર્પયોગ,
શ્રીફળ વિધી, પિતૃકાર્ય ગીતાજી,
ગરૂડ પુરાણ, અર્ક વિવાહ,
કુંભ વિવાહ જ્યોતિષ
માટે સંપર્ક કરો

Virat pathak
Scan to pay with any UPI app

**પિતૃ તિથિ નિમિત્તે બ્રાહ્મણ સિધો દાન, વસ્ત્ર દાન (સંકલ્પ)**
**(અથવા કોઈપણ નિમિત્તે) ઓન લાઈન વિડિઓ કૉલ સંપર્ક કરો.**

કોઈપણ પુજા વિધી માટે સંપર્ક કરો / ઓનલાઈન વિડિઓ કૉલ પુજા વિધી માટે સંપર્ક કરો

ગંગાવાડી એ.બી.એસ માર્ગ, ઘાટકોપર (પ), મુંબઈ - ૮૬

જી. ગીર, સોમનાથ વેરાયળ પાટણ ૩૬૨૨૬૫

**હોમ બ્રાન્ચ મુંબઈ : ગંગાવાડી ગોપાલ ભુવન, ઘાટકોપર (પ).**

Advt.

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

**AUTO WORLD®**

Complete Car Solutions

**Mobile Van:** Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.

+91 93242 06784 / +91 89766 33099

***Now also at Borivali***

**WORKSHOP :** Ahead of BPCL Petrolpump, Now Link Road,I. C. Colony, Borivali (W), Mumbai - 103

+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

**SPECIALIZED IN PREMIUM CAR REPAIRS**

Special Discount on labour for Members upto 20%*

customer.autoworld@gmail.com

www.autoworldindia.in

(Advt.)

||શ્રી ગણેશાય નમઃ||

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો

# શ્રી જૈન મેરેજ બ્યુરો

**ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ**

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

શ્રીજી

# જમીન-મકાનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય,
નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452

# અતુલભાઈ ટી. શેઠ

રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૦૨-૦૯-૧૯૪૦

દેહ પરિવર્તન
૨૫-૦૭-૨૦૨૩

# સ્વ. અ.સૌ. મધુબેન દિનેશભાઈ શાહ

**(મુળી નિવાસી હાલ : ઘાટકોપર – મુંબઈ)**

''સહજાનંદી શુદ્ધસ્વરૂપી; અવિનાશી એવો હું આત્મા છું;''
દેહ મરે છે, હું નથી મરતો; અજર અમર એવો આત્મા છું.
અમે જાણીએ છીએ કે નિયતિના ક્રમ અનુસાર અનંતકાળથી જે જન્મે છે, તેનું મૃત્યુ અવશ્ય છે, તે સર્વ વિદિત છે.
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા,
ભુલી શકાય નહીં એવી યાદના સ્મરણો હંમેશ માટે
છોડી ગયા, જીવન એવું જીવી ગયા, ન કોઈ ઈચ્છા,
ન કોઈ લાલસા, ન કોઈ પર પ્રેષ, બસ મમતા,
હસતે મુખે ત્યાગી દીધી કાયા આપની ઉદારતા,
કાર્યક્ષમતા, લાગણીશીલતા અને સતકર્મોનાં આદર્શો અમારા હૃદયમાં સતત જ્વલંત રહેશે.
દિવંગત આત્માને પ્રભુ પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે.
ૐ શાંતિ શાંતિ શાંતિ

## આપના સ્વજનો

**સાસુ-સસરા**
સ્વ. બાલુબેન રતિલાલ શાહ
સ્વ. રતિલાલ રાયચંદ શાહ

**પતિ**
દિનેશભાઈ રતિલાલ શાહ

**પુત્ર-પુત્રવધુ**
રાજીવ - લીના
સંજીવ - નીપા

**પૌત્ર - પૌત્રવધુ**
સિદ્ધાર્થ - રિયા (USA)
રૂષભ (USA)

**પૌત્રી-પૌત્રી જમાઈ**
અવિષા અર્પિત શેઠ (USA)
રિધ્ધિ યશ છેડા (USA)

**દોહીત્રી**
આર્યા શેઠ (USA)

**દિયર-દેરાણી**
હર્ષદભાઈ - રૂપાબેન
ડૉ. સુધીરભાઈ - જ્યોતિબેન

**નણંદ-નણંદોય**
હંસાબેન રસિકલાલ શાહ
ચંદ્રમણીબેન નવીનચંદ્ર મણીયાર
સરોજબેન રમેશભાઈ કામદાર (USA)

Advt.

## ઝાલાવાડી સ્થા. જૈન મરણ



**સ્વ. જીજ્ઞા ગૌરાંગ શાહ**

**સ્વ.તા.૧૦-૦૬-૨૦૨૪**

ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન મરણ પાણશીણા નિવાસી હાલ બરોડા **સ્વ. જીજ્ઞા ગૌરાંગ શાહ** ઉં વ. ૪૩ તે હર્ષાબેન અશોકભાઈ શાહના પૂત્રવધુ, તે ક્રિશીવ અને સનાયાના માતુશ્રી, તે મિતલ મેહુલભાઈ અજમેરા, કેજલ વિશાલભાઈ શાહના ભાભી તે સ્વ. ચંદનબેન અમીચંદ શાહના પૌત્રવધુ તે પિયર પક્ષે અમલનેર નિવાસી સ્વ. ભીખાલાલ નાગરદાસ શાહ ના પૌત્રી તથા ઈલાબેન જયેશભાઈ શાહના દીકરી તથા પૂજા નિપુલ શાહ, દીપેશ જયેશભાઈ શાહ, મોનાલી કેતવ જાટકીયાના બેન તે સોમવાર તા. ૧૦–૦૬–૨૦૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી **પ્રાર્થના સભા**

**તારીખ : ૧૩-૦૬-૨૦૨૪ ગુરૂવાર**
**સમય : સવારે ૧૦ થી ૧૨**
**સ્થળ : પાવન ધામ, હાથીભાઈ નગર પાસે, દિવાળીપુરા,બરોડા**

Harsha Ashok Shah : 07359297974
Gaurang Ashok Shah : 9904161071

Advt.

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

સભાના માનવંતા સભ્યોને નિવેદન આપના વ્યવસાય તેમજ લગ્નોત્સુક દીકરા-દીકરીઓની જાહેરખબર સભાની માસિક પત્રિકા જે દર મહિનાની ૧૧ તારીખે પ્રસિદ્ધ થાય છે. સભાની ઑફિસે અથવા સંપાદકશ્રીનો સંપર્ક કરી શકો છો.

વહેલા તે પહેલાંના ધોરણે કલર પાના ફક્ત ૧૫ જ છાપવામાં આવે છે. ત્રણ મહિના પહેલા પણ બુકીંગ કરાવી શકો છો. વ્યવસાયની જાહેરખબર ૧૨ મહીનાની એક સાથે બુક કરાવી એક જાહેરાત એટલે ૧૨ + ૦૧=૧૩ મેળવી શકશો. Payment એક સાથે એક વર્ષનું કરવાનું રહેશે.

બ્લેક-વાઈટ જાહેરખબર પણ નીચે આપેલ ફોન નં. અથવા ઈમેલ પર મોકલાવી શકો. જાહેરખબરનું Rate Card પાના નં. ૪૮ પર આપેલ છે. જાહેરાતની સાથે Payment Slip તથા આપનું પુરુ સરનામું તથા મોબાઈલ નંબર આપવા વિનંતી.

**(Please send Art work in JPEG Format only)**

જાહેરાત દર મહિનાની ૨૫ તારીખ સુધી સ્વીકારવામાં આવે છે.

**સંપર્ક કરો : શ્રીમતી આશાબેન પટેલ M. 9819956529**
**zalawadisabha@gmail.com**
**તંત્રી : શ્રી શરદભાઈ એમ. ગાંધી M. 9867540501**
**sharadgandhi51@gmail.com**

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

















# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future ------

**D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064**
**Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com**





Advt.



Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
ammpalholidays@gmail.com
We Deliver What We Promise!
We Believe in Providing Luxurious Experiences!
MAGNIFICENT ICELAND!
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
2024 BEST YEAR IN A DECADE TO EXPERIENCE NORTHERN LIGHTS
REYKJAVIK • AKUREYRI • BORGANES
REYKHOLT • VIK • KEFLAVIK
TOUR DATE
3rd NOV '24
Glacier 3000
Charlie Chaplin Museum
Mt. Titlis with Ice Flyer
Lucerne Boat Ride
Lion Monument
Mt. Jungfraujoch
MAGNIFICIENT
Switzerland
8 DAYS OF ADVENTURE, EXCITEMENT & ROMANCE
ZURICH • LUCERNE • LAUSANNE • GENEVA • ZERMATT
INTERLAKEN • BERN • GRINDELWALD • ENGELBERG
TOUR DATE
20th OCT '24
TOUR COST
₹2,74,999/-*
FOOD KITCHEN CARVAAN
100% PURE VEG & JAIN
*Rates Mentioned are Per Person on Twin Sharing Basis. T&C Apply.
EXCLUSIVE 7 DAYS WOMEN'S TOUR TO BAKU - AZERBAIJAN ON 16th SEP 2024
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, Travel Insurance & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820

શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

# તૃતીય વાર્ષિક પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૦૩-૦૨-૧૯૫૮

અરિહંત શરણ
૨૮-૦૭-૨૦૨૧

# સ્વ. શ્રી. હર્ષદ વાડીલાલ શાહ

## બોટાદ નિવાસી, હાલ - મલાડ

એક શિયાળુ પવન મને કાનમાં કાંઈક કહી ગયું, તમારી ગેરહાજરી નુ મેણુંએ મને મારી ગયું
સમી સાંજ નુ એ ટાણું મને ઠોસો મારી ગયુ, તમારી યાદો માટે એક ટોળું કાયમ ઝંખવી ગયું
નજદીક ખેંચી વાદળ એક ચિંટિયો ભરી ગયું, તમારી છાયા વગર પગથિયું કઠણ મૂકી ગયું
રસ્તાઓની ધૂળ ડમરી કરી ભભળી ગયું, તમારા પ્રેમ માટે એક તરસ્યું વંટોળ મૂકી ગયું
પંખીએ મીઠો ટહુકો કરી જોરથી સંભળાવી દીધું,
તમારા વહાલ ને ખોજવા માળો અધૂરો મુકતું ગયું
ધોધમાર વરસી વરસાદે પણ એક ઝાપટું મારી દીધું,
પપ્પા તામારા વિનાની જિંદગી ને એ પૂરમાં ફેરવી ગયું -
સંતાનો ને ઉચ્ચ સંસ્કારનું સિંચન કરનારા પ્રેમાળ પિતાનો પુનીત આત્મા,
સત્વરે મુક્તિ પદ પામે એજ પ્રાર્થના સહ ભાવવંદના

**શોકાતુર પરિવાર**

**ધર્મપત્ની - શ્રીમતી. મલ્લિકા હર્ષદ શાહ**

માતા-પિતા - સ્વ. પ્રભાબેન વાડીલાલ શાહ
પુત્ર-પુત્રવધુ - અલ્પા નિસર્ગ હર્ષદ શાહ
પુત્રી - જમાઈ - લબ્ધિ સાગર વોરા
ભાઇ- ભાભી - રેણુકા જયેશભાઈ શાહ
ભાઈ-ભાભી-બીના પંકજભાઈ શાહ
ભાઈ-ભાભી - કલ્પના વિલેશભાઈ શાહ
બેન-બનેવી- પ્રીતીબેન અતુલકુમાર ગોપાણી

સાસુ - સસરા : સ્વ. કંચનબેન પદમસીભાઈ બારભાયા
સાળા - કલ્પના હસમુખભાઈ બારભાયા
સાળા - હર્ષા દિલીપભાઈ બારભાયા
સાળા - સ્મીતા સુમનભાઈ બારભાયા
સાળી - સ્વ. ભાનુબેન સુબોધભાઈ શાહ
વેવાઈ - વેવાણ - મંજુલાબેન મહેન્દ્રભાઈ શાહ
વેવાઈ - વેવાણ - હીનાબેન પ્રકાશભાઈ વોરા

Advt.



# મારૂ ઘર વૃધ્ધાશ્રમ

# Maru Ghar

**Care Taker Centre / Senior Citizen Home**

## બે બહેનપણી એ પણ લીધુ
## બિમાર મા-બાપની સેવા કરશું અને સાચવશું

### મારૂ ઘર વૃધ્ધાશ્રમ બોરીવલી (વે), મુંબઈ

પથારીમાં બાથરૂમ સંડાસ કરતા હોય કે પાર્કીસન્સ, પેરાલીસ, મગજનું સંતુલન ગુમાવી બેઠા હોય, કેન્સર, કોમા, નાક મા નળી રાખી ખવડાવુ પડતુ હોય અથવા નળી વાટે પેશાબ કરતા હોય એવા બિમાર મા-બાપોને ઘરમા સાચવી ન શકાતા હોય ને હોસ્પીટલમાં રાખવા પડે તો લાખો રૂપિયાના બીલો આવે.

એવા બિમાર મા-બાપને મારૂ ઘર વૃધ્ધાશ્રમ બોરીવલી (વે) મુંબઈ માં એક માત્ર સંસ્થા માં સાચવવામાં આવે છે. હાલમાં મારૂ ઘર વૃધ્ધાશ્રમમાં ૧૩૦ મા બાપ રહે છે. ઉ.વ. ૭૦ થી લઈને ૧૦૧ વરસ.

આખા દિવસના કામના ક્રમમાં ડાયપર ભરાય એટલે બદલી આપવાના નવડાવાના,પોતાના જાતે જમી ન શકતા હોય તેમને જમાડવાના દિવસના સાતવાર ખાવા-પીવાનું આપવામાં આવે છે.

મુંબઈવાસી ચંદનબેન જયંતીભાઈ વોરા (મોડર્ન સ્વીચવાળા) ની દિકરી (પલ્લી) ને સરોજબેન ચંદ્રકાંતભાઈ દોશી (કામદાર પરીવાર - લીંબડી વાસી)ના દિકરા ધીરેનભાઈ ના પત્ની પ્રીતીબેન તેમજ કુસુમબેન કનૈયાલાલ ઉદેશના દિકરી નંદા ને જયાબેન કુમનદાસ અમલાણીના દિકરા દિલીપના પત્ની નંદીની.

બન્ને બહેનપણી એ પણ લીધું જે બાળકો બિમાર મા-બાપને સાચવી ન શકતા હોય તેમની આપણે સેવા કરશુ ને સાચવશું.

પણ ઈશ્વરને કાઈક બીજુ જ મંજુર નંદીની મારૂ ઘર વૃધ્ધાશ્રમ બનાવ્યાના ૮ મહીના પછી કાર્ડીએક એટેક માં જ સ્વર્ગવાસ થઈ ગઈ.

''નંદીની નો આત્મા મારી સાથે છે. એવું મન બનાવી પ્રીતીબેન આ કાર્યને આગળ લઈ ગયા (આજે ૧૩૦ મા-બાપ છે).

ડૉ. દિલીપ અમલાણી (પેથોલોજીસ્ટ) ડૉ. લબ્ધી દોશી ને (ફીજીયોથેરેપીસ્ટ) પોતાની ટીમમાં જોડી લીધા.

મારૂ ઘર વૃધ્ધાશ્રમમાં ફક્ત બિમાર વ્યક્તિઓને જ એડમીશન આપવામા આવે છે ને પોતાનું કામ જાતે કરતા થાય જે ફીઝીકલી ફીટ થાય એટલે વ્યક્તિ ઘરે જઈ શકે છે. પણ વાસ્તવિકતા અલગ છે ઘરના કોઈ ઘરે લઈ નથી જતું.

Advt.

દિકરીઓ સાસરે જતી રહી હોય અથવા દિકરાઓ વિદેશમાં જતા રહ્યા હોય એવા સંજોગોમાં મારૂ ઘર વૃધ્ધાશ્રમમાં એડમીશન લેવું પડતુ હોય છે.

ગુજરાતી સમાજના પ્રમુખ, બેસ્ટ ટીચર, કેરમ ચેમ્પીયન, બેન્ક મેનેજર, ખોખો ચેમ્પીયન તથા રંગભૂમીના કલાકારના પત્ની મારૂ ઘર વૃધ્ધાશ્રમમાં એડમીશન લઈ ચુક્યા છે.

સંબંધો માં બાળકો મા-બાપ ને પતિ પોતાની પત્ની ને તથા પત્ની પોતાના પતિને પણ મૂકી જાય છે.

એક માતા ના દિકરા-દિકરી (સગા ભાઈ-બહેન) ખોટુ એડ્રેસ લખાવીને મુકી ગયા છે (આજે ત્રણ વરસ થયા)

એક બહેન પોતાના પતિને મારા માનેલા ભાઈ છે એમ કહીને મુકી ગયા છે.

આવેલા ઘણા મા-બાપો પરીવાર, વારસદાર ધરાવે છે પણ કોઈને એમની સંભાળ રાખવામાં રસ નથી. અમારી પાસે ૧૩૦ મા-બાપ સચવાય એટલી જ જગ્યા છે. રોજની પાંચ જણના એડમીશન માટેની પુરપુરછ આવે છે.

અંતમાં આપ સર્વને વિનંતી છે કે જન્મદિવસ, લગ્ન દિવસ અથવા કોઈ તીથી અમારા મારૂ ઘર વૃધ્ધાશ્રમમાં ૧૩૦ મા-બાપ વચ્ચે મનાવવા આવો. ૧૩૦ મા-બાપને થશે કે મારી દિકરા-વહુઓ કે દિકરી જમાઈ અમોને મળવા આવ્યા છે.

મા-બાપના ઘરના દરવાજા હંમેશા ખુલ્લા છે. મળવા માટે કોઈ પરવાનગી કે આમંત્રણ ની જરૂર નથી.

તા.ક. અમારી સંસ્થા પાસે 12A+80G તથા CSR CERTIFICATE છે.

## TRUST

**TRUSTEE - PRITI DOSHI**

**JAYABEN KUMANDAS AMLANI CHARITABLE TRUST (REGD)**

**NANDINI FOUNDATION**

**PRITI CHARITABLE FOUNDATION**

**PRITI DOSHI - 9867266949**

**DR. DILIP AMLANI - 93237255870**



MRS. PRITI DOSHI & DR. DILIP AMLANI



LATE NANDINI AMLANI



27/28, Hari Om Niwas, Dr. Ambedkar Road, Gorai I, Borivali (W), Mumbai - 400 092.

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.



જન્મ
તા. ૧૩.૦૫.૧૯૫૫

અરિહંતશરણ
તા. ૧૭.૦૬.૨૦૨૪

## માતુશ્રી ભારતીબેન સુમતીભાઈ અજમેરા
(જોરાવરનગર)

### જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ...

**હે ઈશ્વર ! તારા ખજાનામાં એવી તે શી ખોટ પડી ?**
**કે તે અમારા ખજાનાને લુંટ્યો ?**

અચાનક લીધી વિદાયે મન હજુ માનતું નથી કે મા! તું અમારી વચ્ચે નથી જીવદયા જેમના જીવનની જીવાદોરી હતી, પરમાર્થ, અહિંસા, દાન-પુણ્ય જેમના જીવનમાં વણાયેલા હતાં, જેમના જીવનમાં તપની તાલાવેલી હતી. એવા તપસ્વી રત્ન, જૈન ધર્મ જેમની હાડ-હાડની મજ્જાએ વણાયેલો હતો. એવા અમારા પુજ્ય માતુશ્રી જોરાવરનગર મુકામે તા. ૧૭.૦૬.૨૦૨૪, સોમવારે ૬૮ વર્ષની ઉંમરે ૮ મા વર્ષીતપના આરાધક, વર્ષીતપમાં અઠ્ઠમ તપની આરાધનામાં દેવ-ગુરૂ-ધર્મને વંદના કરતા કરતા મૃત્યુનો મહોત્સવ કરતાં કરતાં અરિહંતશરણ થયાં છે.

અમારા ધર્મપ્રેમી માતુશ્રીએ નાની ઉંમરમાં માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૧૫ ઉપવાસ, ૧૪ ઉપવાસ, ૧૩ ઉપવાસ, ૧૨ ઉપવાસ, ૧૧ ઉપવાસ -૨, અઠ્ઠાઈ તપ - ૩૨, અઠ્ઠમ તપ - ૧૦૦૦, અઠ્ઠમના પારણે અઠ્ઠમ - ૧૩, પરદેશી રાજાના છઠ્ઠના પારણે છઠ્ઠ - ૧૩,૨૫૦ પચ્ચકખાણ-૨, ૧૦૮ ઉપવાસ (ઘુટક), વર્ધમાન તપનું થડું, વર્ધમાન તપની ઓળી, ૨૪ તિર્થંકર ભગવાનના કલ્યાણક, ઉપવાસે વર્ષીતપ - ૮, આયંબિલ ઓળી - ૮૨, અઢારીયા -૩, પાંત્રીસ-૧, સળંગ આયંબિલ - ૫૧, ૧૨૧ છુટક આયંબીલ, રજોહરણ તપ - ૨, નવનિધાન તપ, ધર્મચક્રતપ (એકાસણા), સિધ્ધિતપ (એકાસણા) જેવા અનેક તપ કરેલ જીવનમાં અનેક પચ્ચક્ખાણ કરેલ જેમના જીવનમાં પારણાના દિવસો ઓછા અને તપના દિવસો વધારે, જેમના જીવનમાં સાધુ-સંતોની વૈયાવચ્ચ વણાયેલ હતી.

જીંદગી ટુંકી હતી છતાં મમતા ઘણી મુકી ગયાં, અંજલી આપતાં શબ્દો ખૂટે છે, પુષ્પાંજલી આપતાં પુષ્પો ખૂટે છે, રડતાં રડતાં અશ્રુઓ ખૂટે છે. શ્રદ્ધાંજલી અર્પવા ઉપાડી કલમ, આંસુઓથી ભીંજાઈ ગયા કાગળ

**અમારા પુજ્ય માતુશ્રીનો દિવ્ય આત્મા અષ્ટકર્મો ખપાવી પરમ પદને પ્રાપ્ત કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના**

### શોકાતુર સ્વજનો

**પુત્ર - પુત્રવધુ**
પિયુષભાઈ - જુલીબેન - જાનવી (પૌત્રી), પ્રિન્સ (પૌત્ર) (સુરેન્દ્રનગર)
પાર્થભાઈ - ભાવિકાબેન (પીન્કી) - રોનક (પૌત્ર) (અમદાવાદ)

**દિકરી - જમાઈ**
દિપ્તિબેન - શૈલષભાઈ (વિરાર-મુંબઈ)
નિધિ (દોહિત્રી), વિરાજ (દોહિત્ર)

સાસરી પક્ષ : સ્વ. જીવણલાલ છગનલાલ અજમેરા પરિવાર (માલિકા - હાલ - સુરેન્દ્રનગર)
પિયર પક્ષ : સ્વ. રમણીકલાલ ચિમનલાલ તલસાણીયા પરિવાર (મોટા ટીંબલા - હાલ - મુંબઈ)
મોસાળ પક્ષ : સ્વ. હરીલાલ મુળચંદ ડગલી પરિવાર (ગોદાવરી હાલ - જોરાવરનગર એન્ડ મુંબઈ)

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi